ગુજરાતનું વિશ્વસનિય દૈનિક

# પાક્કો ગુજરાત

RNI NO. : GUJGUJ/2016/67425


27 MARCH, 2026 FRIDAY

પેજ 2

પ્લોટ પચાવી પાડનાર સાસરિયાઓ સામે યુવતીએ વેજલપુરમાં નોંધાવી ફરિયાદ

પેજ 3

કલોલ-છત્રાલ હાઈવે પર ગમખ્વાર અકસ્માત

પેજ 7

સોનાના વાયદામાં રૂ.3175 અને ચાંદીના વાયદામાં રૂ.14090નો કડાકો

પેજ 5

પોલીસ સત્તાના દુરુપયોગની 324 ઘટના, અમદાવાદમાં સૌથી વધુ

I Pakkogujarat/ I VOL : 12 I Issue : 11 I Page : 8 I Price : 1.00/- Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN •MO : 9662420070 •E-Mail : pakkogujarat7@gmail.com

પાકિસ્તાની ધ્વજવાળા જહાજો હોર્મુઝના રસ્તે મોકલ્યા, તેમને અમારો વિશ્વાસ જીતવો હતો

# ઈરાને અમને 10 તેલ ટેન્કર ભેટ આપ્યા : ટ્રમ્પ

### ઈરાને હોર્મુઝ સ્ટ્રેટ બાદ હવે બાબ અલ-મંદેબ પર હુમલાની ધમકી આપી છે. ઈરાને કહ્યું કે તે ખાર્ગ આઇલેન્ડ પર હુમલો સહન કરશે નહી. જો તેના ટાપુઓ પર હુમલો થાય છે, તો તે બાબ અલ-મંદેબ સ્ટ્રેટને બંધ કરી શકે છે

• અમેરિકા

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો છે કે ઈરાને તેમને ભેટ આપી હતી. તેમણે કહ્યું કે ઈરાને વિશ્વાસ દર્શાવવા માટે આઠ મોટા ઓઈલ ટેન્કરો પસાર થવા દીધા અને બાદમાં બે વધુ મોકલ્યા.વ્હાઈટ હાઉસ ખાતે મળેલી કેબિનેટ બેઠકમાં, ટ્રમ્પે જણાવ્યું હતું કે ઈરાને પોતે જ વાટાઘાટો પ્રત્યે ગંભીરતા દર્શાવવા માટે આઠ મોટા ઓઈલ ટેન્કરો પસાર થવાની મંજૂરી આપવાની ઓફર કરી હતી.


ટ્રમ્પના મતે, આ ટેન્કરો પર પાકિસ્તાની ધ્વજ લહેરાયા હતા અને તેમને હોર્મુઝ સ્ટ્રેટમાંથી સુરક્ષિત રીતે પસાર થવા દેવામાં આવ્યા હતા. તેમણે દાવો કર્યો હતો કે ઈરાને પાછળથી માફી માંગી અને વધુ બે ટેન્કરો મોકલ્યા.

આ સમય દરમિયાન, ટ્રમ્પે મજાકમાં તેમના ખાસ દૂત સ્ટીવ વિટકોફને કહ્યું કે તેમને આશા છે કે આ ખુલાસો વાટાઘાટોને અસર કરશે નહીં. તેમના મતે, આ પગલાથી અમેરિકાને ખાતરી મળી કે વાટાઘાટો યોગ્ય દિશામાં આગળ વધી રહી છે.

ઈરાને હોર્મુઝ સ્ટ્રેટ બાદ હવે બાબ અલ-મંદેબ પર હુમલાની ધમકી આપી છે. ઈરાને કહ્યું કે તે ખાર્ગ આઈલેન્ડ પર હુમલો સહન કરશે નહીં. જો તેના ટાપુઓ પર હુમલો થાય છે, તો તે બાબ અલ-મંદેબ સ્ટ્રેટને બંધ કરી શકે છે.

બાબ અલ-મંદેબ યમનની દક્ષિણ-પશ્ચિમમાં આવેલું છે, જ્યાં ઈરાન સમર્થિત હૂતી બળવાખોરો હાજર છે. અહીંથી પસાર થઈને જહાજો સુએઝ નહેર તરફ જાય છે.વિશ્વના દરિયાઈ ઓઈલનો લગભગ 10% હિસ્સો બાબ અલ-મંદેબમાંથી પસાર થાય છે, જે લાલ સમુદ્ર અને અદનના અખાતને જોડે છે. આ વિશ્વનો ચોથો સૌથી મોટો શિપિંગ રૂટ છે.

ખાસ વાત એ છે કે આફ્રિકી દેશ જિબૂતીમાં આવેલું અમેરિકી મિલિટરી બેઝ આ સ્ટ્રેટથી માત્ર 30 કિમી દૂર છે. જો બાબ અલ-મંદેબમાં પણ અવરોધ આવે છે, તો મિડલ ઈસ્ટમાં ચાલી રહેલો સંઘર્ષ વધુ વધી શકે છે.અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો કે તેમને ઈરાનના સુપ્રીમ લીડર બનવાનો પ્રસ્તાવ મળ્યો હતો. પરંતુ તેમણે આ પ્રસ્તાવને ફગાવી દીધો. રિપબ્લિકન ફંડરેઝરમાં બોલતા ટ્રમ્પે કહ્યું-ઈતિહાસમાં ક્યારેય કોઈ રાષ્ટ્રપ્રમુખ એવા રહ્યા નહી હોય જેમને ઈરાનના નેતા બનવામાં આટલી ઓછી રુચિ હોય. તેમણે કહ્યું, 'અમે તમને આગામી સુપ્રીમ લીડર બનાવવા માંગીએ છીએ.' પણ મેં કહ્યું, 'થેન્ક્યૂ, હું તેવું નથી ઈચ્છતો.ટ્રમ્પે ફરીથી અમેરિકાની જીતનો દાવો કર્યો. તેમણે કહ્યું કે પડદા પાછળ ઈરાન સાથે વાટાઘાટો ચાલી રહી છે અને ઈરાની સરકાર યુદ્ધવિરામ ઈચ્છે છે પરંતુ દબાણના ડરથી તે ખુલ્લેઆમ કહી શકતી નથી.



જોકે, ઈરાને આ તમામ દાવાઓને સંપૂર્ણપણે ફગાવી દીધા છે અને કહ્યું છે કે કોઈ વાતચીત થઈ રહી નથી. અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન યુદ્ધ સંબંધિત અપડેટ્સ માટે નીચે બ્લોગ જુઓ ઈરાકના પશ્ચિમી અંબર પ્રાંતના અલ-કાઈમ કસ્બામાં પોપ્યુલર મોબિલાઈઝેશન ફોર્સીસ (PMF) ના એક સૈન્ય મથક પર એરસ્ટ્રાઈક કરવામાં આવી છે. આ હુમલો એવા સમયે થયો છે, જ્યારે વિસ્તારમાં અમેરિકા-ઈઝરાયેલ અને ઈરાન સાથે જોડાયેલા જૂથો વચ્ચે તણાવ સતત વધી રહ્યો છે.

સાઉદી અરેબિયાના રક્ષા મંત્રાલયે જણાવ્યું કે દેશના પૂર્વી પ્રાંતમાં એર ડિફેન્સ સિસ્ટમે છેલ્લા એક કલાકની અંદર બે ડ્રોનને આંતરીને (ઈન્ટરસેપ્ટ કરી) નષ્ટ કરી દીધા છે.મંત્રાલયના જણાવ્યા મુજબ, બંને ડ્રોનને હવામાં જ તોડી પાડવામાં આવ્યા છે અને કોઈ પણ પ્રકારના નુકસાનના સમાચાર નથી.ઈરાનના શિરાજ શહેરમાં ત્રણ વિસ્ફોટોના અવાજ સંભળાયા છે. સરકારી મીડિયા રિપોર્ટ્સ મુજબ, આ વિસ્ફોટો તાજેતરના હુમલાઓ વચ્ચે થયા છે. આ પહેલાં રાજધાની તેહરાનના ઉત્તરી ભાગોમાં લડાકૂ વિમાનોના અવાજ સંભળાયા હતા, જેના થોડા સમય બાદ શહેરમાં જોરદાર વિસ્ફોટો થયા.રિપોર્ટ્સ અનુસાર, આ વિસ્ફોટો રાત્રિના સમયે વરસાદની વચ્ચે થયા, જોકે હજુ એ સ્પષ્ટ નથી કે કયા સ્થળોને નિશાન બનાવવામાં આવ્યા છે.




# નારોલ-વટવા પોલીસ સ્ટેશન કે 'વહીવટદાર' ની પ્રાઈવેટ લિમિટેડ કંપની?

## ગુનાખોરીનું જીવંત લોકેશન: ક્યાં ચાલે છે મોતના સોદાગરો?

• [અમદાવાદ, પવન માકન - પાક્કો ગુજરાત]

અમદાવાદ શહેરના દક્ષિણ ઝોનમાં આવેલા નારોલ અને વટવા પોલીસ સ્ટેશન વિસ્તારમાં કાયદાનું શાસન છે કે અસામાજિક તત્વોનું? આ પ્રશ્ન આજે દરેક નાગરિકના મનમાં ઉઠી રહ્યો છે. સૂત્રોના અત્યંત ચોંકાવનારા ખુલાસા મુજબ, આ બંને પોલીસ સ્ટેશન વિસ્તારમાં નવા PI ના આગમન સાથે જ ગુનાખોરીના 'અચ્છે દિન' આવી ગયા છે.

વિરેન્દ્ર: મીડિયાનો મહોરો અને ભ્રષ્ટાચારનો 'વહીવટદાર'

કહેવાય છે કે લોકશાહીની ચોથી જાગીર એટલે મીડિયા, પણ નારોલ-વટવામાં મીડિયાના નામે કલંક સમાન વિરેન્દ્ર નામનો શખ્સ આખા પોલીસ તંત્રને નચાવી રહ્યો છે.

* ટેન્ડર પ્રથા: ચર્ચાઓ મુજબ, આ વિસ્તારમાં PI ની નિમણૂક પણ આ વહીવટદારના ઈશારે 'ટેન્ડર' ભરીને કરવામાં આવી છે.

* 15 લાખનો હપ્તો: સૂત્રો કહે છે કે દર મહિને પોલીસ સ્ટેશન દીઠ અંદાજે 15-15 લાખ રૂપિયા જેવી માતબર રકમ ઉઘરાવીને વહીવટ કરવામાં આવે છે. શું આ પૈસાના જોરે જ PI ગઢવી અને તેમની ટીમ 'મૂકબધિર' બનીને તમાશો જોઈ રહી છે?

### MD ડ્રગ્સ અને યુવાધનનું નિકંદન

માત્ર દારૂ જ નહીં, પણ આ વિસ્તારોમાં હવે જીવલેણ MD ડ્રગ્સનું વેચાણ પણ આસમાને પહોંચ્યું છે. વહીવટદાર વિરેન્દ્રના રક્ષણ હેઠળ પેડલરો બેફામ બન્યા છે. શું પોલીસ કમિશનર કે ક્રાઈમ બ્રાન્ચને આ દેખાતું નથી? કે પછી 'ઉપર' સુધી હપ્તા પહોંચી રહ્યા છે એટલે બધાએ આંખ આડા કાન કર્યા છે?

લઠ્ઠાકાંડનો ખતરો: જવાબદાર કોણ?

ગુજરાતમાં ભૂતકાળમાં થયેલા લઠ્ઠાકાંડો સાક્ષી છે કે જ્યારે જ્યારે પોલીસ અને બુટલેગરો વચ્ચે 'વહીવટ' પાકો થાય છે, ત્યારે ગરીબોના ઘરના ચિરાગ ઓલવાય છે.

» સવાલ એ છે કે: જો નારોલમાં લઠ્ઠાકાંડ થયો, તો શું પીસીબી (PCB), ડીસીપી (DCP) કે એસીપી (ACP) ક્રાઈમ બ્રાન્ચ પોતાની નૈતિક જવાબદારી સ્વીકારશે? કે પછી નાના કર્મચારીઓને સસ્પેન્ડ કરીને સંતોષ માની લેવાશે?

### નિષ્કર્ષ: મર્દ ઓફિસરની રાહ જોતું અમદાવાદ

શું અમદાવાદ શહેરના જાંબાઝ પોલીસ કમિશનર આ 'વહીવટદારોની ચોકડી' ને તોડી શકશે? શું ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી આ ભ્રષ્ટ સામ્રાજ્ય પર બુલડોઝર ફેરવશે? મીડિયાના નામે કલંકિત બનેલા વિરેન્દ્ર અને PI ગઢવીની આ જુગલબંધી સામે કોઈ મર્દ પોલીસ અધિકારી અવાજ ઉઠાવશે કે પછી આ પૈસાના પ્રવાહમાં આખું તંત્ર વહી જશે?

### પોલીસ સ્ટેશનથી હાકે તેટલા અંતરે ચાલતા આ અડ્ડાઓ પોલીસની નિષ્ફળતાની ચાડી ખાય છે:

| અડ્ડાનું નામ | સ્થળ લોકેશન | કેફી દ્રવ્ય |
|---|---|---|
| ઝુબેર | કર્ણાવતી પોલીસ ચોકીની બિલકુલ પાછળ | વિદેશી દારૂ |
| આઈશા | આઝાદ પાર્ક વિસ્તાર | વિદેશી દારૂ |
| ધમો | તલાવડી પાસે, નારોલ | વિદેશી દારૂ |
| શુશીલા & ટકું | નારોલ ગામ, તલાવડી પાસે | દેશી દારૂની ભઠ્ઠીઓ |
| પૂજા | બિનસમ હોટલ પાસે | દેશી દારૂ |
| નીતા | ભારત નગર (નારોલ પોલીસ સ્ટેશનની પાછળ!) | દેશી દારૂ / અડ્ડો |

# ઈરાન યુદ્ધ મામલે કાલે PM મોદીની તમામ મુખ્યમંત્રીઓ સાથે બેઠક

• નવી દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતીકાલે એટલે કે 27 માર્ચે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા તમામ મુખ્યમંત્રીઓ સાથે વાત કરશે. તેમાં ઈરાન યુદ્ધને કારણે સર્જાયેલી પરિસ્થિતિઓ પર ચર્ચા થઈ શકે છે. પશ્ચિમ બંગાળ અને તમિલનાડુ સહિત 5 ચૂંટણી રાજ્યોના મુખ્યમંત્રીઓ બેઠકમાં હાજરી આપશે નહીં. મોદીએ 24 માર્ચે રાજ્યસભામાં કહ્યું હતું કે જો અમેરિકા-ઈઝરાયલનું ઈરાન સાથેનું યુદ્ધ ચાલુ રહેશે તો તેના દુષ્પરિણામો આવશે. આવનારો સમય કોરોના મહામારીની જેમ દેશની પરીક્ષા લેશે. કેન્દ્ર અને રાજ્ય સરકારોએ સાથે મળીને કામ કરવું પડશે. બીજી તરફ, સરકારે દેશમાં પેટ્રોલ, ડીઝલ અને એલપીજી (રાંધણ ગેસ)ની અછતની અફવાઓને સંપૂર્ણપણે નકારી કાઢી છે. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે નોટિફિકેશન બહાર પાડીને કહ્યું કે દુનિયામાં ગમે તે થાય, ભારત પાસે 60 દિવસનો ક્રૂડ ઓઈલ અને ઓઈલ રિઝર્વ છે. સરકારે સોશિયલ મીડિયા પર ચાલી રહેલી અછતની અફવાઓને 'ભ્રામક અને ઈરાદાપૂર્વક ફેલાવવામાં આવેલો પ્રચાર' ગણાવ્યો, જેનો હેતુ બજારમાં 'પેનિક બાઈંગ' શરૂ કરાવવાનો છે.વિદેશ મંત્રી એસ. જયશંકરે બુધવારે સંસદમાં યોજાયેલી સર્વપક્ષીય બેઠકમાં કહ્યું કે ભારત પાકિસ્તાન જેવો દલાલ દેશ નથી અને અમે કોઈના માટે પણ મધ્યસ્થી કરતા નથી. ન્યૂઝ એજન્સી PTI અનુસાર, તેમણે આ જવાબ કોંગ્રેસ નેતા તારિક અનવરના નિવેદન પર આપ્યો હતો. બેઠકમાં તારિક અનવરે કહ્યું હતું કે પાકિસ્તાન મધ્યસ્થીની ભૂમિકા ભજવી રહ્યું છે, જ્યારે ભારત મૂકપ્રેક્ષક બની રહ્યું છે.

મેટ્ટે ફ્રેડ્રિક્સન બાળકોને સાયકલ પર સ્કૂલે મૂકવા જતા હતા

# ડેનમાર્કના વડાપ્રધાને હાર બાદ રાજીનામું આપ્યું પર્યાવરણની ચિંતાને કારણે મેકઅપ છોડી દીધો હતો

• કોપનહેગન

ડેનમાર્કનાં વડાપ્રધાન મેટે ફ્રેડરિક્સન (48) એ સામાન્ય ચૂંટણીમાં હાર બાદ રાજીનામું આપી દીધું છે. બુધવારે મતગણતરીમાં તેમની સોશિયલ ડેમોક્રેટિક પાર્ટીને માત્ર 38 બેઠકો મળી. જોકે, હજુ ત્યાં કોઈ પણ પક્ષને બહુમતી મળી નથી. મેટે જૂન 2019થી ડેનમાર્કનાં વડાપ્રધાન હતાં અને 2022માં ફરી સત્તામાં પાછા ફર્યા હતાં.તેઓ 41 વર્ષની ઉંમરે પદ સંભાળનાર દેશના સૌથી યુવા વડાપ્રધાન બન્યા હતાં. અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પ સાથે ગ્રીનલેન્ડના મુદ્દે સ્પષ્ટવક્તાથી લઈને સાદગી સુધીના તેમના ઘણા કિસ્સાઓ છે.ડેનમાર્કનાં વડાપ્રધાન મેટે ફ્રેડરિક્સને સામાન્ય ચૂંટણીમાં હાર બાદ રાજીનામું આપી દીધું છે.મેટે બાળપણથી જ શાંત રહ્યા હતા. બોલવામાં અચકાવાને કારણે શાળામાં બાળકો તેમની મજાક ઉડાવતા હતા. તેમને લાંબા સમય સુધી સ્પીચ થેરાપી લેવી પડી હતી. તેઓ 90ના દાયકામાં પર્યાવરણ અને પશુ અધિકારોને લઈને ખૂબ જ આક્રમક રહ્યા હતા. કોસ્મેટિક કંપનીઓ દ્વારા પ્રાણીઓ પરના પરીક્ષણના વિરોધમાં તેમણે મેકઅપ પ્રોડક્ટ્સનો ઉપયોગ કરવાનું જ છોડી દીધું હતું. તેમનું માનવું હતું કે પ્રાણીઓને પીડા આપીને સુંદરતા મેળવવી ખોટું છે. આ જ સમયગાળામાં તેમણે 'જેન્સ' નામની એક વ્હેલને પ્રતીકાત્મક રીતે દત્તક લીધી અને પોતાના પોકેટ મનીમાંથી દરિયાઈ સંરક્ષણ સંસ્થાને રકમ આપીને તેની સુરક્ષા, ટ્રેકિંગ અને કુદરતી નિવાસસ્થાન બચાવવામાં સહયોગ કર્યો. 2012માં રોજગાર મંત્રી તરીકે મેટે સાદા કપડાં અને જૂતામાં બાળકોને સાયકલ પર સ્કૂલે મુકવા જતા હતા. ત્યારે જનતામાં તેમની સાદગીની ખૂબ ચર્ચાઓ થતી હતી.મેટે તેમના સ્પષ્ટ જવાબો માટે જાણીતા છે. જાન્યુઆરી 2026માં ટ્રમ્પે ગ્રીનલેન્ડ પર કબજો કરવાની જીદ પકડી લીધી. જવાબમાં ઝૂકવાને બદલે, મેટે ગ્રીનલેન્ડની સુરક્ષા માટે ડેનિશ કમાન્ડો અને સૈનિકો તહેનાત કર્યા. તેમણે સ્પષ્ટપણે કહ્યું, 'ડેનમાર્ક વેચાઉ નથી. જો અમેરિકા નાટો સહયોગી પર હુમલો કરશે, તો બધું સમાપ્ત થઈ જશે.' ટ્રમ્પની ધમકીએ ઉલટાનું મેટેની લોકપ્રિયતા વધારી. મહિલાઓની ઓળખ અને આત્મવિશ્વાસ પર મેટે કહે છે કે, જો છોકરીઓ પોતાને ઓછી આંકવાનું છોડી દે અને આત્મવિશ્વાસ સાથે ઊભી રહે, તો તેઓ દુનિયામાં કંઈ પણ મેળવી શકે છે.15 વર્ષની ઉંમરે શરણાર્થીને બચાવવામાં નાકનું હાડકું તૂટી ગયું હતું.

પાંચ દિવસના સીઝફાયર પછી ફરી યુદ્ધ શરૂ

# અફઘાનિસ્તાન-પાકિસ્તાનના એક બીજા પર હુમલા, 3 લોકોના મોત

• કાબુલ / ઈસ્લામાબાદ

અફઘાનિસ્તાન અને પાકિસ્તાનની સરહદ પર બુધવારે ફરીથી લડાઈ શરૂ થઈ ગઈ. અફઘાન તાલિબાન અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ હુમલામાં ઓછામાં ઓછા બે સામાન્ય નાગરિકોના મોત થયા છે અને 8 લોકો ઘાયલ થયા છે. જ્યારે પાકિસ્તાનમાં પણ એક નાગરિકના મોત થયાના સમાચાર છે. અફઘાનિસ્તાન અને પાકિસ્તાને મળીને ઈદને લઈને 5 દિવસનો અસ્થાયી યુદ્ધવિરામ જાહેર કર્યો હતો. 25 માર્ચે યુદ્ધવિરામ સમાપ્ત થયા પછી બંને દેશોમાં ફરીથી અથડામણ શરૂ થઈ ગઈ છે.

ન્યૂઝ એજન્સી AP અનુસાર એક અફઘાન અધિકારીએ જણાવ્યું કે યુદ્ધવિરામ સમાપ્ત થતા જ પાકિસ્તાની સેનાએ નરઈ અને સરકાનો વિસ્તારોમાં ડઝનબંધ તોપના ગોળા છોડ્યા. તેમણે કહ્યું કે જવાબમાં અફઘાન સરહદી દળોએ પણ ગોળીબાર કર્યો અને ત્રણ પાકિસ્તાની સૈન્ય ચોકીઓને નષ્ટ કરી દીધી, સાથે જ 1 વ્યક્તિને ઠાર માર્યો. અફઘાનિસ્તાન અને પાકિસ્તાન વચ્ચે 17 માર્ચે હિંસક અથડામણ થઈ હતી. આ પછી પાકિસ્તાની એરફોર્સે કાબુલના ઘણા વિસ્તારોમાં મિસાઈલ હુમલા કર્યા હતા. આ હિંસા તે કરારના લગભગ એક અઠવાડિયા પછી થઈ છે, જેમાં બંને દેશોએ લડાઈ રોકવા પર સહમતિ દર્શાવી હતી. આ કરાર સાઉદી અરેબિયા, તુર્કીયે અને કતારના કહેવા પર થયો હતો. આ પહેલા પાકિસ્તાને 17 માર્ચની રાત્રે અફઘાનિસ્તાનમાં હવાઈ હુમલા કર્યા હતા. અફઘાન તાલિબાન સરકારનો દાવો છે કે આ હુમલાઓમાં કાબુલની એક નશા મુક્તિ હોસ્પિટલને નિશાન બનાવવામાં આવી હતી.

# બાંગ્લાદેશમાં બસ નદીમાં ખાબકી, 26નાં મોત:6 લોકોનો જીવ બચાવાયો

## બસને મોટી બોટ પર ચઢાવતી વખતે ડ્રાઇવરે કાબૂ ગુમાવ્યો

• બાંગ્લાદેશ

બાંગ્લાદેશના રાજબાડી જિલ્લામાં થયેલા બસ અકસ્માતમાં મૃત્યુઆંક વધીને 26 થયો છે. આ અકસ્માત ત્યારે થયો જ્યારે મુસાફરોથી ભરેલી બસ દૌલતદિયા ઘાટ પર ફેરી (મોટી બોટ)માં ચડતી વખતે પદ્મા નદીમાં પડી ગઈ. ફાયર સર્વિસ અનુસાર, બસની અંદરથી 23 મૃતદેહો બહાર કાઢવામાં આવ્યા હતા, જેમાં 11 મહિલાઓ, 7 પુરુષો અને 5 બાળકોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત 8 લોકોને જીવતા બચાવવામાં આવ્યા હતા, પરંતુ તેમાંથી 3 લોકોનું બાદમાં હોસ્પિટલમાં મૃત્યુ થયું હતું. કેટલાક લોકોની શોધખોળ ચાલુ છે.બસમાં લગભગ 40 લોકો સવાર હતા. અકસ્માત બુધવારે સાંજે થયો હતો. ત્યારે માત્ર 2 લોકોના મોતની ખબર આવી હતી. બાંગ્લાદેશમાં બસો અને ગાડીઓને નદી પાર કરાવવા માટે ફેરીનો ઉપયોગ થાય છે. આ એક મોટી બોટ અથવા જહાજ જેવું હોય છે. વડાપ્રધાન તારિક રહેમાને બચાવ કામગીરીની જાણકારી લીધી અને તપાસના આદેશ આપ્યા. બચાવ ટીમે 'હમઝા' નામના જહાજની મદદથી લગભગ 6 કલાકની જહેમત બાદ મધ્યરાત્રિએ બસને બહાર કાઢી. તેમાંથી 21 મૃતદેહો મળ્યા, જ્યારે ડાઈવર્સે અગાઉથી જ બે મહિલાઓના મૃતદેહો શોધી કાઢ્યા હતા. ફાયર સર્વિસ અને કોસ્ટગાર્ડના ડાઈવર્સ સેના અને પોલીસની મદદથી ગુમ થયેલા લોકોની શોધખોળમાં લાગેલા છે.અધિકારીઓએ જણાવ્યું કે બસ ઢાકા જઈ રહી હતી. તેમાં સવાર ઘણા મુસાફરો ઈદની રજાઓ પૂરી કરીને રાજધાની પરત ફરી રહ્યા હતા, જેમાં બાળકો પણ સામેલ હતા. પ્રત્યક્ષદર્શીઓ અનુસાર, બસમાં સવાર ઘણા લોકો એક જ પરિવારના હતા. કેટલાક લોકો બહાર ઊભા હોવાને કારણે બચી ગયા, જ્યારે તેમના પરિવારજનો બસની અંદર ફસાયેલા રહી ગયા.

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો: 9662420070

# ખેડૂતો માટે આગોતરી ચેતવણી! 29 અને 30 માર્ચે ગુજરાતમાં ફરી કમોસમી કમઠાણ, યલો એલર્ટ જાહેર

## બે અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશન સિસ્ટમ સક્રિય

• અમદાવાદ

કુદરતે શું ધારી છે! ભર ઉનાળે ફરી માવઠાની આગાહી! અમદાવાદ સહિત સમગ્ર રાજ્યમાં અત્યારે કાળઝાળ ગરમીનો પ્રકોપ જોવા મળી રહ્યો છે, ત્યારે હવામાન વિભાગે ધમધોખતા તાપમાં માવઠાની આગાહી કરી છે. આગામી 29 અને 30 માર્ચ દરમિયાન રાજ્યના વાતાવરણમાં મોટો પલટો આવશે. મહત્વનું છે કે રાજ્યમાં ગત 19 અને 20 માર્ચે આંધી વંટોળ સાથે વરસાદે ઘણા તાલુકાઓમાં કહેર વરસાવ્યો હતો, જેમાં ખેડૂતોના તૈયાર પાકને મોટું નુકસાન થયું હતું.

હવામાન ખાતાની આગાહી મુજબ ખાસ કરીને કચ્છ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, દાહોદ અને મહીસાગર જિલ્લાઓમાં ગાજવીજ સાથે કમોસમી વરસાદ પડી શકે છે. આ બે દિવસ માટે 'યલો એલર્ટ' જાહેર કરવામાં આવ્યું છે, જેમાં 30થી 40 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની પણ શક્યતા છે.

હાલમાં બે અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશન સિસ્ટમ સક્રિય થઈ છે, જેની સાથે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ પણ ગુજરાતના વાતાવરણ પર અસર કરશે. આ સિસ્ટમના કારણે જ માર્ચના અંતમાં કમોસમી વરસાદી માહોલ સર્જાશે. જો કે, રાહતની વાત એ છે કે આગામી 7 દિવસ સુધી તાપમાનમાં કોઈ મોટો ફેરફાર જોવા નહીં મળે. પવનની દિશા ઉત્તર-પશ્ચિમથી ઉત્તર તરફની રહેશે, જેના કારણે દરિયાકાંઠાના વિસ્તારોમાં પણ હલચલ જોવા મળશે.

દરિયામાં સર્જાનારી આ સ્થિતિને ધ્યાનમાં રાખીને હવામાન વિભાગે માછીમારો માટે ચેતવણી જાહેર કરી છે, આગાહી દરમિયાન દરિયો ન ખેડવા સૂચના આપી છે. ગરમીની વાત કરીએ તો, હાલમાં સૌથી વધુ તાપમાન અમરેલીમાં 38.5 ડિગ્રી નોંધાયું છે, જ્યારે રાજકોટમાં 30 ડિગ્રી, અમદાવાદમાં 37 ડિગ્રી અને ગાંધીનગરમાં 36.5 ડિગ્રી તાપમાન રહ્યું છે. બીજી તરફ, કંડલામાં લઘુતમ તાપમાન 18.6 ડિગ્રી નોંધાતા રાત્રિના સમયે સામાન્ય ઠંડક અનુભવાઈ રહી છે.

# 'સૌરાષ્ટ્રમાં દર મહિને 10 દીકરી બને છે લવ જેહાદનો શિકાર'

• રાજકોટ

આજે રામનવમીના દિવસે રાજકોટમાં રાધેશ્યામ ગૌશાળા અને વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા 'જાત પાત કી કરો વિદાઈ, હિન્દુ-હિન્દુ ભાઈ ભાઈ' સ્લોગન સાથે ભવ્ય રામ જન્મોત્સવ રથયાત્રા નાણાવટી ચોક ખાતેથી પ્રસ્થાન થઈ હતી. જે પૂર્વે અહીં હિન્દુ સમાજના આગેવાનો, સાધુ-સંતો અને પોલીસની ઉપસ્થિતિમાં ધર્મસભા યોજાઈ હતી. જે દરમિયાન હિન્દુ સંગઠન દ્વારા જાહેર કરાયું કે, સૌરાષ્ટ્રમાં દર મહિને 10 દીકરી લવ જેહાદનો શિકાર બને છે, એના માટે સરકાર કાયદાઓ પણ કરી રહી છે. આમ છતાં પણ રાજકોટ શહેર અને જિલ્લામાં કોઈ પણ હિન્દુ દીકરીઓને તકલીફ હોય તો તેઓ માટે હેલ્પલાઈન નંબર જાહેર કરવામાં આવ્યા છે.9099095525 નંબર પર ફોન કરી હિન્દુ દીકરીઓ મદદ મેળવી શકે છે. રથયાત્રા દરમિયાન નાના બાળકોએ શિવજીની માફક ડમરું વગાડ્યું હતું તો અયોધ્યામાં સ્થિત રામ મંદિરની પ્રતિકૃતિ સાથેનો મુખ્ય રથ જોવા મળ્યો હતો. આ ઉપરાંત શિવજી, શ્રીકૃષ્ણ, હનુમાનજી, ગણેશજી અને માતાજીની પ્રતિકૃતિ સાથેના ફ્લોટ્સ જોવા મળ્યા હતા. આ રથયાત્રામાં 2000 જેટલા લોકો જોડાયા હતા.

**ખળભળાટ** નકલી નોટોના ગુના બાદ હવે ચારિત્ર્યના ચિંથરા ખુલ્યા

# યોગાભ્યાસ કે યૌન શોષણ? પ્રદીપ ગુરુના ૧૫૦૦ અશ્લીલ સ્ક્રીનશોટે આધ્યાત્મિક જગતમાં મચાવ્યો ખળભળાટ

## 'લિપ્સ' અને 'રેડ રોઝ' ના કોડવર્ડથી થતો ગંદો ખેલ, પૂર્વ સાધકોએ પુરાવા સાથે હિંમત બતાવી




• અમદાવાદ/ગાંધીનગર

ધર્મના ઓઠા હેઠળ અધર્મ આચરનારા પાખંડીઓનો અંત હંમેશા વિસ્ફોટક હોય છે. નકલી ચલણી નોટો છાપવાના રેકેટમાં ઝડપાયેલા પ્રદીપ ગુરુના કિસ્સામાં પણ આવું જ કંઈક બની રહ્યું છે. જેલના સળિયા પાછળ ગયા બાદ હવે પ્રદીપના અંગત જીવનના એવા પાસાઓ બહાર આવ્યા છે જે સાંભળીને કોઈ પણ સભ્ય સમાજનું માથું શરમથી ઝૂકી જાય. પૂર્વ સાધકોએ આક્ષેપ કર્યો છે કે પ્રદીપ ગુરુ યોગ અને સાધનાના નામે યુવતીઓનું માનસિક અને શારીરિક શોષણ કરતો હતો.

**મધરાતે ચાલતું 'ડિજિટલ' પાપ**

સાધકો દ્વારા રજૂ કરવામાં આવેલા ૧૫૦૦ જેટલા સ્ક્રીનશોટ પ્રદીપની બેવડી જિંદગીનો પુરાવો આપે છે. દિવસે શિષ્યોને સંયમ અને સદાચારના પાઠ ભણાવતો આ શખ્સ મધરાતે ૨ થી ૩ વાગ્યાના ગાળામાં યુવતીઓ સાથે વોટ્સએપ પર બિભત્સ ચેટ કરતો હતો. ચેટમાં તે 'લિપ્સ' (હોઠ), 'લાલ ગુલાબ' જેવા ઈમોજી અને 'લવ યુ' જેવા શબ્દોનો ઉપયોગ કરીને યુવતીઓને ભોળવતો હતો. આશ્ચર્યની વાત એ છે કે, તે એકસાથે ૫-૫ યુવતીઓ સાથે આવી અશ્લીલ વાતોમાં મશગૂલ રહેતો હોવાનું સામે આવ્યું છે.

**પીડિતોની કેફિયત: "પૈસા પડાવ્યા અને ધમકી આપી"**

એક પૂર્વ સાધકે (નામ જાહેર ન કરવાની શરતે) જણાવ્યું કે, "પ્રદીપ માત્ર ચારિત્ર્યહીન જ નથી, પણ અત્યંત લાલચુ પણ છે. તેણે અનેક લોકો પાસેથી આધ્યાત્મિક કાર્યોના નામે લાખો રૂપિયા પડાવ્યા છે. જ્યારે મેં મારા પૈસા પાછા માંગ્યા અને તેની કરતૂતો વિશે વાત કરી, ત્યારે તેણે અત્યંત નફફટાઈથી કહ્યું હતું કે, 'તમારાથી થાય તે કરી લો, મારું કોઈ કંઈ બગાડી નહીં શકે.' તે પોતાની વગ અને પૈસાના જોરે લોકોને દબાવવામાં માનતો હતો."

**સંભવિત કાનૂની કાર્યવાહી**

કાયદાકીય નિષ્ણાતોના મતે, જો આ ૧૫૦૦ સ્ક્રીનશોટની સત્યતા સાબિત થાય, તો પ્રદીપ ગુરુ સામે નીચે મુજબની કલમો હેઠળ ગુનો નોંધી શકાય છે:

* છેતરપિંડી (Cheating): શ્રદ્ધાના નામે પૈસા પડાવવા બદલ.
* આઈટી એક્ટ (IT Act): અશ્લીલ મેસેજ અને ડિજિટલ માધ્યમથી પજવણી કરવા બદલ.
* બ્લેકમેલિંગ અને ધમકી: પીડિતોને ડરાવવા અને પૈસા પડાવવા બદલ.

**સમાજ માટે લાલબત્તી**

આ કિસ્સો સાબિત કરે છે કે અંધશ્રદ્ધા કઈ રીતે માણસને બરબાદ કરી શકે છે. જે વ્યક્તિને લોકો 'ગુરુ' માનીને પૂજતા હતા, તે ખરેખર એક નકલી નોટોનો સોદાગર અને ચારિત્ર્યહીન નીકળ્યો છે. હવે જોવાનું એ રહેશે કે પોલીસ આ નવા પુરાવાઓના આધારે તપાસનો વ્યાપ કેટલો વધારે છે.

**રિપોર્ટના મુખ્ય મુદ્દાઓ:**

* સીરીયલ ચેટર: એકસાથે ૫ યુવતીઓ સાથે રાત્રે ૨ વાગ્યે અશ્લીલ સંવાદ.
* પુરાવાઓનો અંબાર: ૧૫૦૦ સ્ક્રીનશોટ તપાસ એજન્સીઓ સમક્ષ રજૂ કરવાની તૈયારી.
* આર્થિક શોષણ: સાધકો પાસેથી મોટી રકમ પડાવ્યા બાદ ધાક-ધમકી.
* પાખંડનો અંત: નકલી નોટો બાદ હવે સેક્સ સ્કેન્ડલની આશંકા.

પ્લોટ હડપવા રચાયું કાવતરું!

# પ્લોટ પચાવી પાડનાર સાસરિયાઓ સામે યુવતીએ વેજલપુરમાં નોંધાવી ફરિયાદ

**નમાજ પઢતી વખતે અત્યાચાર** યુવતીએ ફરિયાદમાં સાસરિયાઓના અત્યાચારની ભયાનક ગાથા વર્ણવી છે

• અમદાવાદ

અમદાવાદ શહેરના વેજલપુર વિસ્તારમાં રહેતા એક સુખી સંપન્ન મુસ્લિમ પરિવારની 29 વર્ષીય મુસ્લિમ યુવતીએ પોતાના સાસરિયાઓ સામે ગંભીર આક્ષેપો સાથે વેજલપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પીડિતાએ પ્લોટ પચાવી પાડવા માટે શારીરિક-માનસિક ત્રાસ ગુજારવા ઉપરાંત, નમાજ પઢતી વખતે પણ નણંદ દ્વારા અપમાનિત કરવામાં આવતી હોવાનો આરોપ લગાવ્યો છે.



મળતી માહિતી અનુસાર, વર્ષ 2023માં જામનગર ખાતે લગ્ન કરનાર આ પીડિત યુવતીના પિતા પાસે તેની સાસુએ પ્લોટની માંગણી કરી હતી. દીકરીના સુખ માટે પિતાએ પ્લોટ અપાવ્યો હતો. જોકે, સાસુએ 'આ બધું તારું જ છે' તેમ કહી વિશ્વાસમાં લઈ આ પ્લોટ ચલાકીથી પોતાના દીકરા (યુવતીના પતિ)ના નામે કરાવી દીધો હતો. જ્યારે યુવતીના પિતાએ આ અંગે પૃચ્છા કરી, ત્યારે સાસુએ 'પત્નીની મિલકત એ પતિની જ ગણાય' તેવો ઉડાઉ જવાબ આપી મિલકત પચાવી પાડી હતી.યુવતીએ ફરિયાદમાં સાસરિયાઓના અત્યાચારની ભયાનક ગાથા વર્ણવી છે, યુવતી જ્યારે નમાજ પઢવા બેસતી ત્યારે તેની નણંદ તેને લાત મારીને ઊભી કરી દેતી અને બળજબરીથી ઘરકામ કરાવતી હતી. જ્યારે પતિ દારૂ પીને મારઝૂડ કરતો હતો અને પત્નીની હાજરીમાં જ અન્ય સ્ત્રીઓ સાથેના પોતાના સંબંધોની વાતો કરતો હતો. સાસુને પણ અન્ય પુરુષ સાથે અનૈતિક સંબંધો હોવાનો અને પતિ તે પુરુષને પિતા સમાન ગણતો હોવાનો આક્ષેપ યુવતીએ કર્યો છે. જ્યારે દીકરીના જન્મ બાદ સાસરિયાઓએ ત્રાસ વધાર્યો ત્યારે પીડિત યુવતીને ખબર પડી કે આ તેના પતિના બીજા લગ્ન હતાઅત્યાચારની હદ ત્યારે વટાવી જ્યારે સાસરિયાઓએ યુવતીને જાનથી મારી નાખવાની ધમકી આપી રૂમમાં પૂરી દીધી હતી. અંતે તેને અડધી રાત્રે ઘરમાંથી હાંકી કાઢવામાં આવી હતી. યુવતીએ જ્યારે કાયદેસરની કાર્યવાહીની વાત કરી, ત્યારે પતિએ વિદેશ ભાગી જવાની ધમકી આપી ડરાવવાનો પ્રયાસ કર્યો હતો. હાલમાં પિયર પરત ફરેલી યુવતીએ મહિલા પોલીસ સ્ટેશનમાં ન્યાયની ગુહાર લગાવી હતી અને ત્યાંથી વેજલપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ ટ્રાન્શફર કરાઈ છે. પોલીસે યુવતીના પતિ, સાસુ અને નણંદ સહિત કુલ ચાર શખસો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જેતપુરમાં કુટણખાના પર પોલીસનો દરોડો: સંચાલિકા, ભાગીદાર અને ગ્રાહકો સહિત કુલ ૪ની ધરપકડ

## કાર્યવાહીમાં પોલીસે સંચાલિકા મહિલા, તેના ભાગીદાર અને બે ગ્રાહકોને ઝડપી પાડી

• સુરેશ ભાલીયા જેતપુર,




જેતપુર: રાજકોટ ગ્રામ્ય પોલીસ દ્વારા અનૈતિક પ્રવૃત્તિઓ વિરુદ્ધ ચલાવવામાં આવી રહેલી ઝુંબેશ અંતર્ગત જેતપુર ઉદ્યોગનગર પોલીસે બાતમીના આધારે એક રહેણાંક મકાનમાં ચાલતા કુટણખાના પર દરોડો પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ કાર્યવાહીમાં પોલીસે સંચાલિકા મહિલા, તેના ભાગીદાર અને બે ગ્રાહકોને ઝડપી પાડી કુલ રૂ. ૧,૧૫,૦૮૦/- નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, રાજકોટ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક નિર્લિપ્ત રાય તથા રાજકોટ ગ્રામ્ય જિલ્લા પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જરની સૂચના અને જેતપુર વિભાગના નાયબ પોલીસ અધિક્ષક આર.એ.ડોડીયાના માર્ગદર્શન હેઠળ, જેતપુર ઉદ્યોગનગર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી ડૉ. એમ.એમ.ઠાકોર અને તેમની ટીમે આ સફળ કામગીરીમાં કરવામાં આવી હતી.પોલીસ કોન્સ્ટેબલ ચેતનભાઈ ઠાકોરને બાતમી મળી હતી કે જેતપુર-દેરડીધાર આવાસની બાજુમાં, ભાર્ગવ પ્રોસેસ કારખાના તરફ જવાના રસ્તા પર નજમાબેન ઈકબાલભાઈ મારફાણી નામની મહિલા પોતાના ભાડાના મકાનમાં બહારથી સ્ત્રીઓ બોલાવી દેહવ્યાપારનો ધંધો ચલાવે છે. આ બાતમીના આધારે પોલીસે ડમી ગ્રાહક મોકલી ખાતરી કરી હતી. ખાતરી થતા જ પોલીસે રેડ પાડી હતી, જેમાં કુટણખાનું ચલાવતી સંચાલિકા નજમાબેન મારફાણી, તેનો ભાગીદાર સોહીલભાઈ ઈસ્માઈલભાઈ ગરાણા અને બે ગ્રાહકો રંગેહાથ ઝડપાઈ ગયા હતા. પોલીસે ઘટનાસ્થળેથી દેહવ્યાપાર કરતી બે મહિલાઓને પણ મુક્ત કરાવી હતી.પકડાયેલા આરોપીઓ વિરુદ્ધ 'ધી ઈમોરલ ટ્રાફિક પ્રિવેન્શન એક્ટ' હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે. આ કામગીરીમાં પીઆઈ ડૉ. એમ.એમ. ઠાકોર સાથે પીએસઆઈ એલ.ડી. મેતા, એએસઆઈ વલ્લભભાઈ, હરદેવસિંહ, નેમીષભાઈ તથા પોલીસ કોન્સ્ટેબલ વાસુદેવસિંહ, ભીમજીભાઈ, ચેતનભાઈ અને સંજયભાઈ સહિતનો સ્ટાફ જોડાયો હતો.

# સ્કૂલ-કોર્ટ બાદ હવે ગુજસેલને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી, પોલીસ અને તંત્ર દોડતું થયું

• અમદાવાદ

અમદાવાદમાં છેલ્લા કેટલાક મહિનાઓથી ઈમેલ દ્વારા બોમ્બ અમદાવાદમાં બોમ્બ બ્લાસ્ટની ધમકી આપવાનો સિલસિલો યથાવત્ છે. હવે ગુજસેલના ડાયરેક્ટરને ઈમેલ કરીને બોમ્બ બ્લાસ્ટની ધમકી આપવામાં આવી છે. જેમાં અંગ્રેજીમાં લખવામાં આવ્યું છે કે, 'ગુજસેલ બ્લાસ્ટ ઈદ કા તોફા મોદી એન્ડ શાહ. મેરા ભાઈ સૌરભ વિશ્વાસ કો રિહા કરો...' હાલ આ અંગે જાણ કરતા પોલીસ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર, 25મી માર્ચના રોજ ગુજસેલના ડાયરેક્ટરના ઈમેઈલ પર bhavesh4518@gmail.com પરથી સવારે 8 વાગ્યે મેઈલ આવ્યો હતો. જેમાં લખેલું હતું કે, 'ગુજસેલ બ્લાસ્ટ ઈદ કા તોફા મોદી એન્ડ શાહ. આઈ વિલ કીલ યુ ઈન બોમ્બ બ્લાસ્ટ ઓલ સ્કૂલ, મેરા ભાઈ સૌરભ વિશ્વાસ કો રિહા કરો...' આ અંગે ઉપરી અધિકારીઓ અને સિક્યોરિટી ઓફિસરના જાણ કરવામાં આવી હતી. જે બાદ આ થ્રેટ મેઈલ અંગે પોલીસ ફરિયાદ કરવામાં




આવી છે. પોલીસ આ અંગે ફરિયાદ નોંધી ઈમેઈલ ક્યાંથી અને કોને કર્યો છે તેની તપાસ હાથ ધરી છે.ઉલ્લેખનીય છે કે, છેલ્લા કેટલાક સમયથી રાજ્યમાં મહત્ત્વની સંસ્થાઓને નિશાન બનાવવામાં આવી રહી છે. અગાઉ પણ અનેક જિલ્લાઓની પોસ્ટ ઓફિસો, પાસપોર્ટ ઓફિસો અને શૈક્ષણિક સંસ્થાઓને આ પ્રકારે બોમ્બથી ઉડાવી દેવાના ધમકીભર્યા ઈમેલ મળ્યા હતા.

# ગુજરાત પોલીસ બેડામાં ધરખમ ફેરફાર, સ્થાનિક સ્વરાજની ચૂંટણી અગાઉ 254 PSIને પ્રમોશન સાથે બદલી

• ગાંધીનગર

ગુજરાત રાજ્ય પોલીસ વિભાગમાં વહીવટી પ્રક્રિયાના ભાગરૂપે એક મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્યના ગૃહ વિભાગ દ્વારા 254 બિન-હથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટર (PSI)ને પોલીસ ઈન્સ્પેક્ટર (PI) વર્ગ-2 ના સંવર્ગમાં બઢતી આપીને તેમના નવા નિમણૂક સ્થળોએ બદલીના હુકમો કરવામાં આવ્યા છે. મળતી માહિતી અનુસાર, બઢતી પામેલા અધિકારીઓને પે-મેટ્રિક્સ લેવલ-7 (39,900 - 1,26,600 રૂપિયા) માંથી હવે લેવલ-8 (44,900 - 1,42,400 રૂપિયા) ના પગાર ધોરણમાં મૂકવામાં આવ્યા છે. આ બઢતીઓ હાલ તદ્દન હંગામી ધોરણે આપવામાં આવી છે અને તમામ અધિકારીઓને તેમના નામ સામે દર્શાવેલા કચેરી ખાતે તાત્કાલિક હાજર થવા સૂચના અપાઈ છે.રાજ્યમાં આગામી સમયમાં યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી પૂર્વે પોલીસ બેડામાં ધરખમ ફેરફારને અત્યંત મહત્ત્વનું માનવામાં આવી રહ્યા છે. સૂત્રોના જણાવ્યાનુસાર, માર્ચના અંત સુધીમાં હજુ પણ અંદાજે 600 જેટલા પોલીસ ઈન્સ્પેક્ટરોની આંતરિક બદલી થાય તેવી પ્રબળ સંભાવના છે. ટૂંક સમયમાં DPC પ્રક્રિયા પૂર્ણ થયા બાદ PIથી DySP સ્તરના અધિકારીઓની બદલીના આદેશો પણ છૂટા થઈ શકે છે. વિધાનસભાનું સત્ર પૂર્ણ થતાની સાથે જ ગૃહ વિભાગે પોલીસ વિભાગમાં આ મોટા ફેરફારોને પ્રાથમિકતા આપી છે.

ભ્રષ્ટાચારનું 'મોડસ ઓપરેન્ડી'

# ધામતવાણ ગ્રામ પંચાયતમાં કરોડોનું કૌભાંડ સરપંચ અને તલાટી પર ACBનો સકંજો!

અમદાવાદ: દસક્રોઈ તાલુકાના ધામતવાણ ગામમાં વિકાસના નામે વિનાશ નોતરનારા ભ્રષ્ટાચારીઓ સામે એન્ટી કરપ્શન બ્યુરો (ACB) એ લાલ આંખ કરી છે. ગામના મહિલા સરપંચ અને પૂર્વ તલાટી મંત્રીએ મળીને પંચાયતના તિજોરીમાંથી 1.55 કરોડ પોતાના અંગત મોજશોખમાં વાપરી નાખ્યા હોવાનો પર્દાફાશ થયો છે.

ભ્રષ્ટાચારનું 'મોડસ ઓપરેન્ડી': કેવી રીતે આચર્યું કૌભાંડ?

તપાસમાં બહાર આવ્યું છે કે વર્ષ 2022 થી 2025 દરમિયાન સરપંચ રેખાબેન પારેખ અને તલાટી હરપાલસિંહ વાઘેલાએ પંચાયતના સ્વભંડોળને પોતાનું અંગત એટીએમ બનાવી દીધું હતું.

* ખોટા ખર્ચનો ખેલ: માટી પુરાણ, પાણી પુરવઠા અને ઉત્સવોના નામે લાખો રૂપિયાના ખોટા બિલો બનાવી ઉચાપત કરવામાં આવી.
* નિયમોના ધજાગરા: કોઈપણ પ્રકારના પંચાયત ઠરાવ કે તાંત્રિક મંજૂરી વગર જ નાણાં ઉપાડી લેવામાં આવ્યા. આ અંગેનો કોઈ જ સત્તાવાર રેકોર્ડ રાખવામાં આવ્યો નથી.
* પગારમાં પણ પાપ: કર્મચારીઓના પગાર સીધા ખાતામાં જમા કરવાને બદલે VCEના નામે બેરર ચેકથી ઉપાડીને ગોલમાલ કરવામાં આવી હતી.

15 વર્ષનું શાસન અને ધાકધમકીનો અંત

ધામતવાણ ગામમાં છેલ્લા 15 વર્ષથી એક જ પરિવારનું વર્ચસ્વ હતું. ઈન્ડસ્ટ્રીયલ ઝોન હોવાને કારણે પંચાયતની આવક કરોડોમાં હતી, પરંતુ ગામના વિકાસના નામે 'મીંડું' હતું. જો કોઈ ગ્રામજન અવાજ ઉઠાવે તો તેમને ધમકાવવામાં આવતા હતા. અંતે ગ્રામજનોએ હિંમત ભેગી કરી સાંસદને પત્ર લખ્યો અને આ આખા કૌભાંડનો ભાંડો ફૂટ્યો.

» 'ભ્રષ્ટાચાર સામે ઝીરો ટોલરન્સ: DDOની તપાસ બાદ સરપંચને પદભ્રષ્ટ કરાયા હતા, હવે ACBની કાર્યવાહીથી ફફડાટ વ્યાપી ગયો છે.'

»

મુખ્ય વિગતો એક નજરે:

| વિગત | માહિતી |
|---|---|
| કુલ ઉચાપત | 1,55,23,420 |
| મુખ્ય આરોપી | રેખાબેન પારેખ (સરપંચ), હરપાલસિંહ વાઘેલા (પૂર્વ તલાટી) |
| તપાસ અધિકારી | PI એન.એન. જાદવ, ACB અમદાવાદ ગ્રામ્ય |
| તાલુકો | દસક્રોઈ, જિલ્લો: અમદાવાદ |

પાક્કો ગુજરાતનો સવાલ: શું આ કૌભાંડમાં હજુ પણ મોટા માથાઓ સામેલ છે? ACBની તપાસમાં હજુ કેટલાય ચોંકાવનારા ખુલાસા થવાની શક્યતા છે.

# બરોડા ડેરીના ટેન્કરમાંથી દૂધની નદીઓ વહી પશુપાલકોની મહેનત રસ્તા પર વેડફાઈ

## ગંભીર સવાલો શું બરોડા ડેરી આ બેદરકાર ટેન્કર ચાલક કે ટ્રાન્સપોર્ટ એજન્સી સામે કડક પગલાં લેશે

• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ-વડોદરા હાઈવે પર આજે એક ચોંકાવનારી ઘટના સામે આવી છે, જેમાં બરોડા ડેરીના દૂધના ટેન્કરમાંથી હજારો લિટર દૂધ રસ્તા પર વેરાતું જોવા મળ્યું હતું. ટેન્કર ચાલકની ઘોર બેદરકારીને કારણે પશુપાલકોની કાળી મજૂરીનું દૂધ રસ્તા પર ઢોળાતા લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે ડભોઈ તાલુકાના પલાસવાડા ગામ પાસેથી પસાર થઈ રહેલા બરોડા ડેરીના એક ટેન્કરમાંથી દૂધની ધારાઓ વહી રહી હતી. ટેન્કર રસ્તા પર જે ગતિએ દોડી રહ્યું હતું, તેટલી જ ઝડપે દૂધનો વેડફાટ થઈ રહ્યો હતો. ડભોઈ-વડોદરા મુખ્ય માર્ગ પર લાંબા અંતર સુધી દૂધની સફેદ લકીરો જોવા મળી હતી. મોટી બેદરકારી: ટેન્કરના પાછળના ભાગે આવેલા વાલ્વમાં ખામી હોવા છતાં અથવા વાલ્વ બરાબર બંધ ન કરવાને કારણે આ ઘટના બની હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ જણાય છે.અંદાજે 100 લિટરનો બગાડ: સ્થાનિકોના અંદાજ મુજબ, રસ્તા પર વહી ગયેલું દૂધ આશરે 100 લિટર કે તેથી વધુ હોઈ શકે છે.વીડિયો વાયરલ: આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં સમગ્ર પંથકમાં ચર્ચાનો વિષય બન્યો છે. વીડિયોમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે ચાલક બેધ્યાનપણે ટેન્કર હંકારી રહ્યો છે અને પાછળ કીમતી દૂધ વેડફાઈ રહ્યું છે.પશુપાલકો રાત-દિવસ એક કરીને ડેરીમાં દૂધ ભરે છે, અને તંત્ર કે કોન્ટ્રાક્ટરોના માણસોની આવી લાપરવાહીને કારણે આર્થિક નુકસાન વેઠવાનો વારો આવે છે.એક રોષે ભરાયેલા પશુપાલક

ગંભીર સવાલો શું બરોડા ડેરી આ બેદરકાર ટેન્કર ચાલક કે ટ્રાન્સપોર્ટ એજન્સી સામે કડક પગલાં લેશે પશુપાલકોની મહેનતના દૂધનો આ રીતે થતો બગાડ અટકાવવા ડેરી તંત્ર પાસે શું આયોજન છે વાહન ચલાવતા પહેલા સુરક્ષા અને વાલ્વ ચેક કરવાની જવાબદારી કોની

હવે જોવાનું એ રહેશે કે ડેરી પ્રશાસન આ મામલે તપાસના આદેશ આપે છે કે પછી આ મામલાને ઠંડો પાડી દેવામાં આવશે.

# ગોંડલમાં ખેડૂતના 1.60 લાખના જીરૂની ચોરી:28.13 લાખનું સીંગતેલ ભરેલી ટ્રક લઈ રાજસ્થાની ડ્રાઈવરો ફરાર, બે ગુના નોંધાયા

• ગોંડલ

ગોંડલ પંથકમાં ચોરી અને છેતરપિંડીના બે અલગ-અલગ બનાવો સામે આવ્યા છે. અનિડા ભાલોડી ગામની સીમમાંથી ખેડૂતના રૂ. 1.60 લાખના જીરૂની ચોરી થઈ છે, જ્યારે ભોજપરા નજીકની ઓઈલ મિલમાંથી રૂ. 28.13 લાખનું સીંગતેલ ભરેલી ટ્રક લઈને રાજસ્થાની ડ્રાઈવરો ફરાર થઈ ગયા છે. ગોંડલ તાલુકા પોલીસે બંને કેસમાં ગુના નોંધી તપાસ શરૂ કરી છે.પ્રથમ બનાવ અનિડા ભાલોડી ગામનો છે. અહીંના રહેવાસી કુલદિપભાઈ કિશોરભાઈ ભાલોડી (ઉ.વ. 39) એ ફરિયાદ નોંધાવી છે કે, તેમણે ભાગી રાખેલી જમીનમાં જીરૂનું વાવેતર કર્યું હતું. ગત તારીખ 23ના રોજ જીરૂ હલરમાં કઢાવી સાફ કરવા માટે વાડીએ રાખ્યું હતું.

ધુમાડો

મહામુસીબતે કાબૂ આગમાં આવી

# સ્કાયસિટી રિવેરા ઈલાઈટ બિલ્ડિંગમાં આગ : ત્રીજા માળની આગ ચોથા સુધી પહોંચી, 15 માળમાં ધુમાડો જ ધુમાડો

## ફાયર બ્રિગેડના ચીફ ફાયર ઓફિસર એ. કે. ડોંગરેના જણાવ્યા મુજબ, ફાયરબ્રિગેડ દ્વારા આગના સંપૂર્ણપણે કાબૂમાં લઈ લેવામાં આવી છે

• અમદાવાદ

અમદાવાદના શેલા વિસ્તારમાં ક્લબ ઓ સેવન રોડ ઉપર આવેલા સ્કાયસિટી રિવેરા ઈલાઈટ નામના બિલ્ડિંગમાં ત્રીજા માળે આવેલા મકાનમાં આગ લાગવાની ઘટના બની છે. અમદાવાદ ફાયર બ્રિગેડની 12 જેટલી ગાડીઓ ઘટનાસ્થળ ઉપર રવાના કરવામાં આવી હતી. ભીષણ આગને પગલે 15 માળ સુધી આગનો ધુમાડો ફેલાયો હતો. આગ લાગતાની સાથે જ ફ્લેટના સી બ્લોકના રહીશોમાં દોડધામ મચી ગઈ હતી અને તાત્કાલિક ધોરણે નીચે ઉતરી ગયા હતા. ફાયર બ્રિગેડના ચીફ ફાયર ઓફિસર એ. કે. ડોંગરેના જણાવ્યા મુજબ, ફાયરબ્રિગેડ દ્વારા આગના સંપૂર્ણપણે કાબૂમાં લઈ લેવામાં આવી છે. કોઈપણ પ્રકારની જાનહાની થઈ નથી. ફાયર બ્રિગેડના 8 વાહનો અને અધિકારીઓ સ્થળ ઉપર પહોંચી ગયા હતા અને આગને કાબૂમાં લઈ લીધી છે.સૌપ્રથમ બેથી ત્રણ ગાડીઓ સ્થળે પહોંચી હતમળતી માહિતી મુજબ, અમદાવાદના છેલ્લા વિસ્તારમાં આવેલા સ્કાયસિટી રિવેરા ઈલાઈટ નામની બિલ્ડિંગમાં આજે 26 માર્ચે સવારે 8:00 વાગ્યાની આસપાસ સી બ્લોકના ત્રીજા માળના મકાનમાં આગ લાગી હોવાનો



ફાયર બ્રિગેડને મેસેજ મળ્યો હતો. ફાયર બ્રિગેડની સૌપ્રથમ બેથી ત્રણ ગાડીઓ સ્થળ ઉપર રવાના કરવામાં આવી હતી. ફાયર બ્રિગેડની ટીમ સ્થળ ઉપર પહોંચી ત્યારે સી બ્લોકના ત્રીજા માળે મકાનમાં આગ લાગેલી હતી અને આગ વિકરાળ બનીને ચોથા માળ સુધી પહોંચી ગઈ હતી. 15 માળ સુધી ધુમાડો પહોંચ્યો હતો, જેના પગલે ફાયર બ્રિગેડ દ્વારા વધુ ગાડીઓ બોલાવવામાં આવી હતી. 15 જેટલી ફાયરની ગાડીઓ દ્વારા આગને કાબૂમાં લેવાઈફાયર બ્રિગેડની કુલ 12 જેટલી ગાડીઓ ઘટનાસ્થળ ઉપર પહોંચી છે. આગ ત્રીજા માળના મકાનમાં આગ લાગી હતી, જે વિકરાળ બની ગઈ હતી અને ધીમે ધીમે ચોથા માળના મકાનમાં પણ લાગી ગઈ હતી. આખા મકાનમાં આગ લાગી હોવાના કારણે લોકોમાં ભયનો માહોલ ફેલાઈ ગયો હતો. ધીમે-ધીમે આગ ચોથા માળના ઉપરના ભાગે પણ લાગી ગઈ હતી, જેથી ચોથા માળના મકાનના રહેવાસી ઘરની બહાર દોડી ગયા હતા. ફાયર બ્રિગેડ દ્વારા હાલ બિલ્ડિંગમાં ફસાયેલા લોકોને બહાર કાઢવામાં આવ્યા છે.ત્રીજા અને ચોથા માળના એક-એક મકાનમાં આ સી બ્લોકમાં ત્રીજા અને ચોથા માળના એક-એક મકાન એટલે કુલ બે જેટલા ફ્લેટમાં આગ લાગવાની ઘટના બની હતી. સૌપ્રથમ ત્રીજા માળના મકાનમાં આગ લાગી હતી, જેના માટે સિક્યુરિટી ગાર્ડને જાણ કરવામાં આવી હતી. સિક્યુરિટી ગાર્ડ તરત જ દોડીને ત્રીજા માળ ઉપર પહોંચી ગયો હતો અને જે ચાર લોકો મકાનમાં હતા, તેમને તરત જ બહાર કાઢી લીધા હતા. ધુમાડો ખૂબ જ વધી જતા લોકોમાં પણ ભય ફેલાયો હતો અને તાત્કાલિક લોકો નીચે ઉતર્યા હતા અને ફાયર બ્રિગેડને જાણ કરી હતી. બાદમાં ફાયર બ્રિગેડ દ્વારા ઉપર રહેલા તમામ લોકોને નીચે ઉતારી લેવામાં આવ્યા હતા. ઘટનામાં કોઈપણ પ્રકારની જાનહાની થઈ નથી. સમય સૂચકતા રહેતા તમામ લોકો નીચે ઉતરી ગયા હતા અને કોઈપણ વ્યક્તિ અત્યારે બિલ્ડિંગમાં ફસાયેલ નથી. ત્રીજા માળથી લઈ છઠ્ઠા માળ સુધી આગની અસર જોવા મળી છે.એડિશનલ ચીફ ફાયર ઓફિસર જયેશ ખડીયાએ દિવ્ય ભાસ્કર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, સ્કાય સિટી નામના બિલ્ડિંગમાં આગ લાગવા અંગેનો મેસેજ મળતાની સાથે જ ફાયર બ્રિગેડની ગાડીઓ રવાના કરવામાં આવી હતી. સૌપ્રથમ બોપલ ફાયર સ્ટેશન ત્યારબાદ થલતેજ અને પ્રહલાદનગરથી કુલ 10 ફાયરના ગાડીઓ અને આઠ અધિકારીઓની એમ 18 ગાડીઓ સ્થળ ઉપર પહોંચી ગઈ હતી. તાત્કાલિક ધોરણે પાણીનો મારો ચલાવી આગ કાબૂમાં લઈ લીધી હતી. જે લોકો ત્રીજા માળથી ઉપરના માળ સુધી ફસાયેલા હતા, તે તમામ લોકોને ઉપર લઈ જવામાં આવ્યા હતા અને આગ બુઝાયા બાદ તમામને સહી-સલામત નીચે ઉતારી લેવામાં આવ્યા છે. ડિવિઝનલ ફાયર ઓફિસર કેજાદ દસ્તુર અને ડેપ્યુટીફાયર ઓફિસર હિરેન સહિત ફાયર બ્રિગેડના 35થી 40 જવાનો દ્વારા આગને કાબૂમાં લઈ લોકોને સહી-સલામત નીચે ઉતારી લીધા હતા.

## ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે

# કલોલ-છત્રાલ હાઈવે પર ગમખ્વાર અકસ્માત : બે બાઈક સામસામે અથડાતા એક યુવકનું કરૂણ મોત


એકની હાલત ગંભીર

## ટક્કર એટલી જોરદાર હતી કે એક બાઈક ચાલક હવામાં ફંગોળાઈને રોડ પર પટકાયો હતો

• ગાંધીનગર

અમદાવાદ-મહેસાણા હાઈવે પર અકસ્માતોનો સિલસિલો યથાવત રહ્યો છે. ગત મોડીરાત્રે કલોલ તાલુકાના છત્રાલ અને બિલેશ્વરપુરા વચ્ચે આવેલા સર્વિસ રોડ પર હેવી મેટલ કંપની પાસે બે બાઈક વચ્ચે થયેલી સામસામેની ટક્કરમાં એક યુવકનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું છે, જ્યારે અન્ય એક બાઈક ચાલકને ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. આ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

એક બાઈક સવારનું મોત, એક ગંભીર રીતે ઘાયલ પ્રાપ્ત વિગતો મુજબ, છત્રાલ પાસે આવેલા



બિલેશ્વરપુરા વિસ્તારમાં સર્વિસ રોડ પરથી પસાર થઈ રહેલા બે બાઈક સવારો અંધારામાં એકબીજા સાથે ધડાકાભેર અથડાયા હતા. આ ટક્કર એટલી જોરદાર હતી કે એક બાઈક ચાલક હવામાં ફંગોળાઈને રોડ પર પટકાયો હતો, જેના કારણે તેનું માથાના તથા શરીરે ગંભીર ઈજાઓ થતા સ્થળ પર જ પ્રાણપંખેરું ઉડી ગયું હતું.

આ અકસ્માત બાદ આસપાસના લોકો દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્ત બાઈક સવારને તુરંત નજીકની હોસ્પિટલમાં સારવાર માટે મોકલી આપ્યો હતો. આ બનાવની જાણ થતા જ કલોલ તાલુકા પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. આ અંગે પોલીસે જણાવ્યું કે ,અકસ્માતમાં કડીના ચાંદરસડા ગામના 30 વર્ષીય સુરજ દેવાજી ઠાકોરનું મોત નિપજ્યું છે. જ્યારે અન્ય બાઈક સવારને પણ ઈજાઓ થઈ છે. મૃતકની લાશનું પંચનામું કરી પોસ્ટમોર્ટમ અર્થે મોકલી આપી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

રોડની ખખડધજ હાલત અને ગેરકાયદે કટના કારણે અકસ્માત તો સ્થાનિકોના જણાવ્યા અનુસાર, અત્રેના હાઈવે અને તેની સમાંતર આવેલા સર્વિસ રોડની હાલત અત્યંત ખખડધજ અને બિસ્માર બની ગઈ છે. ઠેર-ઠેર પડેલા ખાડા, ખોટી રીતે અપાયેલા ઢોળાવ અને હાઈવે પર અનેક જગ્યાએ પાડવામાં આવેલા ગેરકાયદેસર કટ અકસ્માતનું મુખ્ય કારણ બની રહ્યા છે. આ ઉપરાંત રોડની બંને બાજુએ થયેલા દબાણોને કારણે વાહન ચાલકોને પૂરતી જગ્યા મળતી નથી. જેના કારણે વારંવાર નાના-મોટા અકસ્માતો સર્જાય છે. તંત્ર દ્વારા માત્ર ટોલ વસૂલવામાં આવે છે પરંતુ મુસાફરોની સુરક્ષા અને રોડની જાળવણી બાબતે ઉદાસીનતા સેવવામાં આવતી હોવાના આક્ષેપો કરાયા છે.

# માણસા પોલીસે ફિલ્મી ઢબે પીછો કરી 238 બોટલો ભરેલી કાર ઝડપી પાડી, ફરાર બૂટલેગરને પકડવા પોલીસે ચક્રો ગતિમાન કર્યા

## માણસામાં વિદેશી દારૂનો જથ્થો આવતો હોવાની બાતમી મળી

• ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાની માણસા પોલીસે પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમીના આધારે વિજાપુર ત્રણ રસ્તા પાસે નાકાબંધી કરી ફિલ્મી ઢબે પીછો કરી રૂ.1.13 લાખથી વધુની કિંમતના દારૂની 238 બોટલોના જથ્થા સાથે કારને ઝડપી લઈ કુલ રૂ.3.13 લાખનો મુદ્દામાલ જપ્ત કરી વોન્ટેડ બુટલેગર વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.માણસા પોલીસ મથકની હદ વિસ્તારમાં દારૂ જુગારની પ્રવૃત્તિઓ પર અંકુશ મેળવવા PI રાકેશ ડામોરની ટીમ નાઈટ પેટ્રોલિંગ કરી રહી હતી. દરમિયાન બાતમી મળી હતી કે, એક ગ્રે કલરની શેવરોલે સીડાન ગાડી (નંબર GJ-06-DQ-4770) વિજાપુર તરફથી માણસામાં વિદેશી દારૂનો જથ્થો લઈને આવી રહી છે.

આ બાતમીના આધારે પોલીસે વિજાપુર ત્રણ રસ્તા પાસે વોચ ગોઠવી હતી. ત્યારે કાગડોળે રાહ જોયા પછી બાતમી મુજબની ગાડી આવતા




પોલીસે તેને ઉભી રાખવાનો ઈશારો કર્યો હતો, પરંતુ ચાલકે ગાડી ઉભી રાખવાને બદલે માણસા શહેર તરફ ભગાવી દીધી હતી. જેના પગલે પોલીસે ફિલ્મી ઢબે ગાડીનો પીછો શરૂ કર્યો હતો. પોલીસથી બચવા માટે ચાલકે ગાડી માલણવાસ થઈ પાંજળાપોળ ચોક તરફ દોડાવી હતી. જોકે પાંજળાપોળ ચોક નજીક પહોંચતા જ અંધારાનો લાભ લઈને ચાલક ગાડી મૂકીને નાસી છૂટ્યો હતો. પોલીસે આસપાસના વિસ્તારમાં શોધખોળ કરી હતી, પરંતુ ચાલકનો કોઈ પત્તો લાગ્યો ન હતો. ગાડીની તપાસ દરમિયાન ગાડીનો આગળનો બમ્પર તૂટેલી હાલતમાં મળી આવ્યો હતો. બાદમાં ગાડીની તલાશી લેતા તેમાંથી 1.30 લાખથી વધુની કિંમતની ભારતીય બનાવટના વિદેશી દારૂની કુલ 238 બોટલો મળી આવી હતી. આ અંગે પોલીસે ગાડી સહિત કુલ 3,13,450નો મુદ્દામાલ જપ્ત કરી વોન્ટેડ બુટલેગર વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટમાં 11 મહિના બાદ ફરી જામશે ક્રિકેટનો જંગ

## 22 ડિસેમ્બરે નિરંજન શાહ ક્રિકેટ સ્ટેડિયમમાં T20 ઇન્ટરનેશનલ સીરિઝની પ્રથમ મેચ રમાશે

• રાજકોટ

રાજકોટમાં 11 મહિના બાદ ફરી જામશે ક્રિકેટનો જંગ. કારણ કે, રાજકોટના ખંઢેરી સ્થિત નિરંજન શાહ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે ઈન્ટરનેશનલ મેચ માટે જાહેરાત કરવામાં આવી છે. જેમાં ભારત અને શ્રીલંકા વચ્ચે ટી-20 સીરિઝની શરૂઆત રાજકોટના નિરંજન શાહ ક્રિકેટ સ્ટેડિયમ ખાતેથી થવા જઈ રહી છે.ઉલ્લેખનીય છે કે, ચાલુ વર્ષે 14 જાન્યુઆરી 2026ના રોજ રાજકોટમાં ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે વન ડે મેચ યોજાઈ હતી, જેમાં ભારતે હારનો સામનો કરવો પડ્યો હતો.

BCCI દ્વારા જાહેર કરેલા શિડ્યુલ મુજબ શ્રીલંકાની ટીમ ભારતના પ્રવાસે આવી રહી છે અને તેમાં ભારત અને શ્રીલંકા વચ્ચે 3 વનડે અને 3 ટી-20 મેચ રમાવાની છે. વન ડે મેચની સીરિઝની શરૂઆત 13 ડિસેમ્બર 2026ના દિલ્હી ખાતેથી કરવામાં આવશે અને 19 ડિસેમ્બરના રોજ અમદાવાદમાં વન ડે સીરિઝની ત્રીજી અને ફાઈનલ મેચ નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં યોજાશે. ત્યાર બાદ ટી-20 સીરિઝની પ્રથમ મેચ આગામી તારીખ 22 ડિસેમ્બરના રોજ સાંજે 7 વાગ્યે રાજકોટના ખંઢેરી સ્થિત નિરંજન શાહ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે યોજાશે.ઉલ્લેખનીય છે કે, અત્યાર સુધીમાં રાજકોટનાં નિરંજન શાહ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે કુલ 14 ઈન્ટરનેશનલ મેચ રમાઈ છે. જેમાં 3 ટેસ્ટ, 6 ટી-20 અને 5 વન ડેનો સમાવેશ થાય છે. આ ઉપરાંત જાન્યુઆરી 2025માં પ્રથમ વખત ભારતની વુમન્સ ટીમ પણ રાજકોટની મહેમાન બની હતી અને નવેમ્બર 2025માં ભારત-A અને દક્ષિણ આફ્રિકા-A ટીમ પણ રાજકોટની મહેમાન બની હતી અને 3 વનડે મેચની સીરિઝ નિરંજન શાહ સ્ટેડિયમમાં રમી હતી.

# ગુજરાતમાં 'ગન કલચર' વધ્યું:ગોપાલ ઈટાલિયાના ભાજપ સરકાર પર આકરા પ્રહાર

• રાજકોટ

આમ આદમી પાર્ટીનાં દિગ્ગજ નેતા ગોપાલ ઈટાલિયા આજે રાજકોટની મુલાકાતે આવી પહોંચ્યા હતા. સર્કિટ હાઉસમાં એક પત્રકાર પરિષદ યોજી ગુજરાતમાં ગન કલચર વધ્યું હોવાનો દાવો કર્યો હતો. સાથે પોલીસ લોકોની સુરક્ષા માટે નહીં પણ ભાજપનાં ઈશારે AAP કાર્યકરોને ડરાવવા-ધમકાવવા કામ કરતી હોવાનો ગંભીર આરોપ લગાવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ ગુજરાતની કાયદો અને વ્યવસ્થા તેમજ આમ આદમી પાર્ટી (AAP) ના કાર્યકરો સામે થઈ રહેલી પોલીસ હેરાનગતિ મુદ્દે રાજ્ય સરકારને આડે હાથ લીધી હતી. ગોપાલ ઈટાલિયાએ જનતાનું ધ્યાન ગુજરાતમાં વધતા હથિયાર લાયસન્સ તરફ દોર્યું હતું. તેમણે જણાવ્યું કે, વિધાનસભામાં તેમના દ્વારા પૂછવામાં આવેલા એક પ્રશ્નના જવાબમાં ચોંકાવનારી વિગતો સામે આવી છે. ખાસ કરીને સુરત અને અમદાવાદ જિલ્લામાં સ્વરક્ષણ માટે હથિયાર રાખનારાઓની સંખ્યામાં મોટો ઉછાળો જોવા મળ્યો છે. ગૃહમંત્રીએ આપેલા સરકારી આંકડાઓ મુજબ, હાલમાં સુરતમાં 2900 અને અમદાવાદમાં 5100 જેટલા લોકો પાસે રિવોલ્વરના લાયસન્સ છે.ઈટાલિયાએ દાવો કર્યો હતો કે જો સમગ્ર ગુજરાતની વાત કરવામાં આવે તો અંદાજીત 1,00,000 લોકો પાસે રિવોલ્વર લાયસન્સ હોઈ શકે છે.

## IBમાંથી એક સાથે 10 અધિકારીઓની બદલી

# ગુજરાતમાં PSI બાદ હવે એકસાથે 518 PIની બદલીનો આદેશ, જાણો કોને ક્યાં મળ્યું પોસ્ટિંગ

• ગાંધીનગર

ગુજરાત રાજ્યના ગૃહ વિભાગ દ્વારા આજે પોલીસ બેડામાં અત્યાર સુધીનો સૌથી મોટો ફેરફાર કરવામાં આવ્યો છે. વહેલી સવારે 254 PSIની બઢતી સાથે બદલી કર્યા બાદ, બપોરે રાજ્યભરના 518 પોલીસ ઈન્સ્પેક્ટરની (PI) એકસાથે બદલીના આદેશ છૂટતા પોલીસ વિભાગમાં ભારે ચર્ચાનો મુદ્દો બન્યો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પૂર્વે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને વધુ મજબૂત કરવા માટે આ મેગા ટ્રાન્સફર કરવામાં આવી છે. રાજ્યમાં છેલ્લા કેટલાક સમયથી કથળતી જતી સુરક્ષા વ્યવસ્થાને




પાટા પર લાવવા અને લાંબા સમયથી એક જ સ્થાને ફરજ બજાવતા અધિકારીઓને બદલીને સરકાર પોલીસ તંત્રમાં ધરમૂળથી પરિવર્તન લાવવાના મૂડમાં દેખાઈ રહી છે.

અગાઉ આઈપીએસ (IPS) અધિકારીઓની મોટાપાયે બદલી કર્યા બાદ હવે પાયાના સ્તરે કાયદો સંભાળતા PI અને PSI સ્તરે ફેરફાર કરવામાં આવ્યા છે. ખાસ કરીને અમદાવાદ, સુરત, રાજકોટ અને વડોદરા જેવા મહાનગરોના મહત્ત્વના પોલીસ સ્ટેશનોમાં નવા ચહેરાઓ જોવા મળશે. આ ધરખમ ફેરફારો બાદ હવે આગામી દિવસોમાં પોલીસિંગની પદ્ધતિમાં કેવો સુધારો આવે છે અને ગુનાખોરીના ગ્રાફ પર તેની શું અસર પડે છે, તેના પર સૌની નજર રહેશે.આ બદલીના ઓર્ડરમાં ખાસ ધ્યાન ખેંચનારી બાબત એ છે કે, સરકાર દ્વારા ઈન્ટેલિજન્સ વિભાગ(IB)માંથી 10 જેટલા અધિકારીઓની બદલી કરી દેવાઈ છે. જેણે ભારે ચર્ચા જગાવી છે. તો બીજી તરફ, ટૅક્નોલૉજી અને વધતા સાયબર ક્રાઈમને ધ્યાને રાખીને 'સાયબર સેન્ટર ફોર એક્સેલન્સ'માં એકસાથે 27 જેટલા નવા પોલીસ ઈન્સ્પેક્ટરોની નિમણૂક કરીને આ વિભાગને વધુ મજબૂત બનાવવામાં આવ્યો છે. સાયબર ક્રાઈમના વધતા ગ્રાફને જોતાં સરકાર હવે ફિલ્ડમાં વધુ ટેક-સેવી અધિકારીઓને ઉતારી રહી હોય તેવું લાગી રહ્યું છે.

# માધવપુર મેળા માટે સરકાર દ્વારા મફત બસ સેવા જિલ્લાના નાગરિકો માટે ૨૫ બસોની ખાસ વ્યવસ્થા

પોરબંદર શહેર, તાલુકા અને કુતિયાણા વિસ્તારમાંથી સુવિધાજનક મુસાફરી – બપોરે ૧:૩૦ થી ૨:૩૦ વચ્ચે બસો પ્રસ્થાન કરશે




• ગોસા(ઘેડ), તા.૨૬

ભગવાન શ્રી કૃષ્ણ અને દેવી રુક્મિણીના પાવન વિવાહ પ્રસંગે દર વર્ષે માધવપુર ઘેડ ખાતે યોજાતા ભવ્ય મેળાનો લાભ જિલ્લાના નાગરિકોને સરળતાથી મળી રહે તે માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આ વર્ષે કુલ ૨૫ બસોની નિશુલ્ક વ્યવસ્થા કરવામાં આવી છે.

પોરબંદર શહેરમાંથી ૧૫ બસો

આ બસો બપોરે ૨:૩૦ વાગ્યે શહેરના વિવિધ વિસ્તારોમાંથી પ્રસ્થાન કરશે. જેમાં ગુરુકુળ ગેટ, ભીમરાવ ચોક (છાંયા), વિરડી પ્લોટ (ચુનાના ભઠા પાસે), કે.કે.નગર (હનુમાન મંદિર પાસે), બોખીરા, દક્ષિણ ઝોન મહાનગરપાલિકા બ્રાન્ચ ઓફિસ, સુદામા પરોઠા હાઉસ ગલી, ખારવાવાડ, ચોગાન ફળીયું, જુરીબાગ અને કાંતિપાન વિસ્તારનો સમાવેશ થાય છે.

તેમજ વોરાવાડ વિસ્તારમાંથી ૩ બસો અને સ્વસ્તિક હોલ વિસ્તારમાંથી ૩ બસો પ્રસ્થાન કરશે.

પોરબંદર તાલુકામાંથી ૫ બસો

ઓડદર, કડછ, એરડા અને ગરેજ ગામેથી બપોરે ૨:૦૦ વાગ્યે બસો ઉપડશે, જ્યારે ચિકાસા ગામેથી ૨:૩૦ વાગ્યે બસની સુવિધા આપવામાં આવી છે.

કુતિયાણા તાલુકામાંથી ૫ બસો

વહીવટી તંત્ર દ્વારા વિવિધ સંયુક્ત ગામો માટે બસોની વ્યવસ્થા કરવામાં આવી છે. જેમાં ઈશ્વરીયા-મહોબતપરા, છત્રાવા-પસવારી-સેગરસ, મહિયારી-કાંસાબડ, ડાડુકા-રોઘડા-વડાળા-બિલડી અને દેવડા-ખાગેશ્રી-રામનગર ગામોનો સમાવેશ થાય છે. આ બસો બપોરે અંદાજે ૧:૩૦ વાગ્યે પ્રસ્થાન કરશે.

આ રીતે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા નાગરિકોને સરળ અને સુવિધાજનક પરિવહન સુવિધા ઉપલબ્ધ કરાવી વધુમાં વધુ લોકો માધવપુર ઘેડના આ પાવન અને સાંસ્કૃતિક મેળાનો આનંદ માણી શકે તે માટે વિશેષ આયોજન કરવામાં આવ્યું છે.

ટ્રેડિંગ

શહેરમાં સાયબર ઠગાઈના બે કિસ્સા આવ્યા સામે

# ફેસબુક ફ્રેન્ડની ફોરેક્સ ટ્રેડિંગની જાળમાં વેપારીએ ૧૦ લાખ ગુમાવ્યા તો વૃદ્ધના ખાતામાંથી ૧૧ હજાર ઉપડી ગયા

યુવતીએ વેપારીને ટેલિગ્રામ એકાઉન્ટમાં પૈસા ડિપોઝીટ કરવા બેંક એકાન્ટની વિગતો માંગી હતી

• અમદાવાદ

અમદાવાદ શહેરમાં રહેતા એક વેપારીની ફેસબુક પર અજાણી યુવતી સાથે મિત્રતા થઈ હતી. જે બાદ યુવતીએ બિલ્ડર હોવાની ઓળખ આપી હતી સાથે તે ફોરેક્સ ટ્રેડિંગ કરતી હોવાનું કહીને વેપારીને વધુ નફો કમાવવાની લાલચ આપી હતી. વેપારી પણ યુવતીની જાળમાં ફસાયા હતા અને કુલ 93 લાખ ભર્યા હતા. જેની સામે 2.55 લાખ વિડ્રો થયા હતા પરંતુ કુલ રૂ. 90.45 લાખ વિડ્રો ન થતાં છેતરપિંડીની જાણ થઈ હતી. જે અંગે વેપારીએ સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી છે.

વેજલપુરમાં રહેતા અને સિક્યોરીટી એજન્સી ધરાવતા વેપારીનો સંપર્ક ફેસબુક પર કોમલ મહેતા નામની અજાણી યુવતી સાથે થયો હતો. જે બાદ યુવતી સાથે વાતચીત થતા યુવતીએ પોતે બિલ્ડર હોવાનું અને ફોરેક્સ ટ્રેડિંગ કરતા હોવાની વાતચીત કરી હતી. યુવતીએ વેપારીને વધુ નફો કમાવવાની લાલચ આપીને ફોરેક્સ ટ્રેડિંગ કરાવવાનું કહેતા વેપારીએ એકાઉન્ટ ખોલાવવા માટે ડોક્યુમેન્ટ્સ આપી દીધા હતા. જે બાદ યુવતીએ લીંક મોકલી હતી, તેમાં ઈમેઈલ આઈડી અને પાસવર્ડ નાખતા એક વેબસાઈટ ખુલી હતી. યુવતીએ વેપારીને ટેલિગ્રામ એકાઉન્ટમાં પૈસા ડિપોઝીટ કરવા બેંક એકાન્ટની વિગતો માંગી હતી.

વેપારીએ બેંક એકાઉન્ટની વિગતો આપી દીધા બાદ ડિપોઝીટ કરેલી રકમ તે વેબસાઈટમાં દેખાવા લાગી હતી.આમ, વેપારીએ શરૂઆતમાં 50 હજારનું રોકાણ કરતા તેની સામે 5 હજાર નફો દેખાતો હતો. જેથી વેપારીએ 55 હજાર વિડ્રો કર્યા બાદ વિશ્વાસ આવી જતા તેમણે કુલ 93 લાખ રોકાણ માટે ભર્યા હતા. જેની સામે 2.55 લાખ જ વિડ્રો કરવા દીધા હતા. જ્યારે 90.45 લાખ વિડ્રો ન કરવા દેતા વેપારીને ઠગાઈની જાણ થતાં આ મામલે સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી છે.




આંનદનગર વિસ્તારમાં આવેલા શરણમ-8માં રહેતા 83 વર્ષિય વૃદ્ધે આનંદનગર પોલીસ સ્ટેશનમાં છેતરપીંડીની ફરિયાદ કરી છે. વૃદ્ધ સંયુક્ત પરિવારમાં રહે છે અને નિવૃત જીવન ગુજારે છે. જાન્યુઆરી મહિનામાં વૃદ્ધ પોતાના ઘરે હાજર હતા ત્યારે તેમનો પૌત્ર આવ્યો હતો. જ્યાં તેમણે પોત્રને જણાવ્યું હતું કે, મારે 34 હજાર રૂપિયા રોકડા આપ અને તું મારા એકાઉન્ટમાંથી તારા એકાઉન્ટમાં ઓનલાઈન ટ્રાન્સફર કરી દે. યુવકે વૃદ્ધનો મોબાઈલ રૂપિયા ટ્રાન્સફર કરવા માટે લીધો ત્યારે તેને ગુગલ પે એપ્લીકેશન ઓપન કરી હતી. ગુગલ-પે એપ્લીકેશનમાં નોટીસ આવી હતી કે તમારી રૂપિયા ટ્રાન્સફર કરવાની લીમીટ પૂર્ણ થઈ ગઈ છે. યુવકે તરતજ તેના દાદાને આ અંગેની જાણ કરી હતી.

યુવકે દાદાને કહ્યું કે, આજે તમે કોઈ રૂપિયા ટ્રાન્સફર કર્યા છે. વૃદ્ધે યુવકને જવાબ આપ્યો હતો કે મેં કોઈ રૂપિયા ટ્રાન્સફર કર્યા નથી. વૃદ્ધ યુવકને લઈને બેકમાં ગયા જ્યા કર્મચારીએ જણાવ્યું હતું કે, તમારા એકાઉન્ટમાંથી ૧૧ હજાર રૂપિયાનું ટ્રાન્જેક્શન થઈ ગયું છે. વૃદ્ધે બેંકની આઈડી અને પાસવર્ડ આપ્યા વગર સાયબર ગઠીયાએ તેમના બેંકના ખાતામાંથી ૧૧ હજાર રૂપિયા ટ્રાન્સફર કરી લીધા હતા. વૃદ્ધે તરતજ સાયબર હેલ્પલાઈન પર ફોન કરીને સમગ્ર હકીકતની જાણ કરી હતી. આનંદનગર પોલીસે વૃદ્ધની ફરિયાદના આધારે ત્રણ મહિના બાદ ગુનો દાખલ કર્યો છે.

અઘઘ... દેવાદાર રાજ્ય તરીકે ગુજરાતને દેવાળીયા વહીવટની ભેટ આપતા ભાજપ શાસકો

# કેન્દ્ર દ્વારા અનેક યોજનામાં કરોડો રૂપિયા ઓછા આપીને ગુજરાતને વધુ એકવાર અન્યાય કરતી ડબલ એન્જીનની ભાજપ સરકાર

ભાજપ સરકારની નિષ્ક્રિયતાનો ભોગ ૧૮૦૦૦ ગામો બન્યાં

રાજ્ય નાણાં પંચના અહેવાલમાં વિલંબને કારણે ગ્રામીણ વિકાસના કરોડો રૂપિયાથી વંચિત રહેતુ ગુજરાત

• ગુજરાત

ગુજરાત વિધાનસભા ગૃહમાં સત્રના અંતિમ દિવસે રજૂ થયેલા કેગના અહેવાલમાં ચોંકાવનારા આંકડા એ ભાજપ સરકારના દેવાળિયા વહીવટ, નાણાંકીય ગેરરીતિ સહિત અનેક નાણાંકીય કૌભાંડો સાથે અઘઘ... દેવાદાર રાજ્ય તરીકે ગુજરાતને દેવાળીયા વહીવટની ભેટ આપતા ભાજપ શાસકો પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, ગુજરાતનું જાહેર દેવું ૩.૮૦ લાખ કરોડ હોવાનું કેગના રીપોર્ટમાં જાહેર થયું છે. ગત વર્ષ કરતા જાહેર દેવામાં ૨૨ હજાર કરોડનો જંગી વધારો થયો છે. રાજ્ય સરકારની બજાર લોન ૩.૧૧ લાખ કરોડ જે ગત વર્ષ કરતા ૧૬ હજાર કરોડનો વધારો છે. કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકારને વિવિધ યોજના માટે મળતા નાણાં માં ઘટાડો સ્પષ્ટ જણાય છે. આદિજાતિ પેટા વિભાગ માં કેન્દ્રીય પુરસ્કૃત યોજનાઓ અને સહાયમાં 2023-2024 માં 1,590.17 કરોડ સામે 2024-2025 માં 1,363 કરોડ જ રાજ્ય સરકારને મળ્યા એટલે કે ગત વર્ષની સરખામણીમાં 226.56 કરોડ ઓછા મળ્યા છે. કેન્દ્રીય પુરસ્કૃત યોજનાઓ માં 2023-2024 માં 7540 કરોડ તેની સામે વર્ષ 2024-2025 માં 6712.86 કરોડ મળ્યા. જે ડબલ એન્જીનની ભાજપ સરકારે ગુજરાતને કરેલો વધુ એક અન્યાય છે. શહેરી હવાની ગુણવત્તા બગડતા ૧૦ લાખ થી વધુ વસ્તી વાળા શહેરો માં પાત્રતા કરતા ઓછી રકમ ફળવાઈ જેનાથી શહેરી નાગરિકોના જીવન પર ગંભીર અસર પડી રહી છે. વર્ષ ૨૦૨૪-૨૫માં મહેસુલી ખર્ચામાં ૧૦,૩૨૬ કરોડનો વધારો જ્યારે મહેસુલી આવકમાં ૪,૨૦૮ કરોડનો ઘટાડો નોંધાયો છે. નાણાંકીય ગેરશીસ્ત, નિયમોના અનુપાલનના ઉલ્લંઘનને કારણે મહેસુલી પુરાંત માં ૪૩.૪૧ ટકા ઘટાડો થયો છે.ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, રાજ્યની ૧૧.૬૬ ટકા વસ્તી ગરીબી રેખાથી નીચે જીવન જીવે છે એટલે ગુજરાતમાં ૮૪ લાખ કરતા વધુ નાગરિકો માટે જીવન જીવવું મુશ્કેલ બની ગયું છે. અન્ન સુરક્ષા કાયદા હેઠળ ગુજરાતના ૩.૫૪ કરોડ નાગરિકોને મફત અન્ન યોજનાના લાભાર્થી છે એટલે કે ૫૪ ટકા નાગરિકો ગરીબની વ્યાખ્યામાં છે.વિકાસના સતત દાવાઓ અને સરકારી મોટી મોટી જાહેરાતો વચ્ચે કેગના અહેવાલે રાજ્યના વિકાસની ગતિ નબળી પડયાનું નોંધ્યુ છે. વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન રાજ્યની વૃદ્ધી ની ગતિ નબળી પડી છે. રૂપિયા ૧૧૦૮ કરોડની રકમ બારોબાર આવક તરીકે દર્શાવી ક્યાંથી આવી ? કેવી રીતે ? તે નાણાંકીય ગેરશીસ્તનું ઉદાહરણ છે. ચોથા રાજ્ય નાણાં પંચની રચના માં વિલંબના કારણે ૨૦૨૪-૨૫ દરમિયાન પંચાયતી રાજની સંસ્થાઓ ને ઓછું અનુદાન મળ્યું હતું. જેનાથી ગુજરાતના ૧૮૦૦૦ ગામોના પાયાની સુવિધાથી વંચિત રાખવાનું પાપ ભાજપ સરકારે કર્યું છે. આપત્તિ વ્યવસ્થાપન માં કેન્દ્ર સરકારે રાજ્યને ઓછું અનુદાન આપ્યું છે. રાજ્ય સરકારે ૬૩ સરકાર હસ્તકના જાહેર ક્ષેત્રના ઉપક્રમો માં રૂપિયા ૧.૨૪ લાખ કરોડનું રોકાણ કર્યુ. ૬૩ જાહેર ક્ષેત્રના એકમો માં રોકાણ ની સામે માત્ર ૬ એકમોએ વળતર આપ્યું. ઉધાર લીધેલા ૬.૫૩ ટકા ના ભંડોળ સામે માત્ર ૧.૭૫ ટકા વળતર મળ્યું, રોકાણ માં વધારો છતાં વળતર સામાન્ય રહ્યું હતું, બે દાયકા બાદ પણ સરકારી ખર્ચનો હિસાબ રજૂ ન થયો, કેગ દ્વારા સરકારી વિભાગો દ્વારા હિસાબ રજૂ ન થતા ગંભીર ટીકા કરવામાં આવી છે.વર્ષ ૨૦૦૧-૦૨ થી વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન અપાયેલી રૂપિયા ૭,૪૩૧ કરોડનો હિસાબ રજૂ નથી કર્યો, સરકારના ૧૮ વિભાગો દ્વારા મળેલા અનુદાનો સંદર્ભે ૪,૨૫૮ વપરાશ ના પ્રમાણપત્રો રજૂ ન કરી ને મોટા પાયે નાણાં ક્યાં વપરાયા ? કેવી રીતે વપરાયા ? અથવા તો જે તે યોજનામાં હેતુફેર કરીને ગેરવલ્લે ગયા.

# સુરતના બાઈકર્સો ની અનોખી રામભક્તિ-ઓલપાડ કાંઠાના ડભારી દરિયાકિનારે રેતી પર રચ્યું ભગવાન 'રામ' નામ

સાંધીએર ગામ સહિત તાલુકા ના અનેક ગામના રામ ભક્તોએ રામનવમી પર્વે શોભાયાત્રા કાઢી

• ઓલપાડ,તા.૨૬

સુરત શહેરમાં રહેતા રામભક્ત બાઈકર્સોએ ભગવાન શ્રી રામના જન્મદિન નિમિતે 'જય શ્રી રામ'ના નારા સાથે બાઈક રેલી યોજી ઓલપાડ કાંઠાના ડભારી દરિયા કિનારે પહોંચી દરિયા કાંઠાની રેતી ઉપર ભગવાન 'રામ' નું નામ રચી અનોખી ઉજવણી કરી હતી. ગુરૂવાર,તા.૨૬ ના રોજ મર્યાદા પુરૂષોત્તમ ભગવાન શ્રી રામના જન્મોત્સવ 'રામનવમી'ના પાવન પર્વે એક તરફ દેશના મંદિરોમાં ભજન- કિર્તન અને શોભાયાત્રાઓ નીકળી રહી છે, ત્યારે બીજી તરફ સુરત શહેરના યુવા રામભક્ત બાઈકર્સોએ પ્રભુ શ્રી રામ પ્રત્યેની પોતાની આસ્થા વ્યક્ત કરવા માટે અનોખો રસ્તો અપનાવ્યો હતો. સુરત શહેરની જાણીતી બાઈકિંગ કમ્યુનિટી સંસ્થાના ૭૦ થી વધુ સભ્યો એ ગુરૂવારે વહેલી સવારે 'જય શ્રી રામ'ના નારા સાથે બાઈક રેલી યોજી ઓલપાડ તાલુકાના કાંઠા વિસ્તારના ડભારી દરિયા કાંઠે પહોંચ્યા હતાં.આ રામભક્તોએ દરિયા કાંઠાની રેતી ઉપર કલાત્મક કૃતિ રચી 'રામ'નું નામ લખ્યું હતું



અને દરિયા કિનારાની રેતી ઉપર તમામ બાઈકર્સ પોતાની મોટરસાયકલ લઈને એવી રીતે ગોઠવાયા હતા કે , આભમાંથી જોતા રેતી ઉપર 'રામ' લખાયેલું દેખાતું હતું.આ વિશાળ પ્રતિકૃતિ સોશિયલ મીડિયામાં વાયરલ થતા ભારે આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું.આ બાબતે બાઈકિંગ કમ્યુનિટી સંસ્થાના પિનાંક મશરૂવાળા એ કહ્યું હતું કે,આજે વિશ્વના ૧૨૦ કરોડથી વધુ સનાતનીઓ રામનવમી પર્વ પ્રસંગે ભજન- કિર્તન,રામધૂન, પૂજા-અર્ચના અને શોભાયાત્રા કાઢી વિવિધ રીતે ઉજવણી કરી પોતાની પ્રભુ પ્રત્યેની શ્રદ્ધા વ્યક્ત કરી રહ્યા છે,પરંતુ અમે પ્રભુ શ્રી રામ પ્રત્યેની શ્રદ્ધા કંઈક અલગ રીતે વ્યક્ત કરવા માંગતા હતા, જેથી ૭૦ થી વધુ બાઈકર્સો દ્વારા સુરતથી રેલી કરી ડભારી દરિયાકાંઠેના રેતીના તળ માં ગયા હતાં અને અમારા કાર્યકરોએ માત્ર ૪૦ મિનિટમાં ભગવાન 'શ્રી રામ' નું નામ લખ્યું હતું અને રામભક્તોએ ઉભા રહી 'રામ'ની પ્રતિકૃતિ બનાવી હતી.આ અદભુત દ્રશ્યોનું સર્જન થતા આ દ્રશ્યો ડ્રોન કેમેરામાં કેદ થઈ ગયા હતાં.

# રાણપુર શહેરમાં બાલાજી મંદીરે રામ નવમીની ભવ્ય ઉજવણી કરવામાં આવી

ધૂન,રામ જન્મોત્સવ, મહાઆરતી અને મહાપ્રસાદ સહિતના વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા

• બોટાદ

બોટાદ જિલ્લાના રાણપુર શહેરમાં ભાદર નદીને કાંઠે આવેલા બાલાજી મંદિરે રામનવમી નિમિત્તે ભગવાન શ્રીરામના જન્મોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. દેશભરમાં રામ જન્મોત્સવ ભક્તિભાવપૂર્વક ઉજવાયો હતો.આ ઉજવણી અંતર્ગત સવારથી ભગવાન શ્રીરામની ધૂનનું આયોજન કરાયું હતું. બપોરે ૧૨ કલાકે ભગવાન શ્રીરામનો જન્મોત્સવ ઉજવાયો હતો, ત્યારબાદ મહાઆરતી અને મહાપ્રસાદ સહિતના વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. બાલાજી મંદિરના મહંત પૂજ્ય યોગેશબાપુએ ભગવાન શ્રીરામના જન્મોત્સવની ભવ્ય આરતી કરી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં ભક્તો બાલાજી મંદિરે ઉમટી પડ્યા હતા અને ઉજવણીમાં સહભાગી થયા હતા. આરતી બાદ ભક્તોએ ભગવાન શ્રીરામને પારણે ઝુલાવ્યા હતા.રામભક્તોને પેંડા, પંજરી અને કેળાની



પ્રસાદી આપવામાં આવી હતી. રામનવમી નિમિત્તે બાલાજી મંદિર સેવક સમુદાય દ્વારા તમામ ભક્તો માટે ફરારી મહાપ્રસાદનું પણ આયોજન કરાયું હતું. ભક્તોએ આ ઉજવણીમાં સહભાગી થઈ ધન્યતા અનુભવી હતી.રાણપુર શહેરમાં આવેલા રામજી મંદિર અને સ્વામિનારાયણ મંદિરમાં પણ ભગવાન શ્રીરામના જન્મોત્સવની ઉજવણી સાથે મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું.

# ગોંડલમાં રામનવમી, સ્વામિનારાયણ જયંતીનો બેવડો ઉત્સવ:BAPS અક્ષરમંદિરે 245મી જન્મજયંતી નિમિત્તે ભવ્ય નગરયાત્રા યોજી



• ગોંડલ

ગોંડલમાં મર્યાદા પુરુષોત્તમ શ્રી રામચંદ્ર ભગવાન અને ભગવાન શ્રી સ્વામિનારાયણની 245મી જન્મજયંતી નિમિત્તે ભક્તિમય માહોલ જોવા મળ્યો હતો. BAPS શ્રી અક્ષરમંદિર દ્વારા આયોજિત ભવ્ય નગરયાત્રાએ ગોંડલના રાજમાર્ગો પર સનાતન સંસ્કૃતિના દર્શન કરાવ્યા હતા. આ યાત્રાનો શુભારંભ સાંજે 5:30 કલાકે ભક્તિ હોસ્પિટલથી થયો હતો. પૂજ્ય સંતો અને નગરશ્રેષ્ઠીઓએ વેદોક્ત વિધિથી ઠાકોરજીનું પૂજન કરી રથને પ્રસ્થાન કરાવ્યું હતું. આ નગરયાત્રામાં અક્ષર બેન્ડની મધુર સુરાવલીઓ અને શ્રીરામનું સ્વરૂપ ધારણ કરેલા 750થી વધુ બાળકો મુખ્ય આકર્ષણ હતા.શોભાયાત્રામાં ભગવાન રામ-સીતાના રથની સાથે શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ પણ ભાવિકોને દર્શન આપતા આગળ વધ્યા હતા.

સુગર મિલે ૮,૫૬,૧૫૦ ગુણી ખાંડનું ઉત્પાદન કર્યું

# ચાલુ ક્રસિંગ વર્ષમાં સાયણ સુગર ફેક્ટરીએ ૧૩૩ દિવસમાં ૭.૮૯ લાખ મેટ્રિક ટન શેરડીનું પિલાણ કર્યું

• ઓલપાડ,તા.૨૬

દ.ગુ.ની અગ્રગણ્ય સુગર ફેક્ટરીઓમાં ગણના થતી શ્રી સાયણ વિભાગ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળીની શેરડી કાંપણી પૂર્ણ થતા સુગર મીલે ૧૩૩ દિવસમાં ૭.૮૯ લાખ મેટ્રિક ટન શેરડીનું પિલાણ કર્યું હતું.જો કે સાયણ સુગરે શેરડી પિલાણ પ્રારંભ સમયે નવ લાખ મેટ્રિક ટન અને કામરેજ સુગર ફેક્ટરીએ પાંચ લાખ મેટ્રિક ટન

શેરડી પિલાણનો લક્ષ્યાંક સેવ્યો હતો.પરંતુ કામરેજ સુગર ફેક્ટરી પણ ચાલુ ક્રસીંગ સિઝન માં ૪,૭૦,૯૨૪ મેટ્રિક ટન સુધી પહોંચી શકી હતી. જેથી ચાલુ વર્ષે શેરડીના ઓછા ઉતારા વચ્ચે ઉત્પાદનમાં ઘટાડો થતા દ.ગુ. ની અન્ય સુગર ફેક્ટરીની જેમ આ બંન્ને સુગર ફેક્ટરીઓ પણ પોતાનો લક્ષ્યાંક સિદ્ધ કરી શકી ન હતી.

સુગર બોર્ડના તમામ ડિરેકટરો, ઝોન સમિતિની બોર્ડ,સુગરના મેનેજીંગ ડિરેકટર સહિત કર્મચારીઓ ની ટીમની એકરાગીતાના કારણે શેરડી પિલાણ સિઝન પૂર્ણ કરવામાં સફળતા મળવા બદલ સૌનો આભાર માન્યો હતો. સુરત જિલ્લા ના ઓલપાડ, ચોર્યાસી,કામરેજ, માંગરોળ,અરેઠ તાલુકા સહિત કાર્યક્ષેત્રના સુરત સિટી હદ વિસ્તાર ના ગામમાં શેરડી પકાવતા ખેડૂતોની જીવાદોરી સમાન સાયણ સુગર ફેક્ટરીની સને:૨૦૨૫-૨૬ ની શેરડી કાંપણી પૂર્ણ થતા શેરડીનું પિલાણ ગત તા.૨૪ મી માર્ચના રોજ બંધ કરી પુર્ણાહૂતિ કરવામાં આવી હતી.આ પ્રસંગે સુગરના ચેરમેન રાકેશભાઈ પટેલે કહ્યું હતું કે,અમોએ ગત તા.૧૨ મી નવેમ્બર-૨૦૨૫ ના રોજ સુગર મીલમાં શેરડી પિલાણનો પ્રારંભ કર્યો હતો. ચાલુ વર્ષમાં સતત વરસાદના કારણે શેરડીના ઓછા ઉતારાથી ઉત્પાદનમાં ઘટાડો થતા સુગર મીલનું પિલાણ દર વર્ષની સરખામણીમાં ૧૫ દિવસ પહેલા બંધ થયું છે.તેમ છતાં આપણી ફેકટરીની મીલે ૧૩૩ દિવસના ક્રસીંગ બાદ કુલ ૭,૮૯,૫૧૨ મે.ટન શેરડીનું પિલાણ કરી સારી રિકવરી સાથે ૮,૫૦,૧૫૦ કવિન્ટલ ખાંડનું ઉત્પાદન કરેલ છે. જો કે,સુગર મીલ બંધ થયા બાદ હાલમાં ખાંડની પ્રોસેસ ચાલુ હોવાથી બે દિવસ બાદ ઉત્પાદનના કિવન્ટલમાં વધારો થશે.આ પ્રસંગે તેમણે સંસ્થાની પ્રગતિમાં રાત-દિવસ મહેનત કરી શેરડીની કાંપણી કરતા શ્રમિકો, સુગરને શેરડી આપનારા ખેડૂતો,

ટ્રક એસોશિએશન,

સુગર બોર્ડના તમામ ડિરેકટરો, ઝોન સમિતિની બોર્ડ,સુગરના મેનેજીંગ ડિરેકટર સહિત કર્મચારીઓ ની ટીમની એકરાગીતાના કારણે શેરડી પિલાણ સિઝન પૂર્ણ કરવામાં સફળતા મળવા બદલ સૌનો આભાર માન્યો હતો.

દુરુપયોગ

: ગુજરાતમાં વહીવટી ખામીઓનો મોટો ખુલાસો

# પોલીસ સત્તાના દુરુપયોગની 324 ઘટના, અમદાવાદમાં સૌથી વધુ; તલાટી-કમ મંત્રીની 4151 જગ્યા ખાલી

## તકેદારી આયોગે વર્ષ 2024ના અહેવાલમાં સરકારી વિભાગો, બોર્ડ અને નિગમોને ગંભીર ટકોર કરી છે. પ્રાથમિક તપાસની કામગીરી યોગ્ય રીતે કરવા, ચોક્કસ વિગતો સાથે અહેવાલ આપવા સૂચના આપવામાં આવી છે

• ગાંધીનગર

2024-25ના સરકારી આંકડાઓમાં ગુજરાતના વહીવટી તંત્રની અનેક ખામીઓ સામે આવી છે. પોલીસ દ્વારા સત્તાનો દુરુપયોગ થયાની 324 ઘટનાઓ નોંધાઈ છે, જ્યારે તલાટી-કમ-મંત્રીના મહેકમમાં 4,151 જગ્યાઓ ખાલી છે અને મોટાભાગે વધારાના ચાર્જથી કામ ચલાવવામાં આવી રહ્યું છે. સાથે સાથે "નલ સે જલ" યોજનામાં 20 જિલ્લામાં ગેરરીતિની 54 ફરિયાદો સામે આવી છે. બીજી તરફ સરકાર એક્સટેન્શન ઘટાડીને નવી ભરતી પર ભાર મૂકી રહી છે, છતાં તંત્રમાં ખામી અને ગેરવ્યવસ્થાના પ્રશ્નો યથાવત્ જોવા મળી રહ્યા છે.

પોલીસે સત્તાનો દુરુપયોગ કર્યાની રાજ્યમાં 324 ઘટના, અમદાવાદમાં સૌથી વધુ વર્ષ 2024-25ના આંકડાઓ મુજબ, ગુજરાતમાં પોલીસ દ્વારા સત્તાનો દુરુપયોગ થયાની કુલ 324 ઘટનાઓ સામે આવી છે, જેમાં સૌથી વધુ કેસ અમદાવાદમાં નોંધાયા છે. અમદાવાદમાં કુલ 66 કેસોમાં પોલીસ પર સત્તાનો દુરુપયોગ કરવાનો આરોપ નોંધાયો છે. બીજા ક્રમે સુરતમાં 24 ઘટનાઓ સામે આવી છે. આ આંકડાઓ રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા સંદર્ભે ગંભીર પ્રશ્નો ઉભા કરે છે અને પોલીસની જવાબદારી તેમજ પારદર્શિતાને લઈને ચર્ચા તેજ બની છે.

તલાટી-કમ-મંત્રીમાં ખાલી જગ્યાઓનો ઢગલો, 4151 જગ્યા ખાલી રાજ્યમાં તલાટી-કમ-મંત્રીના મહેકમ માટે મંજૂર કુલ 11,705 જગ્યાઓ સામે 7,554 જગ્યા ભરાયેલી છે, જ્યારે 4,151 જગ્યા ખાલી છે. તેમાંથી 4,104 જગ્યાઓ પર વધારાનો ચાર્જ સોંપવામાં આવ્યો છે, જે કુલ ખાલી જગ્યાઓના 98.86% થાય છે. એટલે કે માત્ર 47 જગ્યાઓ જ એવી છે, જ્યાં વધારાનો ચાર્જ નથી. જિલ્લાવાર આંકડાઓમાં વડોદરામાં સૌથી વધુ 249 જગ્યા ખાલી છે, જ્યારે અમરેલીમાં 237 ખાલી જગ્યાઓ સાથે બીજા ક્રમે છે. દર 100 મંજૂર જગ્યામાંથી સરેરાશ 35 જગ્યા ખાલી રહેતી હોવાની હકીકત વહીવટી તંત્ર માટે ચિંતાજનક છે. આ મુદ્દો દાંતા MLAના સવાલમાં સરકાર દ્વારા સ્વીકારવામાં આવ્યો હતો.

એક્સટેન્શન ઘટાડા તરફ સરકારનો ઝોક, નવી ભરતી પર ભાર રાજ્ય સરકારે નિવૃત્ત અધિકારીઓને એક્સટેન્શન આપવાના પ્રમાણમાં નોંધપાત્ર ઘટાડો કર્યો છે અને નવી ભરતી પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. વર્ષ 2022-23માં કુલ 129 અધિકારીઓને એક્સટેન્શન આપવામાં આવ્યા હતા, જે 2023-24માં ઘટીને 73 થયા અને 2024-25માં માત્ર 35 રહ્યા છે.

ગૃહ વિભાગમાં 2022-23માં 43 એક્સટેન્શન આપવામાં આવ્યા હતા, જ્યારે 2024-25માં તે ઘટીને માત્ર 9 રહ્યા છે. આ ઉપરાંત જળ સંપત્તિ, માર્ગ-મકાન અને અન્ય વિભાગોમાં પણ એક્સટેન્શનના આંકડામાં નોંધપાત્ર ઘટાડો થયો છે. સરકાર હવે નિવૃત્તિ કરતાં નવા મહેકમ ઉભા કરવાની દિશામાં આગળ વધી રહી છે. ઝીરો પેન્ડેન્સીની નિતી વચ્ચે પડતર કેસોનો જમાવડો ઝીરો પેન્ડેન્સીની નિતી હોવા છતાં પડતર કેસોનો જમાવડો જોવા મળ્યો છે. વર્ષ ૨૦૨૪ના અંતે કુલ ૩૫૫૬ કેસો પેન્ડીંગ હોવાનું સામે આવ્યું છે. ફરિયાદ, આક્ષેપ અને સુઓમોટો કેસોમાં પેન્ડન્સી જોવા મળી છે, જેમાંથી 724 કેસ 5 વર્ષ કરતાં વધુ સમયથી પેન્ડીંગ છે, જે ગંભીર બાબત માનવામાં આવી રહી છે.



પેન્ડીંગ કેસોમાં શહેરી વિકાસ અને શહેરી ગ્રામ ગૃહ નિર્માણ વિભાગમાં સૌથી વધુ 707 કેસ નોંધાયા છે. ત્યારબાદ પંચાયત અને ગ્રામ વિકાસ વિભાગમાં 697 કેસ, મહેસૂલ વિભાગમાં 573 કેસ, માર્ગ અને મકાન વિભાગમાં 313 કેસ અને ઉદ્યોગ તથા ખાણ વિભાગમાં 184 કેસ પેન્ડીંગ છે, જે વિભાગવાર વિલંબને દર્શાવે છે.

5 વર્ષ કરતાં વધુ સમયથી પેન્ડીંગ રહેલા કેસોમાં ગ્રામ વિકાસ વિભાગમાં ૧૯૧ કેસ સૌથી વધુ છે, જ્યારે શહેરી વિકાસ અને શહેરી ગ્રામ ગૃહ નિર્માણ વિભાગમાં 158 કેસ છે. મહેસૂલ વિભાગમાં 114, માર્ગ અને મકાન વિભાગમાં 93 કેસ પેન્ડીંગ છે. ઉપરાંત નર્મદા, જળ સંપત્તિ અને પાણી પુરવઠા વિભાગમાં 49, શિક્ષણ અને આરોગ્ય વિભાગમાં 40-40 તથા કૃષિ, પશુપાલન અને સહકાર વિભાગમાં 39 કેસ લાંબા સમયથી પેન્ડીંગ.

નલ સે જલ યોજનામાં ગેરરીતિ: 20 જિલ્લામાં 54 ફરિયાદ "નલ સે જલ" યોજનામાં વર્ષ 2024-25 દરમિયાન કુલ 20 જિલ્લાઓમાં ગેરરીતિ અને ભ્રષ્ટાચાર સંબંધિત 54 ફરિયાદો નોંધાઈ છે. અમરેલી જિલ્લામાં સૌથી વધુ 10 ફરિયાદો નોંધાઈ છે, જ્યાં 62.21 લાખની ગ્રાન્ટ સામે 220.54 લાખનો ખર્ચ નોંધાયો છે, જે ગ્રાન્ટ કરતાં લગભગ 3.5 ગણો વધુ છે.

કુલ 10,590.60 લાખની ગ્રાન્ટમાંથી 55% ફાળવણી મહીસાગર જિલ્લામાં કરવામાં આવી છે. જ્યારે 4 જિલ્લાઓ જેમ કે, જામનગર, ડાંગ, આણંદ અને પોરબંદરમાં કોઈ ગ્રાન્ટ ફાળવાઈ નથી. પંચમહાલ જિલ્લામાં 140 લાખની ગ્રાન્ટ વપરાયા વગર રહી ગઈ છે. આ તમામ આંકડાઓ યોજનાની અમલવારી અને મોનિટરિંગ સિસ્ટમ પર ગંભીર સવાલો ઉભા કરે છે.

તકેદારીઆયોગની ગંભીર ટકોર તકેદારી આયોગે વર્ષ 2024ના અહેવાલમાં સરકારી વિભાગો, બોર્ડ અને નિગમોને ગંભીર ટકોર કરી છે. પ્રાથમિક તપાસની કામગીરી યોગ્ય રીતે કરવા, ચોક્કસ વિગતો સાથે અહેવાલ આપવા સૂચના આપવામાં આવી છે. માહિતીના અભાવે વારંવાર પૂછપરછ કરવી પડે છે, જ્યારે પૂરતી માહિતી આપવામાં આવે તો પૂરક અહેવાલ નિવારી શકાય છે. આ મુદ્દાઓ અહેવાલમાં ઉલ્લેખિત કરવામાં આવ્યા છે અને ગત રોજ વિધાનસભામાં અહેવાલ રજૂ થયો છે.

સરકારી વિભાગોની ખાતાકીય તપાસમાં આળસ સરકારી વિભાગોની ખાતાકીય તપાસમાં આળસ સામે આવી છે, જેને લઈ તકેદારી આયોગે પડતર કેસો અંગે ચિમકી આપી છે. વિવિધ વિભાગોને ખાતાકીય તપાસ અંગે સૂચના આપવામાં આવી છે કે તપાસમાં વિલંબ ન કરો અને ત્વરિત તપાસ અહેવાલ આપો. અનેક કેસોમાં પ્રાથમિક તપાસ પૂર્ણ થઈ હોવા છતાં કેસો પેન્ડીંગ રાખવામાં આવ્યા છે, જે પર આયોગે અસંતોષ વ્યક્ત કર્યો છે.દોષિત કર્મચારી સામે તકેદારી આયોગની લાલ આંખ દોષિત કર્મચારીઓ સામે તકેદારી આયોગે કડક વલણ અપનાવ્યું છે. વર્ષ ૨૦૨૪ દરમિયાન મળેલી ફરિયાદોને આધારે ૬૭૮ કર્મચારીઓને ભારે શિક્ષા કરવા ભલામણ કરવામાં આવી છે, જ્યારે ૨૯ સામે ફોજદારી કાર્યવાહી કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. ૩ કર્મચારીઓના પેન્શન કાપ કરવા હુકમ કરવામાં આવ્યા છે અને ૫૪ કર્મચારીઓને હળવી શિક્ષા માટે ભલામણ કરવામાં આવી છે. ઉપરાંત ૫૮૮ કર્મચારીઓ સામેની ફરિયાદ દફતરે કરવામાં આવી છે.

ઝીરો પેન્ડેન્સીની નિતી વચ્ચે પડતર કેસોનો જમાવડો ઝીરો પેન્ડેન્સીની નિતી હોવા છતાં પડતર કેસોનો જમાવડો જોવા મળ્યો છે. વર્ષ ૨૦૨૪ના અંતે કુલ ૩૫૫૬ કેસો પેન્ડીંગ હોવાનું સામે આવ્યું છે. ફરિયાદ, આક્ષેપ અને સુઓમોટો કેસોમાં પેન્ડન્સી જોવા મળી છે, જેમાંથી 724 કેસ 5 વર્ષ કરતાં વધુ સમયથી પેન્ડીંગ છે, જે ગંભીર બાબત માનવામાં આવી રહી છે. પેન્ડીંગ કેસોમાં શહેરી વિકાસ અને શહેરી ગ્રામ ગૃહ નિર્માણ વિભાગમાં સૌથી વધુ 707 કેસ નોંધાયા છે. ત્યારબાદ પંચાયત અને ગ્રામ વિકાસ વિભાગમાં 697 કેસ, મહેસૂલ વિભાગમાં 573 કેસ, માર્ગ અને મકાન વિભાગમાં 313 કેસ અને ઉદ્યોગ તથા ખાણ વિભાગમાં 184 કેસ પેન્ડીંગ છે, જે વિભાગવાર વિલંબને દર્શાવે છે.

5 વર્ષ કરતાં વધુ સમયથી પેન્ડીંગ રહેલા કેસોમાં ગ્રામ વિકાસ વિભાગમાં ૧૯૧ કેસ સૌથી વધુ છે, જ્યારે શહેરી વિકાસ અને શહેરી ગ્રામ ગૃહ નિર્માણ વિભાગમાં 158 કેસ છે. મહેસૂલ વિભાગમાં 114, માર્ગ અને મકાન વિભાગમાં 93 કેસ પેન્ડીંગ છે. ઉપરાંત નર્મદા, જળ સંપત્તિ અને પાણી પુરવઠા વિભાગમાં 49, શિક્ષણ અને આરોગ્ય વિભાગમાં 40-40 તથા કૃષિ, પશુપાલન અને સહકાર વિભાગમાં 39 કેસ લાંબા સમયથી પેન્ડીંગ.

---

માતા મહાગૌરીની આરાધનામાં શ્રદ્ધાળુઓ લીન

# ચૈત્રી નવરાત્રીની અષ્ટમીએ માઈ મંદિરોમાં ભક્તોનું ઘોડાપૂર હવન અને મહાઆરતીથી વાતાવરણ ભક્તિમય બન્યું

પરંપરા

## લિંક રોડ સ્થિત અંબાજી માતાના મંદિરે હવનમાં સાડીઓની આહુતિ આપવાની વર્ષો જૂની પરંપરા જળવાઈ

• ભરૂચ,

આદ્યશક્તિની આરાધનાના પર્વ ચૈત્રી નવરાત્રીની આઠમનું વિશેષ મહત્ત્વ હોય છે, ત્યારે આજે ભરૂચ શહેરના વિવિધ માઈ મંદિરોમાં ભક્તોનું ઘોડાપૂર ઉમટી પડ્યું હતું. નવરાત્રીના આઠમા નોરતે માતા મહાગૌરીની આરાધના કરવા માટે વહેલી સવારથી જ મંદિરોમાં શ્રદ્ધાળુઓની લાંબી કતારો જોવા મળી હતી. વિવિધ સ્થળોએ હવન, પૂજન અને મહાઆરતીના આયોજન દ્વારા ભરૂચ નગરી ભક્તિના રંગે રંગાઈ હતી.

ભરૂચના લિંક રોડ વિસ્તારમાં આવેલા શ્રી મોઢેશ્વરી માતાના મંદિર અને શ્રી અંબાજી માતાના



મંદિરે વિશેષ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. વહેલી સવારે ૭:૦૦ કલાકે માતાજીની મંગળા આરતી બાદ ધાર્મિક વિધિનો પ્રારંભ થયો હતો. બપોરે ૪:૩૦ કલાકે હવન પ્રારંભાયો હતો, જેમાં શાસ્ત્રોક્ત મંત્રોચ્ચાર સાથે આહુતિઓ આપવામાં આવી હતી. સાંજે ૬:૩૦ કલાકે હવનમાં શ્રીફળ હોમીને પૂર્ણાહુતિ કરવામાં આવી હતી, જેમાં મોટી સંખ્યામાં માઈ ભક્તોએ દર્શનનો લાભ લીધો હતો.

લિંક રોડ પર આવેલી શુભમ સોસાયટી સ્થિત શ્રી અંબાજી માતાના મંદિરે વર્ષોથી ચાલી આવતી એક અનોખી પરંપરા આજે પણ જોવા મળી હતી. અહીં હવનમાં શ્રીફળ હોમ્યા બાદ માતાજીને વસ્ત્રો સમર્પણ કરવામાં આવ્યા હતા, જેમાં શ્રદ્ધાપૂર્વક હવન કુંડમાં સાડીઓની આહુતિ આપવામાં આવી હતી. આ અનોખી વિધિના સાક્ષી બનવા માટે સ્થાનિકો તેમજ દૂર-દૂરથી ભક્તો ઉમટી પડ્યા હતા. ત્યારબાદ રાત્રે ૭:૦૦ કલાકે ભવ્ય મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું.

શાસ્ત્રોક્ત માન્યતા મુજબ, આઠમા નોરતે વૃષભ પર સવાર અને ચાર ભુજાઓ ધરાવતા માતા મહાગૌરીની પૂજા કરવાથી સુખ અને સમૃદ્ધિમાં વધારો થાય છે. ભરૂચના માઈ ભક્તોએ માતાજીનું પૂજન, અર્ચન અને હવનમાં દર્શન કરી ધન્યતા અનુભવી હતી. સમગ્ર દિવસ દરમિયાન ભરૂચના તમામ શક્તિપીઠો અને નાના-મોટા મંદિરોમાં 'જય માતાજી'ના નાદ સાથે આધ્યાત્મિક વાતાવરણ જોવા મળ્યું હતું. કાર્યક્રમના અંતે ભક્તોમાં પ્રસાદીનું વિતરણ કરવામાં આવ્યું હતું.

---

# ડભોઈમાં ઉનાળાની દસ્તક સાથે જ લીંબુના ભાવમાં કરંટ ગૃહિણીઓનું બજેટ ખોરવાયું

## કાળઝાળ ઉનાળાની શરૂઆત થતાં જ ઠંડક આપતા લીંબુ હવે સામાન્ય માણસના ખિસ્સામાં દઝાડવા '

• ફકીરા ખત્રી ડભોઈ

કાળઝાળ ઉનાળાની શરૂઆત થતાં જ ઠંડક આપતા લીંબુ હવે સામાન્ય માણસના ખિસ્સામાં દઝાડવા' લાગ્યા છે ડભોઈના શાકભાજી માર્કેટમાં લીંબુની આવક ઘટતા ભાવમાં તોતિંગ ઉછાળો જોવા મળ્યો છે. જે લીંબુ માર્ચની શરૂઆતમાં 40 પ્રતિ કિલો મળતા હતા, તે હવે 145 થી 150 ના આસમાની ભાવે વેચાઈ રહ્યા છે. ભાવમાં સીધો 200%થી વધુનો ઉછાળો

માત્ર થોડા જ દિવસોમાં લીંબુના ભા વમાં થયેલા આ વધારાએ મધ્યમ વર્ગ અને સોડા-શરબતના વેપારીઓની ચિંતા વધારી દીધી છે. બજારમાં અત્યારે બે પ્રકારના લીંબુ જોવા મળી રહ્યા છે પીળા પાકા લીંબુ: જેમાં રસ ભરપૂર હોય છે, જેની માંગ સૌથી વધુ છે.

લીલા કાચા લીંબુ: જેમાં રસનું પ્રમાણ ઓછું હોય છેવેપારીઓ અત્યારે ગ્રાહકોને બંને પ્રકારના લીંબુ મિક્સ કરીને આપી રહ્યા છે, છતાં ભાવ ઘટવાનું નામ લેતા નથી. આવકમાં



ઘટાડો અને માંગમાં વધારો

ડભોઈના બજારમાં મુખ્યત્વે મહારાષ્ટ્ર અને અન્ય રાજ્યોમાંથી લીંબુની આવક થતી હોય છે. પરંતુ આ વર્ષે અન્ય રાજ્યોમાંથી આવક ઓછી થતાં અને સ્થાનિક સ્તરે ગરમી વધતા લીંબુની અછત સર્જાઈ છે. સામે પક્ષે ઉનાળામાં લીંબુ શરબત અને સોડાની માંગ વધતા 'ડિમાન્ડ અને સપ્લાય'નું ગણિત બગડ્યું છે, જેના કારણે ભાવ આસમાને પહોંચ્યા છે.

લીંબુ: માત્ર સ્વાદ જ નહીં, સ્વાસ્થ્યનો ખજાનો લીંબુના ભાવ વધવા પાછળનું એક મુખ્ય કારણ તેના અગણિત સ્વાસ્થ્ય ગુણો પણ છે. આયુર્વેદ અને વિજ્ઞાન બંનેમાં લીંબુને ઉત્તમ ઔષધ માનવામાં આવે છે પાચન અને વજન: પેટના દુખાવામાં રાહત આપે છે અને શરીરનું વજન ઉતારવામાં મદદરૂપ થાય છે.

બ્લડ પ્રેશર: હૃદયના સ્વાસ્થ્ય અને બ્લડ પ્રેશરને નિયંત્રિત રાખવામાં ગુણકારી છે.

સૌંદર્ય: વાળમાંથી ખોડો દૂર કરવા અને વાળને રેશમી-મુલાયમ બનાવવા માટે લીંબુ અકસીર છે ગરમીથી રક્ષણ: ઉનાળામાં શરીરમાં થતા શોષ (ડિહાઈડ્રેશન) સામે રક્ષણ આપી ત્વરિત ઉર્જા પ્રદાન કરે છે રસોઈનો સ્વાદ પણ ફિક્કો પડ્યો ગૃહિણીઓના જણાવ્યા મુજબ, દાળ-શાક કે અન્ય વાનગીઓમાં લીંબુનો રસ ભળતા જ સ્વાદ બમણો થઈ જાય છે, પરંતુ હવે 150 ના ભાવે લીંબુ ખરીદવા સામાન્ય પરિવાર માટે મોંઘા સાબિત થઈ રહ્યા છે. અમીર હોય કે ગરીબ, દરેક વ્યક્તિ અત્યારે ઉનાળાની ગરમીથી બચવા લીંબુ પાણીનો આશરો લઈ રહી છે ત્યારે આ ભાવવધારો ચર્ચાનો વિષય બન્યો છેનિષ્કર્ષ: વધતી ગરમી અને ઘટતી આવક વચ્ચે લીંબુ હવે 'સોના' જેવું કીમતી બની ગયું છે.

---

# પોષણને બદલે પુલાવ:PM પોષણ યોજનાના 70 ટકા કેન્દ્રમાં 3 મહિનાથી દાળ અપાતી નથી

• રાજકોટ

કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા બાળવાટિકાથી ધોરણ-8 સુધીના બાળકોને પીએમ પોષણ યોજના હેઠળ અલ્પાહાર, ભોજન, દૂધ સંજીવની હેઠળ આવરી લઈ કરોડો રૂપિયાનું બજેટ ફાળવવામાં આવી રહ્યું છે, પરંતુ રાજકોટ-જામનગરને બાદ કરતા અન્ય જિલ્લાના 70થી 80 ટકા બપોરા કેન્દ્રોમાં સરકારે દાળની ફાળવણી જ ન કરી હોવાથી પોષણ યોજનાના મેનુની હાંસી ઊડી રહી છે. બાળકોને પોષણયુક્ત આહાર માટે દાળ અત્યંત આવશ્યક હોવા છતાં દાળના અભાવે દાળ ઢોકળી, ખીચડી સહિતની વાનગી બનતી ન હોવાથી બાળકોને પોષણના નામે દાળ વગર પુલાવ પીરસવામાં આવી રહ્યો છે. સાથે જ ગુરુવારે બાળકોને બપોરના સમયે આપવામાં આવતી સુખડી પણ બંધ કરી દેવામાં આવી હોવાનું સામે આવ્યું છે.પીએમ પોષણ યોજના હેઠળ હાલમાં રાજ્યમાં બાલવાટિકા તેમજ 32,230 શાળાના ધોરણ-8 સુધીના અંદાજે 38.50 લાખ જેટલા બાળકોને બપોરનું ભોજન ઉપરાંત મુખ્યમંત્રી અલ્પાહાર યોજના હેઠળ સવારનો નાસ્તો આપવામાં આવે છે. સાથે જ દર ગુરુવારે બાળકોને પોષણ માટે સુખડી આપવામાં આવતી હતી. જોકે વર્ષ 2024થી અમલી બનેલા પોષણ યોજનાના મેનુમાં અલ્પાહારમાં ફેરફાર કરી હવેથી બાળકોને મગ ચાટ, વેજિટેબલ પૌવા, મિક્સ કઠોળ ચાટ, મિલેટ સુખડી, વેજિટેબલ ઉપમા સહિતની વાનગી પીરસવામાં આવશે. જોકે, રાજ્ય સરકારે ગુરુવારની લાપસી બંધ કરી છે. ઉપરાંત છેલ્લા ત્રણ મહિનાથી 70થી 80 ટકા કેન્દ્રમાં દાળ ફાળવવામાં આવી ન હોવાથી બાળકોને સૌથી વધુ પ્રોટીન જેમાંથી મળે છે તેવી દાળ સાથેની વાનગી જ બનતી ન હોવાનું પણ સામે આવ્યું છે.ગુજરાત સરકારે પીએમ પોષણ યોજનામાં અલ્પાહાર મેનુમાં ફેરફાર કરતા ઓલ ગુજરાત રાજ્ય મધ્યાહ્ન ભોજન યોજના કર્મચારી મંડળ દ્વારા રાજ્યના મુખ્યમંત્રીને લેખિત રજૂઆત કરી બદલાવેલ મેનુમાં ભૂલો અંગે ધ્યાન દોરવામાં આવ્યું છે. જેમાં પૌવા બટેટા, મગચાટ, ઉપમા વગેરે વાનગીમાં મસાલા માટે નાણાકીય જોગવાઈ ન કરવામાં આવી હોવાની સાથે કઠોળ અને બાજરીના બજારભાવ પ્રમાણે નાણાકીય જોગવાઈ કરવામાં ન આવી હોવાથી પ્રત્યેક બાળક દીઠ રૂપિયા 5ના બદલે રૂ.2ના વધારા સાથે 7 રૂપિયાની જોગવાઈ કરવા માગણી કરી હતી.

---

# રામનવમી નિમીત્તે શોભાયાત્રા નીકળી, જયશ્રી રામના નારાથી ગૂંજ્યુ શહેરાનગર



• શહેરા,

પંચમહાલ જીલ્લામાં રામનવમી પર્વની ધામધુમથી ઉજવણી કરવામા આવી હતી. વિવિધ નગરોમાં આવેલા રામમંદિર ખાતે સવારથી રામલલ્લાના દર્શન માટે ભીડ જામી હતી.શહેરા નગરમા સમી સાજે ભવ્ય શોભાયાત્રા નીકળી હતી. શહેરાનગરના વિવિધ માર્ગો પર ફરી હતી.નગરના માર્ગો જયશ્રી રામના ગગનભેદી નારાથી ગૂંજી ઉઠ્યા હતા.પોલીસનો ચૂસ્ત બંદોબસ્ત ગોઠવામા આવ્યો હતો. પંચમહાલ જીલ્લાના શહેરા નગરમા રામનવમી પર્વની ધામધુમથી ઉજવણી કરવામા આવી હતી.શહેરાનગરના નાડા રોડ પર આવેલા રામ મંદિર ખાતે સવારથી રામનવમીને પર્વને લઈ રામભક્તોની ભીડ જામી હતી.મંદિરમા આવેલી રામ,લક્ષ્મણ!સીતા માતાજીની મુર્તિઓને પણ ફૂલોથી શણગારવામા આવી હતી.

---

ડભોઈ એક તરફ જ્યારે નેતાઓ ડિજિટલ ઈન્ડિયા અને સર્વાંગી વિકાસની ગુલબાંગો પોકારી રહ્યા છે

# ડભોઈમાં વિકાસ'ની પોલ ખોલતું જર્જરિત સ્મશાન જીવતા સુખ ન મળ્યું

• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈમાં વિકાસ'ની પોલ ખોલતું જર્જરિત સ્મશાન જીવતા સુખ ન મળ્યું, હવે મર્યા પછી પણ હાલાકી ડભોઈ એક તરફ જ્યારે નેતાઓ ડિજિટલ ઈન્ડિયા અને સર્વાંગી વિકાસની ગુલબાંગો પોકારી રહ્યા છે, ત્યારે બીજી તરફ ડભોઈના મ હુડી ભાગોળ અને ટીંબી ફા ટ ક વિસ્તારમાં આવેલું સ્મશાન તંત્રની ઘોર બેદરકારીનો જીવતો જા ગતો પુરાવો બની ર હ્યું છે. આશરે 1000 જેટલા મકા નોની વસ્તી વચ્ચે આવેલું આ સ્મશાન આજે પોતે જ 'મરણ પથારીએ' હોય તેવી હાલતમાં છે.

જર્જરિત બાંધકામ: સ્મશાનના પાયા સડી ગયા છે અને સ્લેબમાંથી લોખંડના સળિયા



બહાર દેખાઈ રહ્યા છે. ગમે ત્યારે મોટી દુર્ઘટના સર્જાઈ શકે તેવી ભીતિ સેવાઈ રહી છે સગડીનો અભાવ: નવાઈની વાત તો એ છે કે અહીં મૃતદેહને અગ્નિદાહ આપવા માટે યોગ્ય સગડી પણ નથી. મજબૂરીમાં મૃતદેહને જમીન પર રાખીને સળગાવવો પડે છે, જે અત્યંત આઘાતજનક છે ગંદકી અને ઝાડી-ઝાંખરા: સ્મશાનમાં ચારે તરફ કચરાના ઢગલા અને ગાંડા બાવળોનું સામ્રાજ્ય ફેલાયેલું છે. અંતિમ સંસ્કાર માટે આવતા લોકોને બેસવા માટે પણ કોઈ વ્યવસ્થા નથી. રહેવાસીઓનો આક્રોશ: સ્થાનિકોનું કહેવું છે કે, 'શહેરમાં ગંદકી વચ્ચે જીવ્યા તો ખરા, પણ શું મર્યા પછી પણ ગંદકીના ઢગલા પર જ સૂવાનું

નેતાઓ સામે વેધક સવાલ વિકાસની વાતો કરતા ડભોઈના નેતાઓને જનતા સવાલ કરી રહી છે કે, શું મહુડી ભાગોળ વિસ્તારના લો કો માટે આ જ વિકાસ છે? સ્મ શાનની આ દયનીય સ્થિતિ જો તા એવું લાગે છે કે તંત્રને માત્ર મ ત મેળવવામાં રસ છે, લોકોની મૂ ળભૂત સુવિધાઓમાં નહીં હવે જોવાનું એ રહ્યું કે

શું વહીવટી તંત્ર જાગશે શું આ સ્મશાનનું રિપેરિંગ કરવામાં આવશે કે નવું સ્મશાન બનાવીને લોકોને આ નરક જેવી સ્થિતિમાંથી મુક્તિ અપાવવામાં આવશે.

# વસંત આકેડીવાલાના પત્નીની હત્યા. 3 દિવસથી ગુમ શાંતિબેન આકેડીવાલાનો મૃતદેહ મળ્યો

## 15 વર્ષથી ઘરકામ કરતી રેખાએ કરી દીધી શેઠાણીની હત્યા,પૈસા માટે ઘડ્યું કાવતરું

• પાલનપુર

પાલનપુરમાં માનવતા શરમાવે તેવી ચોંકાવનારી ઘટના સામે આવી છે જ્યાં ઓળખાણ અને વિશ્વાસનો લાભ લઈ એક મહિલાએ જ બીજી મહિલાની નિર્દયી હત્યા કરી નાખી છે.. સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયાની લાલચમાં આરોપી રેખા રાઠોડે પહેલા વિશ્વાસ જીત્યો..અને પછી એકાંતનો લાભ લઈ શાંતિબેન આકેડીવાલાને મોતને ઘાટ ઉતારી દીધી.. સમગ્ર ઘટનાને લઈને પરિવાર સહિત સમાજમાં ભારે રોષનો માહોલ છે.. તો શું છે આખી ઘટના જોઈએ આ ખાસ રિપોર્ટમાં..પાલનપુર તાલુકાના આકેડી ગામના મૂળ નિવાસી અને હાલ પાલનપુર શહેરની ચાણક્યપુરી સોસાયટીમાં રહેતા વસંતભાઈ આકેડીવાલા પરિવાર પર આફત તૂટી પડી છે.. તેમના ધર્મપત્ની શાંતિબેન આકેડીવાલાની ક્રૂર હત્યાએ સમગ્ર શહેરને હચમચાવી દીધું છે..



મળતી માહિતી મુજબ રેખા રાઠોડ નામની મહિલા છેલ્લા પંદર વર્ષથી આ પરિવાર સાથે જોડાયેલી હતી ઘરકામથી લઈ રસોઈ સુધીના કામ કરતી આ મહિલા પરિવારનો વિશ્વાસ જીતી ચૂકી હતી એટલું જ નહીં હનુમાન ટેકરી વિસ્તારમાં ફર્નિચરના વ્યવસાય સાથે સંકળાયેલી રેખા રાઠોડનો આ પરિવાર સાથે સતત સંપર્ક વધતો ગયો અને એક વર્ષ અગાઉ શાંતિબેન દ્વારા રેખા રાઠોડને જરૂરીયાતના સમયમાં સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા આપ્યા હતા પરંતુ સમય જતા શાંતિબેન આ રકમ અને દાગીનાની ઉઘરાણી કરવા લાગ્યા હતા જે બાબત આરોપી માટે ખૂંટો બનીતારીખ 22 માર્ચની રાત્રે આશરે આઠ વાગ્યે શાંતિબેન રેખા રાઠોડની ફર્નિચરની દુકાને પહોંચ્યા હતા જ્યાં પહેલેથી જ ઘાતકી કાવતરું રચાયેલું હતું આરોપી રેખા રાઠોડ અને અન્ય ત્રણ જેટલા શખ્સોએ મળીને શાંતિબેનની કરપીણ રીતે હત્યા કરી નાખી હત્યા બાદ આરોપીઓએ મૃતદેહને કોથળામાં ભરી કોઈ ગામમાં વિસ્તારમાં લાસ ને સળગાવી દેવાનો પ્રયાસ કર્યો હતો. લાશ પૂરી ના સળગતા ફરી લાશને કોથળામાં પૂરી પાલનપુર આબુ હાઈવે પર અવાવરું શોપિંગ સેન્ટર ની જગ્યા ના નાળામાં ફેંકી પુરાવા નષ્ટ કરવાનો પ્રયાસ કર્યો. પરંતુ સમગ્ર ઘટનાની અરજીના આધારે પોલીસને જાણ થતાં જ પાલનપુર શહેર પશ્ચિમ પોલીસ તાત્કાલિક હરકતમાં આવી અને તપાસ નો ધમધમાટ શરૂ કર્યો. અને આ ઘટનાને અંજામ આપનાર મુખ્ય આરોપી રેખા રાઠોડ સહિત બે આરોપીઓને કસ્ટડીમાં લીધા છે. જ્યારે ઘટનામાં સંડોવાયેલા અન્ય આરોપીઓની શોધખોળ તેજ કરવામાં આવી છેઆ તરફ શાંતિબેનના પરિવારમાં શોક અને રોષ બંને જોવા મળી રહ્યો છે ત્યારે પરિવારજનોએ આ ઘટનાને વિશ્વાસઘાત ગણાવી આરોપીઓને કડકમાં કડક સજા કરવાની માંગ કરી છે

પાલનપુરમાં બનેલી આ ઘટના માત્ર એક હત્યા નથી પરંતુ વિશ્વાસના ખૂનનો કિસ્સો છે જ્યાં વર્ષોથી ઘરનો ભાગ બની ગયેલી મહિલાએ જ લાલચમાં આવી આ ભયાનક ગુનો આચર્યોહાલ સમગ્ર ઘટનાને પગલે પોલીસે અલગ અલગ ટીમો બનાવી તપાસ તેજ બનાવી છે અને ફરાર આરોપીઓને ઝડપવા માટે કામે લાગી છેપરંતુ સૌથી મોટો પ્રશ્ન એ છે કે શું શાંતિબેનના પરિવારને ન્યાય મળશે.. અને શું આ ઘટના બાદ સમાજમાં વિશ્વાસ ફરી સ્થાપિત થઈ શકશે.

સાહિત્યકાર

સમયના વહેણમાં સચવાયેલી સ્મૃતિઓ

# સિનેમાના ઈતિહાસનું એક સુવર્ણ પૃષ્ઠ: ૨૭ માર્ચ અને ફિલ્મ 'લીડર' (૧૯૬૪)

## દિલીપ કુમાર અને વહીદા રહેમાનની કેમિસ્ટ્રી પડદા પર જાદુ પાથરતી હતી

• લેખક અ શ્વિન ગોહિલ ની કલમે (શિક્ષક, કવિ, સાહિત્યકાર)

પ્રસ્તાવના: ૨૭ માર્ચની તારીખ ભારતીય સિનેમાના ઈતિહાસમાં એક વિશિષ્ટ સ્થાન ધરાવે છે. વર્ષ ૧૯૬૪માં આ જ દિવસે રજૂ થયેલી ફિલ્મ 'લીડર' (Leader) માત્ર એક ફિલ્મ નહોતી, પણ એ સમયના સમાજ, રાજનીતિ અને કલાનો સંગમ હતી. એક શિક્ષક તરીકે જ્યારે હું આ ફિલ્મને જોઉં છું ત્યારે મને તેમાં રાષ્ટ્રપ્રેમ અને નૈતિકતાના પાઠ દેખાય છે, એક કવિ તરીકે મને તેની ગીત-રચનામાં આત્માનો અવાજ સંભળાય છે અને એક સાહિત્યકાર તરીકે મને તેમાં પાત્રોનું ઊંડાણ આકર્ષે છે.

૧૯૬૦નો દાયકો અને ફિલ્મની પૃષ્ઠભૂમિ

૧૯૬૦નો દાયકો એ ભારતીય હિન્દી ફિલ્મોનો 'સુવર્ણ યુગ' ગણાય છે. આ એ સમય હતો જ્યારે દેશ આઝાદીના થોડા વર્ષો પછી પોતાના પગ પર ઊભો થવાનો પ્રયત્ન કરી રહ્યો હતો. ભ્રષ્ટાચાર, રાજકીય અસ્થિરતા અને યુવા પેઢીની આકાંક્ષાઓ ફિલ્મોના કેન્દ્રમાં હતી. રામ મુખર્જી દ્વારા નિર્દેશિત 'લીડર' ફિલ્મ આ તમામ પાસાઓને સચોટ રીતે રજૂ કરે છે. ૨૭ માર્ચ, ૧૯૬૪ના રોજ જ્યારે આ ફિલ્મ પડદા પર આવી, ત્યારે તેણે ભારતીય પ્રેક્ષકોને એક નવો 'હીરો' આપ્યો-જે માત્ર લડતો નથી, પણ વિચારે પણ છે.

કલાકારોનું શાનદાર પ્રદાન: દિલીપ કુમાર અને વહીદા રહેમાન

આ ફિલ્મની સૌથી મોટી તાકાત તેના મુખ્ય




કલાકારો હતા.

દિલીપ કુમાર: 'ટ્રેજેડી કિંગ' તરીકે જાણીતા દિલીપ કુમારે આ ફિલ્મમાં 'વિજય ખન્ના' નામના પત્રકારનું પાત્ર ભજવ્યું હતું. તેમની અભિનય શૈલી એવી હતી કે જેમાં મૌન પણ ઘણું બધું કહી જતું. એક નેતા કેવો હોવો જોઈએ અને એક પત્રકારની શું જવાબદારી છે, તે દિલીપ સાહેબે પોતાની અદાકારીથી સાબિત કરી દીધું.

વહીદા રહેમાન: તેમની સુંદરતા અને અભિનયની ગરિમાએ ફિલ્મને ચાર ચાંદ લગાવી દીધા હતા. રાજકુમારી રાજશ્રીના પાત્રમાં વહીદાજીએ જે નખરા અને ગંભીરતા બતાવી છે, તે આજે પણ અભિનય શીખતા વિદ્યાર્થીઓ માટે એક પાઠ્યપુસ્તક સમાન છે.

દિલીપ કુમાર અને વહીદા રહેમાનની કેમિસ્ટ્રી પડદા પર જાદુ પાથરતી હતી. તેમની વચ્ચેના દ્રશ્યોમાં એક પ્રકારની સૌમ્યતા અને આદર જોવા મળતો હતો, જે આજની ફિલ્મોમાં કદાચ ક્યાંક ખોવાઈ ગયો છે.

સંગીતનો જાદુ: નૌશાદ અને શકીલ બદાયુનીની જોડી

ફિલ્મ 'લીડર' એ તેના સંગીત વગર અધૂરી છે. સંગીતકાર નૌશાદ સાહેબ અને ગીતકાર શકીલ બદાયુનીની જોડીએ આ ફિલ્મમાં એવા ગીતો આપ્યા છે જે આજે ૬૦ વર્ષ પછી પણ એટલા જ લોકપ્રિય છે.

૧. 'અપની આઝાદી કો હમ હરગિઝ મિટા સકતે નહીં': આ ગીત માત્ર ફિલ્મી ગીત નથી, પણ ભારતનું એક અઘોષિત દેશભક્તિ ગીત બની ગયું છે. મહમ્મદ રફી સાહેબના અવાજમાં આ ગીત સાંભળતા જ રૂંવાડા ઉભા થઈ જાય છે.

૨. 'તેરે હુસ્ન કી ક્યા તારીફ કરું': રોમેન્ટિક ગીતોમાં આ ગીત આજે પણ ટોચ પર છે. શકીલ બદાયુનીના શબ્દો અને નૌશાદની ધૂન હૃદયને સ્પર્શી જાય છે.

૩. 'મુઝે દુનિયાવાલો શરાબી ના સમઝો': આ ગીતમાં દિલીપ કુમારે જે રીતે અભિનય કર્યો છે, તે અભિનયની એક ઊંચાઈ છે.

(નોંધ: વાચક મિત્રો, 'તેરે મેરે સપને અબ એક રંગ હૈ' ગીત ફિલ્મ 'ગાઈડ'નું છે, પરંતુ 'લીડર'ના ગીતો પણ તેટલા જ કાલજયી રહ્યા છે.)

રાજકીય ડ્રામા અને સામાજિક સંદેશ

'લીડર' ફિલ્મમાં તે સમયના રાજકીય ભ્રષ્ટાચાર અને લોકશાહીના મૂલ્યોની વાત કરવામાં આવી છે. ફિલ્મમાં પત્રકાર વિજય ખન્ના જે રીતે સત્તા સામે અવાજ ઉઠાવે છે, તે દરેક નાગરિક માટે પ્રેરણારૂપ છે. એક શિક્ષક તરીકે હું હંમેશાં માનું છું કે શિક્ષણનો હેતુ માત્ર ડિગ્રી મેળવવાનો નથી, પણ અન્યાય સામે અવાજ ઉઠાવવાનો પણ છે. આ ફિલ્મ એ જ સંદેશ આપે છે.

ફિલ્મમાં કોમેડીના અંશો પણ છે, જે તેને બોરિંગ થવા દેતા નથી. દિલીપ કુમારની કોમિક ટાઈમિંગ પણ આ ફિલ્મમાં જોવા જેવી છે. ગંભીર પાત્રો ભજવવાની સાથે સાથે તેઓ હળવી ક્ષણોમાં પણ એટલા જ સ્વાભાવિક લાગે છે.

વિશેષતા અને વારસો

આ ફિલ્મની ખાસિયત એ હતી કે તેણે રાજ કારણને માત્ર કાળા-ધોળા (Black and White) ચશ્માથી નથી જોયું, પણ તેની અંદર રહેલી જટિલતાઓને પણ સમજાવી છે. ફિલ્મના ડાયલોગ્સ આજે પણ એટલા જ પ્રાસંગિક લાગે છે.

૨૭ માર્ચ, ૧૯૬૪ના રોજ જ્યારે લોકો સિનેમા હોલમાંથી બહાર નીકળ્યા હશે, ત્યારે તેમના મનમાં માત્ર એન્ટરટેઈનમેન્ટ નહીં, પણ દેશ માટે કંઈક કરવાની તમન્ના પણ જાગી હશે. આ જ એક સફળ ફિલ્મની નિશાની છે.

# ખોડલધામમાં ચૈત્રી નવરાત્રિની ઉજવણી

## મહિલા સમિતિ દ્વારા 56 ભોગ અન્નકૂટ અને હવનનું આયોજન

• ગોંડલ

કાગવડ સ્થિત શ્રી ખોડલધામ મંદિરમાં ચૈત્રી નવરાત્રિના આઠમા નોરતે ભક્તિમય માહોલ જોવા મળ્યો હતો. શ્રી ખોડલધામ મહિલા સમિતિ, રાજકોટ શહેર દ્વારા માતાજીના સાનિધ્યમાં વિશેષ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરાયું હતું. માતાજીના આશીર્વાદ લેવા અને લોકકલ્યાણની ભાવના સાથે આ કાર્યક્રમનું આયોજન કરાયું હતું, જેમાં મોટી સંખ્યામાં મહિલા કાર્યકરો જોડાઈ હતી. આ કાર્યક્રમથી સમગ્ર પરિસરમાં આધ્યાત્મિક ઉર્જા વ્યાપી ગઈ હતી અને માઈભક્તોએ અન્નકૂટના દર્શન કરી



ધન્યતા અનુભવી હતી.

આ પ્રસંગે મહિલા સમિતિ દ્વારા મા ખોડલને અત્યંત શ્રદ્ધાપૂર્વક 56 ભોગનો અન્નકૂટ ધરવામાં આવ્યો હતો. આ અન્નકૂટમાં વિવિધ પ્રકારની મીઠાઈઓ, ફરસાણ અને મિષ્ટાન્ન સહિતની વાનગીઓનો સમાવેશ થતો હતો.આ પાવન અવસરે સમિતિ દ્વારા મંદિરની યજ્ઞશાળામાં ભવ્ય હવનનું પણ આયોજન કરાયું હતું. શાસ્ત્રોક્ત વિધિ-વિધાન સાથે આહુતિઓ આપી નવરાત્રિની પૂર્ણાહુતિ તરફ મંગલ કામના કરવામાં આવી હતીમાતાજીના આશીર્વાદ લેવા અને લોકકલ્યાણની ભાવના સાથે આ કાર્યક્રમનું આયોજન કરાયું હતું, જેમાં મોટી સંખ્યામાં મહિલા કાર્યકરો જોડાઈ હતી. આ કાર્યક્રમથી સમગ્ર પરિસરમાં આધ્યાત્મિક ઉર્જા વ્યાપી ગઈ હતી અને માઈભક્તોએ અન્નકૂટના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

# રાજકોટ-લાલકુઆં વચ્ચે દોડશે સમર સ્પેશિયલ ટ્રેન

## વેકેશનમાં ઉત્તરાખંડ જનારા મુસાફરો માટે પશ્ચિમ રેલવેની મોટી ભેટ, 28 માર્ચથી બુકિંગ

• રાજકોટ

રાજકોટ સહિત સૌરાષ્ટ્રના મુસાફરો માટે ઉનાળાના વેકેશનમાં પ્રવાસનું આયોજન કરવું હવે વધુ સરળ બનશે. પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધા અને ટ્રાફિકને ધ્યાને રાખીને રાજકોટ થી લાલકુઆં (ઉત્તરાખંડ) વચ્ચે વિશેષ ભાડા પર 'વીકલી સમર સ્પેશિયલ' ટ્રેન દોડાવવાનો મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ ટ્રેન બંને દિશામાં કુલ 8 ટ્રિપ્સ લગાવશે. રાજકોટથી ઉપડતી ટ્રેન નંબર 05046 માટેનું બુકિંગ 28 માર્ચ, 2026 થી તમામ PRS કાઉન્ટર અને IRCTC ની વેબસાઈટ પર શરૂ થશે. મુસાફરો સમયપત્રકની વધુ વિગત માટે રેલવેની સત્તાવાર વેબસાઈટની મુલાકાત લઈ શકે છે.ટ્રેન નંબર 05046 રાજકોટ-લાલકુઆં સમર




સ્પેશિયલ રાજકોટથી દર સોમવારે રાત્રે 22.30 કલાકે ઉપડશે અને બુધવારે વહેલી સવારે 05.15 કલાકે લાલકુઆં પહોંચશે. આ સેવા 6 એપ્રિલ થી 27 એપ્રિલ, 2026 સુધી કાર્યરત રહેશે.

સામે પક્ષે, ટ્રેન નંબર 05045 લાલકુઆં-રાજકોટ સ્પેશિયલ દર રવિવારે લાલકુઆંથી બપોરે 12.35 કલાકે ઉપડશે અને બીજા દિવસે સાંજે 18.10 કલાકે રાજકોટ પરત ફરશે. આ ટ્રેન 5 એપ્રિલ થી 26 એપ્રિલ, 2026 દરમિયાન દોડશે.

આ ટ્રેન ગુજરાતના વાંકાનેર, સુરેન્દ્રનગર, મહેસાણા અને પાટણ થઈને રાજસ્થાનના જોધપુર, જયપુર તથા ઉત્તર પ્રદેશના મથુરા, કાસગંજ અને બરેલી જેવા મહત્વના સ્ટેશનો પર રોકાશે. આ લાંબા રૂટ પર મુસાફરોને સેકન્ડ AC, થર્ડ AC, સ્લીપર અને જનરલ ક્લાસની સુવિધા મળી રહેશે. રાજકોટથી ઉપડતી ટ્રેન નંબર 05046 માટેનું બુકિંગ 28 માર્ચ, 2026 થી તમામ PRS કાઉન્ટર અને IRCTC ની વેબસાઈટ પર શરૂ થશે. મુસાફરો સમયપત્રકની વધુ વિગત માટે રેલવેની સત્તાવાર વેબસાઈટની મુલાકાત લઈ શકે છે.

## રાશીફળ (તા.26-03-2026)

**મેષ (અ.લ.ઈ)** આજે તમારો દિવસ શુભ રહેશે. આરોગ્ય સારું રહેશે. પ્રવાસના યોગ બની શકે છે. રિયલ એસ્ટેટ સંબંધિત રોકાણ તમને સારો નફો આપી શકે છે. કોઈ સગા-સંબંધીઓ તરફથી મળેલી ભેટ તમને ખુશી આપશે.

**વૃષભ (બ.વ.ઉ)** આજે તમારો દિવસ સામાન્ય રહેશે. સારી જિંદગી માટે તમારી તંદુરસ્તી અને વ્યક્તિત્વ સુધારવાનો પ્રયત્ન કરો. તમારા મનમાં ઝડપથી પૈસા કમાવાની ઈચ્છા થશે.

**મિથુન (ક.છ.ઘ)** આજે તમે રોજ કરતા થોડા ઓછા ઉર્જાવાન લાગશો. જાતને વધારે કામના બોજ નીચે ન દબાવો. થોડો આરામ કરો અને આજે કરવાના કામ કાલે માટે મૂકી દો.

**કર્ક (ડ.હ)** આજે તમારો દિવસ મિશ્રિત રહેશે. સામાજિક સંબંધોનો લાભ મળશે. માતૃપક્ષથી મ કે નાનાથી તમને ધનલાભ થવાની સંભાવના છે. જે લોકો સાથે તમે રહેતા હો તેઓ આજે તમારાથી થોડા અસંતોષી હોઈ શકે છે.

**સિંહ (મ.ટ)** આજે તમારો દિવસ સંતુલિત રહેશે. તમે સારો પૈસા કમાશો, પરંતુ ખર્ચમાં વધારો નહીં થાય. બાળકોને અભ્યાસ પર ધ્યાન આપવા અને ભવિષ્ય માટે યોજના બનાવવા જરૂર છે.

**કન્યા (પ.ઠ.ણ)** ભાગદોડ ભરેલા દિવસ છતાં તમારું આરોગ્ય સારું રહેશે. પૈસા સહેલાઈથી હાથમાંથી નીકળી શકે છે, પરંતુ તમારા સારા ભાગ્યને કારણે આર્થિક તંગી નહીં આવે.

**તુલા (ર.ત)** આજે ધાર્મિક અને આધ્યાત્મિક વિચારો પ્રબળ રહેશે. કોઈ અજાણ્યા સ્ત્રોતથી તમને પૈસા મળી શકે છે, જેનાથી તમારી ઘણી આર્થિક સમસ્યાઓ દૂર થશે.

**વૃશ્ચિક (ન.ય.)** આજે તમારો દિવસ અનુકૂળ રહેશે. પરિવારનો સહયોગ મળશે અને મોટા લોકોનું આશીર્વાદ મળશે. ગર્ભવતી મહિલાઓએ ખાસ સાવચેત રહેવું.

**ધન (ભ.ધ.ફ.ઢ)** આજે તમારો દિવસ સારો રહેશે. જીવનસાથીનો સહયોગ મળશે. પૈસા બચાવવા માટે પરિવારના સભ્યોની સલાહ લો, જે તમારી આર્થિક સ્થિતિ સુધારવામાં મદદ કરશે.

**મકર (ખ.જ)** તમારી મહેનત અને પરિવારનો સહયોગ તમને અનુકૂળ પરિણામ આપશે. આર્થિક મુશ્કેલીઓથી બચવા માટે સાવધાન રહો. સામાજિક પરિચય વધવાથી મન ખુશ રહેશે.

**કુંભ (ગ.શ.સ.ષ)** આજે તમારો દિવસ શુભ રહેશે. ધનલાભની સંભાવના છે. પરિવારનો સહયોગ મળશે. ધાર્મિક કાર્યોમાં રસ વધશે. જીવનસાથી સાથે કરેલી સલાહ સફળ રહેશે. વડીલોનું આશીર્વાદ મળશે.

**મીન (દ.ચ.ઝ.થ)** આજે તમારો દિવસ સહયોગથી ભરેલો રહેશે. પરિવાર સાથેની સામાજિક પ્રવૃત્તિઓ સૌને ખુશ રાખશે. ભાઈ-બહેનની મદદથી તમને આર્થિક લાભ મળી શકે છે. તેમની સલાહ લો.

# નાગકા ગામે સિંહજરનેસમાંથી એલ.સી.બી.એ વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો

## એલ.સી.બી. દ્વારા દારૂની બોટલો નંગ-૨૩૪ કી.રૂ. ૨,૬૭,૦૦૦ની કીમતનો મુદ્દામાલ કબજે કરી ફરાર આરોપી સામે ગુન્હો નોંધાવ્યો

• ગોસા(ઘેડ)તા.૨૬

પોરબંદર જિલ્લામાં દારૂબંધી કાયદાના કડક અમલ માટે પોલીસ દ્વારા સતત કામગીરી ચાલી રહી છે. આ અંતર્ગત બગવદર પોલીસ સ્ટેશન હદમાં આવેલા નાગકા ગામના સિંહજરનેસ વિસ્તારમાંથી રહેણાંકના મકાનના ફળિયામાંથી પોરબંદર એલ.સી.બી.એભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલો નંગ-૨૩૪ કી.રૂ. ૨,૬૭,૦૦૦/- ની કીંમતનો મુદામાલ પકડી પાડી ગણનાપાત્ર કેસ શોધી બગબદર પોલીસ સ્ટેશનમાં પ્રોહીબિશેન નો ગુન્હો દાખલ કરેલ છે જુનાગઢ રેન્જના નાયબ પોલીસ મહા નિરીક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા તથા પોરબંદર પોલીસ અધિક્ષક ભગીરથસિંહ જાડેજા નાઓ દ્વારા વખતો વખત પોરબંદર જીલ્લામાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની પ્રવૃત્તિ નેસ્ત નાબુદ કરવા આપેલ સુચના અનુસંધાને એલ.સી.બી. ઈન્ચાર્જ પો.ઈન્સ આર.કે. કાબરીયા ના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી. સ્ટાફના પેટ્રોલીંગમાં હતા દરમ્યાન એ એસ આઈ બટુકભાઈ વિંઝુડા તથા INC વિરેન્દ્રસિંહ પરમાર તથા પોલીસ કોન્સ્ટેબલ નટવરભાઈ ઓડેદરા ને મળેલ ખાનગી હકીકત આધારે, મળેલ બાતમી વાળા નાગકા ગામ સિંહજરનેસમાં રહેતા બાવન કાનાભાઈ કટારાના રહેણાંક મકાનના તલાસી કરતા ફળીયામાં થી ભારતીય બનાવટના વિદેશી દારૂની અલગ-અલગ બ્રાન્ડની કાચની કંપની શીલપેક બોટલોમાં




(૧) વ્હાઈટ લેસ વોડકા ઓરેન્જ ફલેવર કંપનીની ૭૫૦ ML ભરેલ બોટલો નંગ-૧૮૬ કિ.રૂા. ૨,૦૪,૬૦૦/-(૨) રોયલ ચેલેન્જ ફાઈન રીઝર્વ વ્હીસ્કી કંપનીની ૭૫૦ ML ભરેલ બોટલો નંગ-૨૪ કિ.રૂા.૩૧,૨૦૦/- (૩) રોયલ સ્ટગ સુપીરીયર વ્હીસ્કી કંપનીની ૭૫૦ ML ભરેલ બોટલો નંગ-૨૪ કિ.રૂા. ૩૧,૨૦૦/- આમ મળી કુલ પુઠાના બોક્ષ નંગ-૧૯ બોટલો નંગ-૨૩૪ કી.રૂ|. ૨,૬૭,૦૦૦/- નો મુદ્દામાલ કબજે કરેલ છે અને મજકુર હાજર નહી મળી આવેલ આરોપી બાવન કાનાભાઈ કટારા રહે. નાગકા ગામ સિંહજર નેસ તા.જી.પોરબંદર વાળા વિરુધ્ધ બગવદર પોલીસ સ્ટેશનમાં ગુ.ર.નં.C-11218003260192/૨૦૨૬ પ્રોહી.ક.૬૫ઈ.૧૧૬બી મુજબનો ગુનો રજી. કરવામાં આવેલ છે.

આ કામગીરી કરનાર અધિકારી/કર્મચારીઓમાં એલ સી.બી. ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર આર.કે.કાંબરીયા તથા એ.એસ. આઈ.બટુકભાઈ વિંઝુડા, રાજેન્દ્રભાઈ જોષી, ઉદયભાઈ વરૂ, રણજીત સિંહ દયાતર, ગોવિંદ ભાઈ મકવાણા, મુકેશભાઈ માવદીયા તથા હેડ કોન્સ્ટેબલ ઉપેન્દ્રસિંહ જાડેજા, હીમાંશુભાઈ મક્કા. કુલદીપસિંહ જાડેજા, લક્ષ્મણ ભાઈ ઓડેદરા, જીતુભાઈ દાસા, વિરેન્દ્રસિંહ પરમાર તથા પોલીસ કોન્સ્ટેબલ નટવરભાઈ ઓડેદરા, અજયભાઈ ચૌહાણ તથા ડ્રા. હેડ કોન્સ્ટેબલ જગમાલ ભાઈ ભારવાડીયા વિગેરે રોકાઈ મહત્વની ભૂમિકા નિભાવી હતી

રિપોર્ટર:- વિરમભાઈ કે.આગઠ

# મનપા દ્વારા ન્યારા ખાતે 37.49 કરોડના ખર્ચે હાઈટેક 50 MLD વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટનું નિર્માણ

• રાજકોટ

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના પશ્ચિમ અને ઉત્તર વિસ્તારના રહેવાસીઓ માટે પાણી વિતરણ વ્યવસ્થાને વધુ સુદ્રઢ અને આધુનિક બનાવવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું લેવામાં આવ્યું છે. જેમાં શહેરમાં જળ વ્યવસ્થાપનને વેગ આપવા માટે ન્યારા ગામ પાસે 37.49 કરોડના અંદાજિત ખર્ચે 50 MLDની ક્ષમતા ધરાવતો નવો વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ (WTP) સ્થાપવાની યોજનાને મંજૂરી આપી દેવામાં આવી છે. આ અંગેના ટેન્ડર પણ પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે. આ પ્રોજેક્ટ પૂર્ણ થતાની સાથે જ શહેરના માધાપર, ઘંટેશ્વર અને રેલનગર જેવા વિસ્તારોની અંદાજે 100,000થી વધુ વસતીને શુદ્ધ પાણીની ભેટ મળશે.

રૈયાધાર ખાતે પાણી શુદ્ધ થયા બાદ પંપ કરીને ઘંટેશ્વર અને ન્યારા ઓફટેક તરફ લાવવામાં આવે હાલની સ્થિતિમાં રાજકોટના આ વિસ્તારોમાં પાણી પહોંચાડવા માટેની પ્રક્રિયા ઘણી લાંબી અને ખર્ચાળ છે. 'સૌની યોજના' અંતર્ગત મળતું કાચું પાણી સૌપ્રથમ ન્યારા ઓફટેક ખાતે લાવવામાં આવે છે પરંતુ, ત્યાં શુદ્ધિકરણની સુવિધા ન હોવાને કારણે આ પાણીને પાઈપલાઈન દ્વારા રૈયાધાર સ્થિત વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં મોકલવામાં આવે છે. રૈયાધાર ખાતે પાણી શુદ્ધ થયા બાદ, તેને ફરીથી પંપ કરીને ઘંટેશ્વર અને ન્યારા ઓફટેક તરફ લાવવામાં આવે છે, જ્યાંથી સ્થાનિક સ્તરે વિતરણ કરવામાં આવે છે.

કોર્પોરેશન દ્વારા ન્યારા ખાતે જ ફિલ્ટરેશન પ્લાન્ટ બનાવવાનું આયોજન કરાયું આ પ્રક્રિયામાં માત્ર સમયનો જ વ્યય નથી થતો પરંતુ, વીજળી અને પરિવહન પાછળ પણ મોટો ખર્ચ થાય છે. વળી, લાંબી પાઈપલાઈન પ્રક્રિયામાં પાણીના જથ્થામાં ઘટાડો થવાની સંભાવના પણ રહેતી હોય છે. આ બધી 'કડાકૂટ' તેમજ ટેકનિકલ સમસ્યાઓનો કાયમી ઉકેલ લાવવા માટે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ન્યારા ખાતે જ ફિલ્ટરેશન પ્લાન્ટ બનાવવાનું આયોજન કરાયું છે. નવો પ્લાન્ટ કાર્યરત થતા જ કાચું પાણી સીધું ન્યારા ખાતે જ ફિલ્ટર થઈ જશે અને ત્યાંથી જ સીધું વિતરણ શરૂ કરી શકાશે.આ હાઈટેક ફિલ્ટરેશન પ્લાન્ટ આધુનિક ટેકનોલોજીથી સજ્જ હશે, જે પાણીની શુદ્ધતામાં અનેકગણો વધારો કરશે. 50 MLDની ક્ષમતા આસપાસના વધતા જતા રહેણાંક વિસ્તારોની પાણીની જરૂરિયાતને પહોંચી વળવા માટે પૂરતી માનવામાં આવી રહી છે. ખાસ કરીને રેલનગર - માધાપર જેવા વિસ્તારો જે ઝડપથી વિકસી રહ્યા છે, ત્યાં ઉનાળા દરમિયાન સર્જાતી પાણીની અછત અથવા લો-પ્રેશરની સમસ્યામાં આ પ્રોજેક્ટથી રાહત મળશે.

માધવપુર મેળો - ૨૦૨૬

પૌરાણીક પુસ્તકોમાં માધવપુર ઘેડ ગુર્જર ભૂમિનું પ્રાચીન સાંસ્કૃતિક સ્થળ તરીકે ઉજાગર થયેલુ છે

# સદીઓથી સચવાયેલું માધવપુર ઘેડ - પૌરાણીક અને સાંસ્કૃતિક વિરાસતનો ખજાનો

**પૌરાણીક પુસ્તકોમાં માધવપુર ઘેડને ગુર્જર ભૂમિનું પ્રાચીન સાંસ્કૃતિક કેન્દ્ર તરીકે વર્ણવવામાં આવ્યું છે. અહીં આવેલા વિવિધ દર્શનીય સ્થળો ઇતિહાસની ગવાહી આપે છે અને ધાર્મિક શ્રદ્ધા સાથે જોડાયેલા છે**

• ગોસા(ઘેડ)તા.૨૬

સદીઓથી સચવાયેલા માધવપુર ઘેડ વિસ્તારના પૌરાણીક સ્થળો આજે પણ સાંસ્કૃતિક વિરાસત તરીકે જીવંત છે. પૌરાણીક પુસ્તકોમાં માધવપુર ઘેડને ગુર્જર ભૂમિનું પ્રાચીન સાંસ્કૃતિક કેન્દ્ર તરીકે વર્ણવવામાં આવ્યું છે. અહીં આવેલા વિવિધ દર્શનીય સ્થળો ઈતિહાસની ગવાહી આપે છે અને ધાર્મિક શ્રદ્ધા સાથે જોડાયેલા છે.

(૧)શ્રી માધવરાયનું પુરાણું મંદિર -

૧૩ મી સદીનું આ જૂનું મંદિર સમુદ્રથી ઉપર ૨૦૦ ફૂટ ઉપર આવેલું વિષ્ણુમંદિર છે. મંદિરનાં વિવિધ શિલ્પો, કલા કારીગીરી, શિખર આ મલક ગર્ભદ્વાર-ગોખનાં શિલ્પો ઉપરથી આ જૂનું જીણું મંદિર સ્થાપત્યકલાનો ઉત્તમ નમૂનો જણાવે છે. જૂના મંદિરની અંદર શ્રીમાધવરાયજી શ્રીત્રીકમરાયજીની પૂરા કદની જુગલ-જોડી હતી. સં. ૧૭૯૯ માં હવેલી બંધાતાં આ મૂર્તિઓની ત્યાં વૈષ્ણવી પ્રણાલિકા મુજબ પ્રતિષ્ઠા કરવામાં આવી. સૌરાષ્ટ્રના વિખ્યાત બહારવટિયા મૂળુ માણેક અને જોધા માણેક અહીં આવીને આ મંદિર ઉપર ભગવાન શ્રીકૃષ્ણની ધજા ફરકાવી ગયેલા એવી કિંવદંતી છે. અત્યારે પણ, આ મંદિર ભૂતકાળની ગૌરવગાથા રજૂ કરતું ઊભું છે. હાલ રાજ્ય સરકાર દ્વારા તેની મુળ ગરીમાને જાળવી રાખવાના સંકલ્પ સાથે આવનારી પેઢીઓ આ સાંસ્કૃતિક વિરાસત નીહાળી શકે તે માટે આ મંદિરના રીસ્ટોરેશનનુ કાર્ય હાથ કરવામાં આવ્યુ છે.

(૨) શ્રી માધવરાયજીની નવી હવેલી -

પોરબંદરના રાજમાતા રૂપાળીબાએ સં ૧૮૯૬માં જુના મંદિરની પૂર્વ બાજુ આવેલા મુ. ૧૭૯૯ના આ મંદિરને સ્થાને પોરબંદરના રાણી રૂપાળીબાએ આ હવેલી બંધાવેલી છે. આ મંદિરમાં શ્રી માધવરાય અને શ્રી ત્રીકમરાયની જુગલજોડી બિરાજે છે. કહેવાય છે કે આ મુર્તિઓના કદ જેવી મૂર્તિઓની જુગલજોડી ભારત ભરમાં નથી. આ મંદિરેથી જ માધવરાયજીની જાનનુ લગ્નોત્સવ વખતે પ્રસ્થાન થાય છે.

(૩) શ્રી બળદેવજીનો માંડવો - સ્કંદપુરાણમાં બળદેવજીના માંડવાનો ઉલ્લેખ છે. ત્રેતાયુગમાં રેવત નામનો રાજા હતો તે રાજા બ્રહ્માજીના ઉપદેશથી પોતાની પુત્રી રેવતી બલદેવજીને આપી ગિરનાર ઉપર તપશ્ચર્યા કરવા ગયા હતા. તીર્થધામ માધવપુરમાં રેવતીકુંડ તથા બલદેવજીનો માંડવો અત્યારે પણ ગામની પૂર્વ બાજુએ સમુદ્રકિનારે પ્રત્યક્ષ છે. આ સ્થાન ચોબારી" તરીકે પ્રખ્યાત છે. રેવતી કુંડમાં સ્નાન કરવાથી દસ યજ્ઞો જેટલું પુણ્ય પ્રાપ્ત થાય છે એવી માન્યતા છે. બહારનાં યાત્રિક રેવતી કુંડમાં સ્નાન કરી ધન્યતા અનુભવે છે.

(૪) બ્રહ્મકુંડ - ગામના મુખ્ય દરવાજાની ડાબી બાજુ ઉગમણી દિશાએ પરમ પવિત્ર બ્રહ્મકુંડ આવેલો છે. આ કુંડનું ધાર્મિક મહત્વ ઘણુ છે. બ્રહ્મકુંડને કાંઠે-કિનારે શ્રીકૃષ્ણ ભગવાન અને પાંડવોનાં દહેરાં આવેલાં છે. પુરાણમાં એક કથા છે કે શ્રીકૃષ્ણ ભગવાન પાંચ પાંડવો સાથે અત્રે આવેલા અને બ્રહ્મકુંડમાં પવિત્ર સ્નાન કરેલું. આ બ્રહ્મકુંડની અંદર બ્રહ્માનું પ્રાચીન મંદિર આવેલું છે. ત્યાં એક નાગદમનનું પણ શિલ્પ છે. તદુપરાંત ગરુડજી તથા વરાહ અને શિવ પાર્વતીની જુગલજોડીનાં પણ શિલ્પ છે. આ કુંડમાં સ્નાન કરવાથી પાપનો નાશ થાય એવી લોકોમાં શ્રધ્ધા છે.

(૫) કપિલ મુનિની ડેરી- અરબી સમુદ્ર તટે કપિલ મુનિની ડેરી આવેલી છે, જે ખૂબ જ પ્રાચીન છે. આ ડેરી ઉપર વર્ષો પહેલાં પંખ" નામનું એક યાયાવર પક્ષી આવતું અને સમુદ્ર ઉપરથી ઊડીને આ ડેરી ઉપર બેસતું. ગામમાં ખબર મળતાં ધામધૂમથી એને શ્રીમાધવરાયના મંદિરમાં લઈ જવામાં આવતું. એ પંખી આખો દિવસ માધવરાયનાં દર્શન કરી, બીજે દિવસે મંગલાની ઝાંખી કરી શ્રીમાધવરાયજી સમક્ષ મૃત્યુ પામતું. આ વસ્તુ સં. ૧૯૫૮ માં જ્યેષ્ઠ માસમાં જે એ વખતના પોરબંદરના મહારાણાશ્રી ભાવસિંહજીએ જોયેલ હતી તેને ઉલ્લેખ રાજદરબારને ચોપડે થયેલો છે.

(૬) મધુવન - ગામની ઉગમણી બાજુએ જરા ઈશાન તરફ એક કિ.મી. મધુવન-રૂપણવન આવેલું છે, આ વનમાં મધુ નામનો દત્ય રહેતો હતો અને કૃષ્ણ ભગવાને એનો સંહાર કરેલો. આ દૈત્યના નામ ઉપરથી મધુવન" નામ પડેલું છે તેમ મનાય છે. બીજી તરફ મધુવન ભગવાન શ્રીકૃષ્ણ વિવાહ સ્થળ તરીકે પણ પ્રસિદ્ધ છે. મધુવનમાં અનેક દર્શનીય તીર્થ સ્થાન આવેલાં છે.

(૭) નીલકંઠ મહાદેવ - નીલકંઠ મહાદેવનું મંદિર મધુવનમાં આવેલું છે. મંદિરના પાછળના ભાગમાં એક ગુફા હજુ પણ મોજુદ છે. આ સ્થાન બૌદ્ધકાલીન હોય એમ પણ લાગે છે. નીલકંઠ મહાદેવની બાજુમાં ગોરખનાથજીનું મંદિર આવેલું છે. કહેવાય છે કે ગુરુ ગોરખનાથ અહીં આવીને નીલકંઠ મહાદેવના સાંનિધ્યમાં થોડા દિવસ રહ્યા હતા. મંદિરની બાજુમાં રબારી દેસૂરનો પાળિયો વીરતાની ગાથા ગાતો ઊભો છે. આ પાળિયો ૨૫૦ વર્ષ જૂનો હોય એમ એના ઉપરના લેખથી લાગે છે.

(૮) તારાપુરી આશ્રમ - સંત અમરપુરી અને મહાત્મા તારાપુરીએ આ આશ્રમની સ્થાપના કરી છે. પ્રાચીન સમયના વાલમીકિ ઋષિના આશ્રમ જેવો આ આશ્રમ પથિકોને પાથેય અને પુણ્ય કથાઓ પૂરી પાડે છે. ઉલ્લેખનીય છે કે જે તે સમયે પોરબંદરના મહારાજા શ્રીનટવરસિંહજી તરફથી આ જગ્યાને આર્થિક સહાયતા મળેલી હતી. આ આશ્રમમાં નટવરકુંડ આવેલો છે. દરરોજ સંત સમાગમ થાય છે. સંત અમરપુરીની સમાધિ ઉપર અખંડ ધૂણી પણ છે.

(૯) શ્રીમહાપ્રભુજીની બેઠક - ભારત ભરમાં વૈષ્ણવ સંપ્રદાયની કુલ ૮૪ બેઠક છે તે માંહેની આ એક છે. પુષ્ટિમાર્ગપ્રવર્તક આચાર્ય



શ્રીવલ્લભાચાર્યજી અહી આવેલા અને સાત દિવસ સુધી શ્રીમદ્ભાગવત રસપાન કરાવેલું. શ્રીમહાપ્રભુજીની બેઠક પાસે પ્રાચીન કદમ કુંડ આવેલો છે. આ કુંડમાં સ્નાન કરવાથી પુણ્ય પ્રાપ્ત થાય છે અને ત્રિવિધ તાપ હરાય છે એવી માન્યતા છે. કદમ કુંડને કાંઠે ૧૫૦ વર્ષ જૂનું કદમનું વૃક્ષ આવેલું છે.

(૧૦) ચોરી માયરા - ભગવાન શ્રીકૃષ્ણના રુકમિણી સાથે જે જગ્યાએ મધુવનમાં વિવાહ ગોધલિક સમયે થાય છે તે સ્થાન ચોરી માયરા નામે ઓળખાય છે. આ સ્થળ પર સરકાર દ્વારા રીસ્ટોરેશન અને સુવિધા ઉભી કરવામાં આવી છે જેનુ ઈ-ખાતમુહૂર્ત વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કર્યુ હતુ.

(૧૧) મહારાણીનો મઠ - આ સ્થાન રુકમિણીના માવતરને સ્થાન તરીકે ઓળખાય છે. આ સ્થાનમાં શ્રીકૃષ્ણ-રુકમિણીનું હસ્ત મેળાપવાળું એક સુંદર નયનરમ્ય જુનું શિલ્પ પણ છે.

(૧૨) શામદાસ મહંતનો મઠ - આ જગ્યા મધુવનમાં આવેલી છે અને એમાં ગોપાલકૃષ્ણનાં મંદિર છે. તદુપરાંત પ્રાચીન પુરોહિતોના પાળિયા પણ છે. બાજુમાં ગોપાલકુંડ આવેલો છે.

(૧૩) ચામુંડા માતાજીની ટેકરી - આ સ્થાન ઈશાન બાજુએ ઊંચા ટેકરા ઉપર આવેલું છે. ચામુંડા માતાજીનું જૂનું મંદિર આ સ્થાને આવેલું છે. અહીંથી સમસ્ત ઘેડ પ્રદેશની હરિયાળીનું તથા મધવંતી નદીનું પ્રિય દર્શન થાય છે. માધવપુરનું આ સ્થાન "સન-સેટ પોઈન્ટ' તરીકે ઓળખાય છે. બાજુમાં મધુ-આશ્રમ નામની જાણીતી જગ્યા આવેલી છે. મધુ શંકરનું ભોયરું જોવા લાયક છે.

(૧૪) નાગબાઈની જગ્યા - મધુવનથી છેડે દૂર ચારણ આઈ નાગબાઈની પ્રસિદ્ધ જગ્યા આવેલી છે. એની પશ્ચિમે સખાનો કુંડ' નામનું પવિત્ર સ્થાન આવેલું છે. આ કુંડમાં સ્નાન કરવાથી દુઃખ દૂર થાય છે અને સુખ પ્રાપ્ત થાય છે એવી માન્યતા છે. કહેવાય છે કે કૃષ્ણ રુકમિણીવિવાહ-પ્રસંગે અહીં પધારેલા. કૃષ્ણના સુખાની સ્મૃતિમાં આ કુંડ બનાવવામાં આવેલ હતો.

(૧૫) ગદાવાવ - શ્રીકૃષ્ણે મધુ દૈત્યનો નાશ કરી આ વાવમાં પોતાની ગદા ધોઈ હતી તેથી આ વાવનું નામ ગદાવાવ પડ્યું કહેવાય છે. આ વાવ પાણિયારી છે અને એમાં શેષશાયી તેમજ શિવનાં ઉત્તમ શિલ્પ છે. આ વાવઓ નું મહત્વ અને પ્રસંગો એ વખતના પોરબંદરનાં મહારાણાશ્રી ભાવસિંહજીએ જોયેલ હતો તેનો ઉલ્લેખ રાજદરબારને ચોપડે થયેલો છે. પોરબંદરના ઈતિહાસવિદ નરોત્તમ પલાણ કહે છે કે ગદાવાવ પૌરાણીક છે અને આ અવશેષ કથાઓ મુજબ બંધ બેસે છે એટલે તેનુ આગવુ મહત્વ છે.

(૧૬) ગણેશજાળું - માધવરાયજીના પુરાણા મંદિરની ઉત્તરે સમાંતરે સમુદ્રતટે જમડી સુંઢના ગણપતિનું જૂનું સ્થાપત્યના ઉત્તમોત્તમ નમુના સમું ગણેશનું મંદિર આવેલું છે. જમણી સુંઢના ગણપતિનાં મંદિર ગુજરાતમાં જુજ છે તેઓ માંનું આ એક છે. આ મંદિરમાં ગણેશનાં અનેક શિલ્પ છે, જેથી એના સમૂહને ગણેશજાળું" એવું શુભ નામ આપવામાં આવ્યું છે.

(૧૭) રામદેવજીનું મંદિર - પાદર(જાપો)માં જે સ્થળે મેળો ભરાય છે તે સ્થાનમાં શ્રીરામદેવજીનું પ્રસિદ્ધ મંદિર આવેલું છે. એની બાજુ-માં એક વાવ છે. આ વાવનું પાણી નાળિયેરના પાણી કરતાં પણ મીઠું છે. બાજુમાં સીતારામ બાપુનો આશ્રમ છે તેમાં માટીમાંથી બનાવેલ શ્રીહનુમાન-જીની મૂતિ દર્શનીય છે. કહેવાય છે કે આ સ્થળે અગાઉ ઋષિ મુનિઓ તપ કરતા હતા તેથી આ જગ્યાનું નામ ઋષિતળ પડ્યું છે. માધવરાયજી મંદિરના કુલગોર અને ટ્રસ્ટી જનક પુરોહિતના મતે ભગવાન શ્રી કૃષ્ણની જાનના રથને આજે પણ આ ઋષિતળ વિસ્તારમાં દોડાવવાની પરંપરા છે.

(૧૮) વિષ્ણુમંદિર - મૂળ માધવપુરમાં એક નાનુ વિષ્ણુમંદિર આવેલું છે. આ મંદિર પુરાણું હોય એમ મનાય છે. આ મંદિરના મંડપની છતનું શિલ્પ ભવ્ય, કલા કારીગરીથી સમૃદ્ધ, નયનરમ્ય છે. મંદિરના પ્રવેશ ઉપરનું નાગદમનનું શિલ્પ ભારત ભરનાં છવનાં શિલ્પોમાં ઉત્તમતા ધરાવે છે. એના સભામંડપની છતના ઝરૂખા, સ્તંભ ઉપરના કીચક તેમજ વિદ્યાધરીઓની વાજિંત્ર વગાડતી વિવિધ મૂર્તિ એ શિલ્પના ઉત્કૃષ્ટ નમૂનાનું દર્શન કરાવે છે. છત તો ખૂબ જ ઉત્તમ કોટિની છે. કલાકારીગરીને આ અજોડ અમર અદ્‌ભુત નમૂનો છે.

(૧૯) રન્નાદે-સૂર્યમંદિર - માધવપુરથી પાંચેક કિ.મી. દૂર આજક ગામે રન્નાદેનું જૂનું સૂર્યમંદિર આવેલું છે. આ સ્થાન ઉપર ધર્મશાળાનાં પગથિયાંમાં પાથરેલો એક ઐતિહાસિક શિલાલેખ છે તેમાં ૧૫૧૯માં પોરબંદરના મહારાણા શ્રી ભાણુના દીકરા ક્ષેમકરણને ભગવાન વિષ્ણુસમક્ષ નમન કરાવ્યાનું લખ્યું છે. બાજુમાં પવિત્ર કુંડ છે. સુર્યમંદિર પાસે કુંડ હવે એ એની આગવી પ્રણાલિકા છે, આ કુંડની અંદર શેષશાયી તથા જલદેવની તેમજ સૂર્ય ભગવાનની સાત ઘોડાના વાળી મુર્તિઓ સ્થાપીત છે.

(૨૦) ખાખનાથની જગ્યા - માધવપુરથી અગ્નિખૂણે પાંચેક કિ. મી. દૂર નામ ઉપરથી ઘણું જ પ્રાચીન જણાતું આંતરોલી ગામ છે તેની પૂર્વ બાજુએ સંત મહાત્મા ખાખનાથની જગ્યા આવેલી છે,

(૨૧) દાડમો દેવ - માધવપુરની નજીકમાં અગ્નિખૂણે આઠેક કિ. મી. ઉપર દિવાસા (હાલના માંગરોળ તાલુકામાં) નામનું પુરાણું ગામ આવેલું છે. દિવાસા નામ બાબત વિદ્વાનોમાં જુદા જુદા મત છે. આ ગામમાં દાડમા દૈત્યની જગ્યા આવેલી છે. દાડમા દૈત્યનો શ્રીકૃષ્ણ ભગવાને અહીં સંહાર કરેલો હતો. દિવાસાનો ગઢ જોતાં જૂના વખતમાં આ ગામ કોઈ રાજાની રાજધાની હશે એવું લાગે. ગઢની અંદર લગભગ ૧૦૦ જેટલી પાણિયારી વાવ હશે તેવા અવશેષ મળી આવેલા છે. ગઢની દીવાલમાં જે શિલાઓ વપરાયેલ છે તે એક એક શિલા લગભગ ૨૫-૨૫ કિ.ગ્રા.ની છે. દરેક પાણિયારી વાવમાં શેષશાયી વિષ્ણુનાં શિલ્પ છે.

(૨૨) લોએજ - માધવપુરથી માંગરોળના રાજમાર્ગ ઉપર સોળેક કિ.મી. લોએજ ગામમાં સ્વામિનારાયણ સંપ્રદાયના સ્થાપક સહજાનંદ સ્વામી રામાનંદ સ્વામી પાસે દીક્ષા લઈ લાંબો વખત રહ્યા હતા. અહીં સ્વામિનારાયણ સંપ્રદાયના લોકો જાત્રા અર્થે આવે છે. હરી ભક્તો આ પવિત્ર સ્થળે દર્શન કરે છે.

(૨૩) મધુવંતી-સંગમ - માધવપુરથી ઉત્તરે ત્રણ કિ.મી. ઉપર મધુવંતી નદીનો સાગરસંગમ થાય છે. આ સ્થાન ખૂબ જ રમણીય છે. ત્યાં સંગમનારાયણની દહેરી તથા વારાહકુંડ આવેલ છે. બાજુના પાતા ગામમાં પુરાણું સૂર્યમંદિર છે. એની બાજુમાં જ્ઞાનવાવ ગોમતી- વાવ અને દહીં-દૂધના કુંડ આવેલાં છે. આ સ્થાનનું ધાર્મિક મહત્વ ખૂબ છે. શ્રીકૃષ્ણ ભગવાન ભાદરવા સુદ ૧૧ ને દિવસે અહીં જલ ઝીલવા પધારે છે.

(૨૪) બળેજ - માધવપુરની ઉત્તરે સોળેક કિ.મી. ઉપર આવેલ આ ગામમાં પુરાણું મંદિર છે અને એમાં અદ્ભુત એવું પથ્થરનું તરણું છે. આ ગામમાં બહાદૂર વીર જેતમાલ પાળિયો શૌર્યગાથા રજૂ કરતો ઊભો છે. બાજુના ભાણપરા ગામે મૈત્રક કાલીન મંદિર આવેલાં છે.

(૨૫) વેજડીવાવ અને મંગીવાવ - લીંબા ભગત નામના માધવરાયના પરમભક્ત થઈ હતા. તેમણે વેજડી અને મંગી નામની બે દીકરી હતી. પુરમાં આવેલી લીંબાવાવ અને ઘેડમાં આવેલી મંગી અને વેજડીવાવ એનાં ચિરંજીવ સ્મારક છે. આ વાવ ભગવાન માધવરાયે પોતાના ભક્તની યાદી માટે ચમત્કારથી ઊભી કરેલી કહેવાય છે.

માધવપુરને પૌરાણીક પુસ્તકોમાં વિશેષ સ્થાન આપવામાં આવ્યું છે. કે.કા. શાસ્ત્રી, નરોત્તમ પલાણ, નાથાલાલ રૈયારેલા અને "કાઠીયાવાડ સર્વસંગ્રહ (૧૮૮૬)" જેવા ગ્રંથોમાં આ વિસ્તારના ઈતિહાસ અને ઉત્સવોનું વિશદ વર્ણન મળે છે, તેમ પ્રોફેસર રામભાઈ બાપોદરા જણાવે છે.

રિપોર્ટરઃ-વિરમભાઈ કે.આગઠ

---


સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. 6043.69 કરોડનાં કામકાજ

# સોનાના વાયદામાં રૂ.3175 અને ચાંદીના વાયદામાં રૂ.14090નો કડાકો: ક્રૂડ તેલના વાયદામાં રૂ.427નો ઉછાળો

**ટર્નઓવર** કોમોડિટી વાયદાઓમાં રૂ.7765.45 કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.110714.73 કરોડનું ટર્નઓવર

• મુંબઈ

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.118480.18 કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.7765.45 કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.110714.73 કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.798.24 કરોડનું થયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. 6043.69 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો 10 ગ્રામદીઠ રૂ.139800ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.141433 અને નીચામાં રૂ.139800ના સ્તરને સ્પર્શી, રૂ.144097ના આગલા બંધ સામે રૂ.3175 ઘટી રૂ.140922ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-ગિની




માર્ચ વાયદો 8 ગ્રામદીઠ રૂ.2450 ઘટી રૂ.113217ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-પેટલ માર્ચ વાયદો 1 ગ્રામદીઠ રૂ.294 ઘટી રૂ.14171ના ભાવે બોલાયો હતો. સોનું-મિની એપ્રિલ વાયદો 10 ગ્રામદીઠ રૂ.3441 ઘટી રૂ.140897ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ટેન માર્ચ વાયદો 10 ગ્રામદીઠ રૂ.141003ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.141777 અને નીચામાં રૂ.140400ના મથાળે અથડાઈ, રૂ.144036ના આગલા બંધ સામે રૂ.3435 ઘટી રૂ.140601ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો કિલોદીઠ રૂ.225441ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.225441 અને નીચામાં રૂ.220744ના મથાળે અથડાઈ, રૂ.234834ના આગલા બંધ સામે રૂ.14090 ઘટી રૂ.220744 થયો હતો. કિલોદીઠ ચાંદી-મિની એપ્રિલ વાયદો રૂ.14135 ઘટી રૂ.224500 થયો હતો. ચાંદી-માઈક્રો એપ્રિલ વાયદો રૂ.14226 ઘટી રૂ.224650ના સ્તરે પહોંચ્યો હતો. બિનલોહ ધાતુઓમાં રૂ. 620.76 કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું માર્ચ વાયદો રૂ.7.1 ઘટી રૂ.1121.1ના સ્તરે પહોંચ્યો હતો. જસત માર્ચ વાયદો રૂ.1.65 વધી રૂ.310.95ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ માર્ચ વાયદો રૂ.1.9 વધી રૂ.334.65ના સ્તરે પહોંચ્યો હતો. સીસું માર્ચ વાયદો રૂ.1.65 ઘટી રૂ.191.8ના ભાવે બોલાયો હતો.એનર્જી સેગમેન્ટમાં રૂ. 811.26 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી માર્ચ વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.3997ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.4006 અને નીચામાં રૂ.3920ના મથાળે અથડાઈ, રૂ.44 ઘટી રૂ.3960ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ એપ્રિલ વાયદો બેરલદીઠ રૂ.8838ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.8944 અને નીચામાં રૂ.8838ના મથાળે અથડાઈ, રૂ.8499ના આગલા બંધ સામે રૂ.427 વધી રૂ.8926 થયો હતો. ક્રૂડ તેલ-મિની એપ્રિલ વાયદો રૂ.429 વધી રૂ.8929 થયો હતો. નેચરલ ગેસ માર્ચ વાયદો એમએમબીટીયુદીઠ 30 પૈસા વધી રૂ.277.9ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. નેચરલ ગેસ-મિની માર્ચ વાયદો 50 પૈસા વધી રૂ.278ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. 3476.33 કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. 2567.36 કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. 431.86 કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. 127.83 કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. 1.58 કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. 59.50 કરોડનાં કામકાજ થયાં હતાં.

---

# ટ્રાફિકનું ભારણ ઘટાડવા જગતપુર, ગોદરેજ ગાર્ડન સિટી, ઉમિયા સિટી જંકશન રીડેવલપ કરાશે

• અમદાવાદ



શહેરના જુદા જુદા વિસ્તારમાં આવેલા ટ્રાફિક જંકશનનો સર્વે કરી તબકકાવાર રીડેવલપ કરવા કોર્પોરેશનનુ આયોજન અમદાવાદમાં વિસ્તાર વધવાની સાથે ટ્રાફિકની સમસ્યામા સતત વધારો થઈ રહયો છે. આ પરિસ્થિતિમાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરના વિવિધ વિસ્તારમાં આવેલા ટ્રાફિક જંકશનનો સર્વે કરાવવામા આવી રહયો છે. ટ્રાફિકનુ ભારણ ઘટાડવા જગતપુર ઉપરાંત ગોદરેજ ગાર્ડન સિટી તથા ઉમિયા સિટી ટ્રાફિક જંકશન રીડેવલપ કરવા રોડ કમિટીમા દરખાસ્ત મંજૂર કરવામા આવી છે.રુપિયા ૮.૫૦ લાખનો ખર્ચ કરવામા આવશે. શહેરના જુદા જુદા વિસ્તારમા આવેલા મોટા અને નાના ટ્રાફિક જંકશનને રીડેવલપ કરવા સર્વે કરાવાઈ રહયો છે. આઈઆરસીની ગાઈડલાઈન મુજબ તેમા જરુરી સુધારા વધારા કરી જંકશન ડિઝાઈન કરવા મંજુરી અપાઈ હતી.રોડ કમિટીના ચેરમેન જયેશ પટેલે કહયુ, ટ્રાફિક જંકશન ઉપર ટ્રાફિક વોલ્યુમ કાઉન્ટ, સ્પીડ ડીલે સર્વે તથા જંકશન કયુ સર્વે કરાવવામા આવે છે.જંકશન રીડેવલપમેન્ટની કામગીરી ઝડપી બનાવવા સેપ્ટ ઉપરાંત આઈઆઈટી ગાંધીનગર, નિરમા યુનિવર્સીટી ,આઈઆઈટી રામ જેવી સંસ્થાઓ પાસે ડીટેઈલ સર્વે કરાવાઈ રહયો છે.નિરમા યુનિવર્સીટી દ્વારા આ ત્રણ ટ્રાફિક જંકશન રીડેવલપ કરવા ડિઝાઈન તૈયાર કરવામા આવી છે.આગામી સમયમાં આ ટ્રાફિક જંકશન રીડેવલપ કરવામા આવશે.

---

# દહેગામમાં ચંદન ચોર ટોળકી ત્રાટકી : 10 ઝાડ કાપીને લઈ ગયાંની ફરિયાદ

• ગાંધીનગર

ધામક અનો ઔષધિય ઉપયોગમાં લેવામાં આવતાં ચંદનના વૃક્ષોની ખેતી ખુબ કપરી માનવામાં આવે છે. ત્યારે ગાંધીનગર જિલ્લાના દહેગામમાં દોઢ દાયકાની જહેમત બાદ ઉછેરવામાં આવેલા ચંદનના ૧૦ ઝાડની ચોરી થયાની ફરિયાદ પોલીસ દફતરે નોંધાવવામાં આવી છે. અંદાજે ૩૦૦ કિલોથી વધુ વજન ધરાવતા અને રૂપિયા ૫ લાખ ઉપરાંતની બજાર કિંમત ધરાવતા ચંદનના વૃક્ષોની વિરપ્પન સ્ટાઈલમાં ચોરી ચર્ચાનો વિષય બની છે. દહેગામના કંથરાઈ તળાવ પાસે આવેલા નરેશભાઈ અમીનના ખેતરમાં ચંદન ચોર ટોળકીએ મોડી રાત્રે ચોરીનો કરતબ અજમાવ્યો હતો. અંધારાનો લાભ લઈ તસ્કરોએ એક-બે નહીં પણ પૂરા ૧૦ ચંદનના ઝાડ પર કુહાડો ચલાવી દીધો હતો. જેના પગલે ૧૫ વર્ષથી માવજત કરીને ઉછેરેલા અસામાન્ય અને કિંમતી ચંદનના વૃક્ષો હતાં ન હતાં થઈ ગયા હતાં.

---

# ઝાડેશ્વરની નર્મદા સંસ્કૃત પાઠશાળાના વિદ્યાર્થીઓ પર લાકડીઓ વડે હુમલો, 6 શખ્સો સામે ગુનો દાખલ

• ભરૂચ,

ભરૂચના ઝાડેશ્વર વિસ્તારમાં આવેલી નર્મદા સંસ્કૃત વૈદ પાઠશાળાના વિદ્યાર્થીઓ પર મધરાત્રે જીવલેણ હુમલો થવાની ઘટના સામે આવી છે. વિદ્યાર્થીઓ વચ્ચેની સામાન્ય મસ્તી અને બોલાચાલીનો રોષ રાખી બહારથી આવેલા શખ્સોએ ત્રણ વિદ્યાર્થીઓને લાકડીઓ વડે માર મારી, આઈફોન તોડી જાનથી મારી નાખવાની ધમકી આપતા ભરૂચ 'સી' ડિવિઝન પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. પાઠશાળાના ગૃહપતિ મહેન્દ્રભાઈ શાંતિલાલ જોષીએ નોંધાવેલી ફરિયાદ અનુસાર, વિદ્યાર્થી ઉત્સવ અને અગમ પાંડે વચ્ચે દાદર પર મસ્તી દરમિયાન સામાન્ય બોલાચાલી થઈ હતી. જે બાબતે અગમે ઉત્સવને ધમકી આપી હતી. આ વિવાદ બાદ મધરાત્રે અંદાજે પોણા બાર વાગ્યાના અરસામાં બે ફોર-વ્હીલ ગાડીઓમાં પાંચ-છ શખ્સો પાઠશાળાના સંકુલ પાસે ધસી આવ્યા હતા.

હુમલાખોરોએ સંકુલના હનુમાન મંદિર પાસે પહોંચી વિદ્યાર્થી ઉત્સવને નિશાન બનાવ્યો હતો. એક શખ્સે લાકડી વડે ઉત્સવના પગ અને જાંઘના ભાગે સપાટા માર્યા હતા, જેના કારણે તેના ખિસ્સામાં રહેલો 32,000ની કિંમતનો આઈફોન-11 પણ તૂટી ગયો હતો. ઉત્સવને બચાવવા વચ્ચે પડેલા તેના મિત્રો જય રાવલ અને રાજવીર દવેને પણ હુમલાખોરોએ લાકડીઓ વડે બેફામ માર માર્યો હતો.

ઘટના સ્થળે હાજર ગૃહપતિએ આરોપીઓના નામ પૂછતા તેઓએ પોતાની ઓળખ નેવીલ, મેવા કુંભાર, મુકેશ ચૌધરી, કાળા મોદી અને નવીન પટેલ (તમામ રહે. અંકલેશ્વર) તરીકે આપી હતી. હુમલો કર્યા બાદ આરોપીઓ જાનથી મારી નાખવાની ધમકી આપી વાહનોમાં ફરાર થઈ ગયા હતા. આ મામલે ભરૂચ 'સી' ડિવિઝન પોલીસે ગૃહ પતિની ફરિયાદના આધારે તમામ છ શખ્સો વિરુદ્ધ મારપીટ, તોડફોડ અને ધમકી આપવા બદલ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. શૈક્ષણિક સંકુલમાં બનેલી આ ઘટનાને પગલે વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ફફળ પડી છે.

**90 લાખની આર્થિક છેતરપિંડી**

### લિપ્સ, લાલ ગુલાબ ને લવ યુ, પ્રદીપ ગુરુના પાપ

# પૂર્વ સાધકોના આક્ષેપ-મધરાતે 5 યુવતી સાથે અશ્લીલ ચેટ કરતો, 1500 સ્ક્રીન શોટ, પૈસા પડાવી કહેતો-થાય તે કરી લો

## આ અંગે એક પૂર્વ સાધકે જણાવ્યું છે કે, આ કથિત ગુરુ એટલો ચાલાક હતો કે ભવિષ્યમાં કોઈ કાયદાકીય મુશ્કેલી ન આવે તે માટે તે અગાઉથી તૈયારી રાખતો હતો

• સુરત

તાજેતરમાં નકલી ચલણી નોટો છાપવાના કેસમાં પકડાયેલા પ્રદીપ ગુરુના એક બાદ એક કાંડ સામે આવી રહ્યા છે. યોગ અને અધ્યાત્મની આડમાં ચાલતા પ્રદીપના પાપ છાપરે ચઢીને પોકારે છે. પૂર્વ સાધકોએ પ્રદીપ ગુરુ પર ચોંકાવનારા આક્ષેપો કર્યા છે.

માત્ર એટલું જ નહીં, પૂર્વ સાધકોએ પ્રદીપ પર આક્ષેપો કર્યા કે, આશ્રમ( સુરત જિલ્લાના ધોરણ પારડી સ્થિત યોગ આશ્રમ )માં રાત્રે યુવતીઓ લાવતો હતો. રાત્રે વોટ્સએપ ચેટમાં લવયુના મેસેજ સહિત વાતો કરતો રહેતો હતો. તેમજ આ ચેટના 1500 સ્ક્રીન શોટ હોવાનો પણ દાવો કર્યો છે.


પૂર્વ સાધકોએ પૂરાવા સાથે આક્ષેપ કર્યો છે કે પ્રદીપ રાત્રે 12:00 વાગ્યાથી સવારના 05:00 વાગ્યા સુધી અલગ-અલગ યુવતીઓ સાથે વોટ્સએપ પર ચેટિંગ કરતો હતો. પૂર્વ સાધકો દ્વારા આપવામાં આવેલા ચેટ્સના સ્ક્રીન શોટ્સમાં 'દિક્કુ', 'લવ યુ' જેવા શબ્દો અને અત્યંત અંગત વાતોનો સમાવેશ થાય છે.

'મહિલાઓ પાસે પોતાની મરજીથી આશ્રમમાં આવતી હોવાનું લખાવી લેતો'આ અંગે એક પૂર્વ સાધકે જણાવ્યું છે કે, આ કથિત ગુરુ એટલો ચાલાક હતો કે ભવિષ્યમાં કોઈ કાયદાકીય મુશ્કેલી ન આવે તે માટે તે અગાઉથી તૈયારી રાખતો હતો. આશ્રમમાં આવતી મહિલાઓ પાસે એવું લખાણ લખાવી લેતો કે પોતાની મરજીથી આશ્રમમાં આવી રહી છે. જો કોઈ યુવતી શોષણ સામે અવાજ ઉઠાવવાનો પ્રયાસ કરે, તો તેને આ લખાણ બતાવીને અથવા પૈસા આપીને ચૂપ કરી દેવામાં આવતી હતી. આ એક સુનિયોજિત રેકેટ હોવાનું પૂર્વ સાધકો જણાવી રહ્યા છે.

એક મહિલા સ્ટાફ પાસે પણ વાંધાજનક વીડિયો અને 1500 જેટલા સ્ક્રીનશોટ હોવાનો દાવો કરાયો છે. 'પત્ની ક્રિષ્ના અને સ્ટાફ પાસે પણ વીડિયો પુરાવા' પૂર્વ સાધકે જણાવ્યું છે કે, ચોંકાવનારી વાત એ છે કે પ્રદીપની આ કરતૂતો વિશે તેની પત્ની ક્રિષ્નાને પણ બધી જ ખબર હતી. પત્ની આ બધું સહન ન કરી શકતા છોડીને જતી રહી છે. આ ઉપરાંત, સંસ્થામાં કામ કરતી એક મહિલા સ્ટાફ પાસે પણ વાંધાજનક વીડિયો અને 1500 જેટલા સ્ક્રીનશોટ છે. જોકે, આ સ્ટાફ મેમ્બરને 35 લાખનો ફ્લેટ આપીને તેનું મોઢું બંધ કરાવી દેવામાં આવ્યું હતું.

માત્ર શારીરિક શોષણ જ નહીં, પણ આર્થિક છેતરપિંડીમાં પણ આ કથિત ગુરુ અવ્વલ છે. આશ્રમના નિર્માણ અને અન્ય સેવાકીય કાર્યોના નામે સાધકો પાસેથી અંદાજે 90 લાખ રૂપિયા ઉછીના લેવામાં આવ્યા હતા. પૂર્વ સાધકો પાસે આ પૈસાની રસીદો પણ છે. લાખો રૂપિયા પચાવી પાડ્યા બાદ જ્યારે સાધકો નાણાં પરત માંગે ત્યારે ધમકીઓ આપવામાં આવતી હતી.

એક વાઈરલ થયેલી ઓડિયો ક્લિપમાં પ્રદીપનો અસલી અહંકારી ચહેરો જોવા મળે છે. જ્યારે એક સાધક પોતાના પૈસા પરત માંગે છે, ત્યારે ગુરુ કહે છે, 'તમારી તાકાત હોય તો કઢાવી લ્યો, પ્લોટ વેચાશે ત્યારે જ પૈસા મળશે.' આ ક્લિપમાં તે સાધકને ધમકાવતા




અને ફોન કાપી નાંખવાની વાત કરતા સંભળાય છે. એક ગુરુના મુખેથી આવી ગુંડા જેવી ભાષા સાંભળીને ભક્તોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

આ વાઈરલ ઓડિયોમાં જ્યારે સાધક નમ્રતાથી વાત કરે છે, ત્યારે પ્રદીપ ઉશ્કેરાઈને કહે છે, 'તમારાથી જે થાય ઈ કરી લેજો, કેસ કરવો હોય કે મર્ડર કરવું હોય તો છૂટ છે.' આ શબ્દો સાબિત કરે છે કે આ કથિત યોગગુરુને કાયદાનો કોઈ ડર નથી. તેઓ પોતાની વગનો ઉપયોગ કરીને ગરીબ અને મધ્યમ વર્ગના સાધકોને દબાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. સાધકોનું કહેવું છે કે જે વ્યક્તિ શાંતિની વાતો કરે છે તે જ હિંસાની ભાષા બોલે છે.

પ્રદીપ નાના માણસો પાસેથી પૈસા પડાવીને પોતાની એશોઆરામની જિંદગી જીવતો હોવાનો પણ આક્ષેપ કરાયો છે. પૂર્વ સાધકોનો આરોપ છે કે પ્રદીપ પાસે ફરવા માટે કરોડો રૂપિયાની લક્ઝુરિયસ કાર્સ છે અને ભવ્ય જીવન જીવે છે, પરંતુ જ્યારે સાધકોના પૈસા ચૂકવવાની વાત આવે ત્યારે તે પોતાની પાસે એક રૂપિયો પણ ન હોવાનું નાટક કરે છે. 'મારી પાસે 50,000 પડ્યા હશે તોય હું કોઈને નહીં આપું' એવું બોલતો પ્રદીપ બેફામ બન્યો હતો. નાના માણસો પાસેથી પૈસા પડાવીને પોતાની એશોઆરામની જિંદગી બનાવી હોવાનું સાધકોનું માનવું છે. પૂર્વ સાધકો દ્વારા રજૂ કરવામાં આવેલા વોટ્સએપ ચેટના સ્ક્રીનશોટ્સમાં પ્રદીપ અને મહિલાઓ વચ્ચેના સંવાદો અત્યંત વાંધાજનક છે. ચેટમાં 'રોજ વાત કરે છે ને' જેવી વાતો અને મોડા મળવા આવવા અંગેના સવાલો છે. કેટલીક ચેટ્સમાં મહિલાઓ રડતા ઈમોજી સાથે પોતાની વ્યથા ઠાલવતી જોવા મળે છે. આ સંવાદો કોઈ ગુરુ-શિષ્યાના નહીં પણ પ્રેમી-પ્રેમિકાના હોય તેવા 'ચણાનો લોટ લાખો રૂપિયામાં નથી આવતો'પ્રદીપ પોતાની છબિ સુધારવા માટે લોકસેવાના કામો કરતા હોવાનો દેખાવ કરતો હતો. ઓડિયો ક્લિપમાં સાધકે જ્યારે પૂછ્યું કે તમે દાન કરવાના પૈસા ક્યાંથી લાવો છો, ત્યારે પ્રદીપે ઉદ્ધત જવાબ આપ્યો કે 'ચણાના લોટ લાખો રૂપિયામાં નથી આવતો'. સાધકોનો આક્ષેપ છે કે લોકોના પૈસા પરત ન આપવા પડે એટલે તેઓ નાની-મોટી ચીજોનું દાન કરીને પોતાની જાતને દાનવીર સાબિત કરવાનો નિરર્થક પ્રયાસ કરતો હતો. જ્યારે સાધકોએ વહીવટ અંગે પ્રશ્ન ઉઠાવ્યો, ત્યારે પ્રદીપે પોતાની 24 વર્ષની જૂની સંસ્થા અને અનુભવનો રોફ જમાવ્યો હતો. તેઓ કહે છે કે 'આ કઈ આજકાલની સંસ્થા નથી, મને બધો અનુભવ છે કે વહીવટ કેમ કરવો.' પૂર્વ સાધકોનું કહેવું છે કે આટલા વર્ષો સુધી તેણે ભક્તિના નામે માત્ર પોતાની જાળ બિછાવી હતી અને હવે જ્યારે સત્ય સામે આવ્યું છે ત્યારે તેઓ પોતાના પાવરનો ઉપયોગ કરી રહ્યા છે. આ કૌભાંડ બહાર આવ્યા બાદ પૂર્વ સાધકોના પરિવારો પણ મેદાનમાં આવ્યા છે. પૂર્વ સાધકોની પત્નીઓએ જ્યારે ગ્રુપમાં 'પહેલા લોકોના દેવા ચુકવો અને પછી દાન કરવા નીકળો' એવા મેસેજ કર્યા, ત્યારે પ્રદીપે તેને 'હલકા મેસેજ' ગણાવ્યા હતા. સાધકો હવે સોશિયલ મીડિયાના માધ્યમથી આ પાખંડી પ્રદીપનો અસલી ચહેરો જનતા સામે લાવી રહ્યા છે. પૂર્વ સાધક જણાવે છે કે હજુ પણ ઘણી એવી યુવતીઓ અને મહિલાઓ છે જેમના વીડિયો અને ચેટ્સ પ્રદીપ પાસે છે. સામાજિક બદનામીના ડરથી આ મહિલાઓ આગળ આવી રહી નથી. પ્રદીપની આ નબળાઈનો ફાયદો ઉઠાવીને તેને બ્લેકમેલ કરતો હોવાની પણ શક્યતા છે. પૂર્વ સાધકોએ તમામ પીડિતોને હિંમત રાખીને સામે આવવા અપીલ કરી છે જેથી આ ગોરખધંધા કાયમ માટે બંધ થઈ શકે. સુરતમાં પકડાયેલા નકલી નોટોના કૌભાંડમાં પણ પ્રદીપનું નામ ઉછળતા પોલીસ તપાસ તેજ બની છે. આર્થિક છેતરપિંડી અને નકલી કરન્સી વચ્ચે કોઈ મોટું કનેક્શન હોવાની આશંકા સેવાઈ રહી છે. ભક્તો પાસેથી લીધેલા 90 લાખ રૂપિયા ક્યાં વપરાયા અને તેનો સોર્સ શું હતો, તે અંગે હવે ઊંડાણપૂર્વકની તપાસની માંગ ઉઠી છે. જો પોલીસ નિષ્પક્ષ તપાસ કરે તો હજુ પણ ઘણા મોટા માથાઓના નામ બહાર આવી શકે છે.

**બોટાદ 181 અભયમ ટીમની સરાહનીય કામગીરી**

# સોશિયલ મીડિયાના માધ્યમથી ભૂલા પડી ગયેલ મહિલાનું પરિવાર સાથે મિલન કરાવ્યું

**હેલ્પલાઈન** | એકલા હોવાથી તેમની સાથે કોઈ અનિચ્છનીય બનાવ ન ઘટે એ હેતુથી તેઓને પુછપરછ કરતા તેઓ કંઈપણ જણાવી રહ્યા ન હતા

એક જાગૃત નાગરિક દ્વારા 181 અભયમ મહિલા હેલ્પલાઈનમાં ટેલીફોનીક જાણ કરવામાં આવેલ કે ગઢડા તાલુકાના એક ગામમાં એક અજાણી મહિલા દ્રશ્યમાન થયેલ છે. જાગૃત નાગરિક દ્વારા મહિલા એકલા હોવાથી તેમની સાથે કોઈ અનિચ્છનીય બનાવ ન ઘટે એ હેતુથી તેઓને પુછપરછ કરતા તેઓ કંઈપણ જણાવી રહ્યા ન હતા.

મહિલાની સુરક્ષાને ધ્યાન પર લેતા ફરજ પરના કાઉન્સેલર પટેલ ખુશ્બુબેન, મહિલા પોલીસ કોન્સ્ટેબલ ગાબુ એકતાબેન અને પાયલોટ નરેન્દ્રભાઈ જે તે સ્થળ પર પહોંચેલ. 181 ટીમે મહિલાની સાથે શાંતિપૂર્વક પૂછપરછ કરીને



પ્રાથમિક માહિતી મેળવવાનો પ્રયત્ન કર્યો હતો, તેમ છતાં કોઈ સફળતા મળી ન હતી. મહિલા દ્વારા કોઈ પણ પ્રકારની માહિતી આપવામાં આવેલ ન હતી, ત્યારબાદ ગામના લોકો સાથે વાતચીત કરી સોશિયલ મીડિયા માધ્યમનો ઉપયોગ કરીને આજુ- બાજુના ગામોમાં આ માહિતી મોકલવામાં આવેલ હતી અંતે સોશિયલ મીડિયાના માધ્યમથી મહિલાના પરિવારની ભાળ મળી હતી, મહિલાના કૌટુંબિક ભાઈ ઘટના સ્થળે પહોચ્યા હતા. તેઓ દ્વારા મહિલા વિષે જણાવેલ કે મહિલા ગઢડા શહેરી વિસ્તારના રહેવાસી છે ત્યારબાદ 181 ટીમ મહિલા સાથે લઈને તેમની સાસરીમાં ગયેલ હતા, ત્યાં મહિલાના પતિ અને સાસરી પરિવારને મુલાકાત કરવામાં આવેલ જેમાં મહિલાના પતિની પૂછપરછ કરતા તેઓએ જણાવેલ કે મહિલા માનસિક રીતે અસ્વસ્થ હોવાથી આજ વહેલા સવારના પરિવારને જાણ કર્યા વિના નીકળી ગયેલ હતા, અને તેઓએ આજુબાજુના વિસ્તારમાં શોધવાના ઘણા પ્રયત્નો કરેલ પરંતુ મહિલા મળેલ ન હતા. 181 ટીમે મહિલાનું કાળજી પૂર્વક ધ્યાન આપવા તથા મહિલા સાથે અનિચ્છનીય બનાવ ન બને તે હેતુથી પરિવારને અવગત કરેલ હતા અને મહિલા માનસિક રીતે અસ્થિર હોવાથી તબીબી સારવાર અને દવા લેવા અંગે પણ જણાવેલ હતું. જે બાબતે મહિલાના પરિવારજનોએ આશ્વાસન આપતા જણાવેલ કે હવે પછી મહિલાની સારી રીતે સંભાળ રાખશે, ત્યારબાદ મહિલાના પરિવારના સભ્યો પાસેથી મહિલાની ઓળખ મેળવવા અંગેના તમામ પુરાવા લઈ મહિલાનો કબજો તેમના પતિ અને પરિવારના સભ્યોને સોંપવા અંગેની વહીવટી પ્રક્રિયા પૂર્ણ કરેલ હતી. મહિલાના પરિવાર તેમજ જાગૃત નાગરિક દ્વારા 181 અભયમ ટીમના સભ્યોનો સહૃદય આભાર વ્યક્ત કરી કામગીરીને બિરદાવી હતી...

રીપોર્ટર:વિપુલ લુહાર,બોટાદ

# નવાબંદર દરિયાકાંઠે 4થી વધુ બોટમાં આગ

### રામનવમી શોભાયાત્રા બાદ ઘટના, ફટાકડાથી આગ લાગ્યાની આશંકા



• કૈલૈશ ભટ્ટ ઉના

ઉના તાલુકાના નવાબંદર દરિયાકાંઠે આજે બપોરના સમયે ચારથી વધુ નાની બોટમાં અચાનક આગ લાગી હતી. આ ઘટનાને પગલે સ્થાનિક લોકોમાં નાસભાગ મચી ગઈ હતી. આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં દૂર દૂર સુધી ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા હતા. રામનવમીના તહેવાર નિમિત્તે શોભાયાત્રા પૂર્ણ થયા બાદ આ આગની ઘટના બની હતી. આગની જાણ થતાં જ લોકોના ટોળેટોળાં ઘટનાસ્થળે ઉમટી પડ્યા હતા. ઘટનાની જાણ ઉના નગરપાલિકાના ફાયર બ્રિગેડને કરવામાં આવતા, ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક નવાબંદર પહોંચી ગઈ હતી. આગમાં લપેટાયેલી બોટ પર સતત પાણીનો મારો ચલાવીને કલાકોની જહેમત બાદ આગને કાબૂમાં લેવામાં આવી હતી. પોલીસ પણ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. આગ કયા કારણોસર લાગી તે અંગે પોલીસે તપાસ હાથ ધરી છે. પ્રાથમિક તારણ મુજબ, શોભાયાત્રા દરમિયાન ફોડવામાં આવેલા ફટાકડાનો તણખો બોટ પર પડવાથી આગ લાગી હોવાની આશંકા છે. સ્થાનિક સરપંચ સોમવારભાઈએ જણાવ્યું હતું કે આ બોટ પડતર હાલતમાં હતી. વધુ જાણકારી માટે પોલીસે ચક્રવતીમાં કર્યા છે

# ગુજરાતમાં વારંવાર વીજડૂલના દિવસો હવે ભૂતકાળ બનશે

### વીજળીની અછત લગભગ શૂન્ય, ઝીરો પાવર ડેફિસિટ રાજ્ય તરીકે ઊભર્યું

• અમદાવાદ

પહેલાં આપણે જોતાં હતા કે ગુજરાતના ગામડાંઓમાં તો ઠીક પરંતુ શહેરોમાં પણ વારંવાર વીજળી ડૂલ થઈ જવાના કિસ્સાંઓ બનતા હતા. તેનું કારણ એ હતું કે ગુજરાતની પ્રજાને જરૂરિયાત પ્રમાણેનો વીજ પુરવઠો ઉપલબ્ધ થતો ન હતો. પરંતુ તાજેતરમાં જ લોકસભામાં પાવર મંત્રી શ્રીપાદ નાઈકે રજૂ કરેલાં આકડાં જોઈએ તો ગુજરાતમાં એપ્રિલથી ડિસેમ્બર મહિનામાં 2025ના વર્ષમાં જરૂરિયાત મુજબનો 1,18,066 MU વીજ પુરવઠો પૂરો પાડવામાં ગુજરાત 100% સફળ રાજ્ય બન્યું છે. જેના કારણે પ્રજાનો વીજળી ડૂલ થવાની સમસ્યાથી છૂટકારો થયો હતો. આમ તો દેશમાં આવા ઘણાં રાજ્યો હશે જ્યાં આ ઝંઝટમાંથી પ્રજાને મુક્તિ મળી છે પરંતુ પશ્ચિમના રાજ્યોમાં વસ્તીની દૃષ્ટિએ વાત કરીએ તો તેમાં ગુજરાત અને રાજસ્થાને પણ 100% વીજ પુરવઠો પૂરો પાડ્યો હોવાથી ત્યાં પણ પ્રજાને વીજળી ડૂલ થવાની સમસ્યાથી છૂટકારો થયો હતો. આમ તો 2024નું વર્ષ તો ઠીક પરંતુ માર્ચ-2025 સુધી જરૂરિયાત પ્રમાણેનો વીજ પુરવઠો ઉપલબ્ધ નહીં થવાથી ગુજરાતમાં ક્યાંક ક્યાંક પાવર કટ થવાની સમસ્યા હતી. 2025ના વર્ષમાં ગુજરાતે પૂરતા પ્રમાણમાં વીજ પુરવઠો જનરેટ કર્યો હોવાથી સમસ્યાનો નિકાલ થયો હતો. ગુજરાત ભારતમાં વીજ ઉત્પાદન અને વપરાશમાં અગ્રેસર છે અને હવે ઝીરો પાવર ડેફિસિટ રાજ્ય તરીકે ઊભર્યું છે એટલે કે રાજ્યમાં વીજળીની અછત લગભગ શૂન્ય થઈ ગઈ છે. નવીનીકરણીય ઊર્જા હોય કે પરંપરાગત વીજ ઉત્પાદન, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાતે વીજ ઉત્પાદન ક્ષમતામાં સતત વધારો કર્યો છે. રાજ્ય સરકારે સૌર અને આધુનિક ટેક્નોલોજી અને સચોટ આયોજન દ્વારા વીજળીનું કાર્યક્ષમ સંચાલનપવન ઊર્જા જેવા પ્રોજેક્ટ્સને વિશેષ પ્રોત્સાહન આપવાની સાથે નવા પાવર પ્લાન્ટ્સની સ્થાપના કરી છે અને ટ્રાન્સમિશન તથા ડિસ્ટ્રિબ્યુશન નેટવર્કને વધુ સુદ્રઢ બનાવ્યું છે. કરવામાં આવ્યું છે.

# પૂર્વ મહિલા પ્રિન્સિપાલે 67 વર્ષીય પતિ પાસે ભરણપોષણ માગ્યું

• અમદાવાદ

અમદાવાદની ફેમિલી કોર્ટમાં વર્ષ 2022માં 64 વર્ષીય પત્ની દ્વારા પોતાના 67 વર્ષીય પતિ સામે મંથલી રૂપિયા 15 હજારના ભરણપોષણનો દાવો દાખલ કર્યો હતો. જેને કોર્ટે નકારી નાખ્યો છે. કેસને વિગતે જોતાં બંનેના વર્ષ 1977માં પ્રેમ લગ્ન થયા હતા. લગ્નથી તેમને ત્રણ દીકરા થયા હતા. તે ત્રણેય દીકરા હાલ વિદેશમાં સેટલ છે. પત્નીના આક્ષેપ મુજબ પતિ સાસરીયાઓની કાનભંભેરણીમાં આવીને પત્નીને છોડીને જતો રહ્યો હતો. વળી તેના ઘરેણા લઈને ગીરવે મૂકી દીધા હતા. પત્ની 9 વર્ષ પિયરમાં રહીને નોકરી કરી અને બાળકોને ભણાવ્યા હતા. પતિએ તેને શારીરિક અને માનસિક ત્રાસ આપ્યો હતો. બંને પાછા ભેગા થયા, પરંતુ મનમેળ ન આવતા અમદાવાદ સ્થિત પોતાના દીકરાઓના ત્યાં અલગ અલગ વિસ્તારમાં રહેવા જતા રહ્યા હતા. જેમાં પત્ની અમદાવાદમાં નાના દીકરાના ઘરે અને પતિ મોટા દીકરાના ઘરે રહે છે. પત્નીનું કહેવું હતું કે, તેના પતિએ એક પતિ તરીકે કે પિતા તરીકેની કોઈ ફરજ અદા કરી નથી. તે પોતે PTC ભણેલી છે. પતિ કપડાના હોલસેલના વ્યવસાય સાથે સંકળાયેલો છે. તે મહિને 25 હજાર કમાય છે. જેથી તેને મહિને રૂપિયા 15,000નું ભરણપોષણ પત્નીએ આપવું જોઈએ. પતિ તરફથી એડવોકેટ રાહુલ.વી. મોદીએ દલીલ કરી હતી કે તેનો પતિ તેને ક્યારેય છોડીને ગયો નથી. પત્ની તામસી સ્વભાવની હોવાથી પત્નીએ પતિને ઘરમાંથી કાઢી મૂક્યો હતો. પતિ મોટા દીકરાને ઘરે રહે છે. પત્ની કંપનીમાં નોકરી કરતી હતી. ત્યાર બાદ તે સ્કૂલની પ્રિન્સિપાલ રહી ચૂકી હતી અને તેડાગર તરીકે પણ તેણે નોકરી કરી હતી. તે પોતાનું ભરણપોષણ કરવા સક્ષમ છે.

**હવે ટાલિયાપણું અસાધ્ય નથી!, 34 વર્ષીય મહિલાના વાળ પરત આવ્યાં**

# ગાંધીનગરની 'સ્ટેટ મોડલ આયુર્વેદ હોસ્પિટલ'માં 6 મહિનાની સારવાર બાદ કુદરતી રીતે વાળ ઉગવાનું શરૂ

• ગાંધીનગર

આજના આધુનિક યુગમાં પ્રદૂષણ, ખોટી જીવનશૈલી અને માનસિક તણાવને કારણે વાળ ખરવા અને નાની ઉંમરે ટાલ પડી જવી એ એક ગંભીર સામાજિક સમસ્યા બની ગઈ છે. બજારમાં મળતી મોંઘી પ્રોડક્ટ્સ અને ટ્રીટમેન્ટ્સ છતાં ઘણા લોકોને ધાર્યું પરિણામ મળતું નથી. આવી સ્થિતિમાં ગાંધીનગરના કોલાવડા સ્થિત 'સ્ટેટ મોડલ આયુર્વેદ હોસ્પિટલ' દ્વારા આયુર્વેદની શક્તિથી ગંભીર ટાલિયાપણાનો સચોટ ઈલાજ શોધી કાઢવામાં આવ્યો છે. એક 34 વર્ષીય મહિલા, જેમના માથાના વાળ લગભગ સંપૂર્ણપણે ખરી ગયા હતા, તેમને આયુર્વેદિક પદ્ધતિથી ફરી કુદરતી વાળ મેળવવામાં સફળતા મળી છે.

દાહોદ જિલ્લાની આ મહિલા વર્ષોથી વાળ ખરવાની ગંભીર બીમારીથી પીડાતી હતી. અનેક નિષ્ણાત તબીબોની મોંઘી સલાહ અને વિવિધ સારવાર પદ્ધતિઓ અપનાવવા છતાં કોઈ સુધારો જોવા મળ્યો નહોતો. આ લાંબા ગાળાની સમસ્યાને કારણે મહિલા ભારે માનસિક તણાવ અને સામાજિક સંકોચ અનુભવતી હતી. અંતે, નિરાશ થઈને તેમણે ગાંધીનગરની આ સરકારી આયુર્વેદ હોસ્પિટલમાં આશરો લીધો, જ્યાં તેમને 'ઈન્ડોર પેશન્ટ' તરીકે દાખલ કરી વિશેષ સારવાર શરૂ કરવામાં આવી હતી.

શાલક્ય તંત્ર વિભાગના વડા પ્રોફેસર કિરણ રાજની સીધી દેખરેખ હેઠળ આ કેસનું સંચાલન કરવામાં આવ્યું હતું. પ્રોફેસર રાજે આયુર્વેદના શાસ્ત્રીય સિદ્ધાંતો મુજબ દર્દીની શારીરિક પ્રકૃતિનું વિશ્લેષણ કરી, તેમના માટે ખાસ કસ્ટમાઈઝ્ડ સારવાર પદ્ધતિ અમલમાં મૂકી હતી. લગભગ 6 મહિના સુધી ચાલેલી આ સઘન અને મક્કમ ચિકિત્સાના પરિણામે જે ભાગમાં સંપૂર્ણ ટાલ હતી, ત્યાં કુદરતી રીતે નવા વાળ ઉગવાનું શરૂ થયું. આ સફળતા આધુનિક યુગમાં આયુર્વેદ પ્રત્યે લોકોના વિશ્વાસને મજબૂત કરનારી સાબિત થઈ છે. આયુર્વેદ પ્રોફેસર કિરણ રાજે આ અંગે મહત્વની સલાહ આપતા જણાવ્યું હતું કે, જો વ્યવસ્થિત અને ચોકસાઈપૂર્વક આયુર્વેદિક ચિકિત્સા પદ્ધતિ અપનાવવામાં આવે, તો વર્ષો જૂની અને હઠીલી સમસ્યાઓમાં પણ કાયમી અને સચોટ પરિણામ મેળવી શકાય છે.

આ સફળતા એ વાતનું પ્રમાણ છે કે, આયુર્વેદ માત્ર ઉપરછલ્લો ઉપચાર નથી, પરંતુ મૂળમાંથી રોગને મટાડવાની શક્તિ ધરાવે છે. ગાંધીનગરની આ હોસ્પિટલમાં મળેલી સફળતા દર્શાવે છે કે, જટિલ અને અસાધ્ય ગણાતા રોગોના નિવારણ માટે હવે સામાન્ય માણસે મોંઘા ખર્ચ કરવાની જરૂર નથી. જનમાનસમાં આયુર્વેદ પ્રત્યે જાગેલો આ વિશ્વાસ આગામી સમયમાં સ્વાસ્થ્ય ક્ષેત્રે ક્રાંતિ લાવશે.

**આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070**

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad - 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI

# અલ્કારાઝ મિયામી ઓપનમાંથી બહાર :સેબેસ્ટિયન કોર્ડાએ હરાવ્યો

### હવે વધુ સહન થતું નથી, હું ઘરે જઈ રહ્યો છું; હાર વચ્ચે હતાશ દેખાયા



મિયામી ઓપનમાં રવિવારે મોટો અપસેટ જોવા મળ્યો. વર્તમાન ઓસ્ટ્રેલિયન ઓપન ચેમ્પિયન કાર્લોસ અલ્કારાઝ ટુર્નામેન્ટના ત્રીજા રાઉન્ડમાં હારીને બહાર થઈ ગયા છે. તેમને અમેરિકાના સેબેસ્ટિયન કોર્ડાએ ત્રણ સેટના કડક મુકાબલામાં 6-3, 5-7, 6-4થી હરાવ્યા. મેચ 2 કલાક 19 મિનિટ ચાલી. કાર્લોસ અલ્કારાઝ, જેમણે જાન્યુઆરીમાં ઓસ્ટ્રેલિયન ઓપન જીતીને કારકિર્દી ગ્રાન્ડ સ્લેમ પૂર્ણ કર્યું, આ સિઝનમાં અત્યાર સુધી 19 મેચ રમી ચૂક્યા છે, જેમાં તેમણે 17 જીત અને 2 હાર નોંધાવી છે. ઈન્ડિયન વેલ્સમાં પણ તેમની સફર સેમિફાઈનલમાં સમાપ્ત થઈ, જ્યાં તેમને ડેનિયલ મેદવેદેવ સામે હારનો સામનો કરવો પડ્યો. આ સતત બીજું વર્ષ છે જ્યારે અલ્કારાઝને મિયામીમાં શરૂઆતના રાઉન્ડમાં જ બહાર થવું પડ્યું છે. ગયા વર્ષે પણ તેમને બીજા રાઉન્ડમાં ડેવિડ ગોફિને હરાવીને ચોંકાવ્યા હતા.કાર્લોસ અલ્કારાઝે વર્ષનો પહેલો ગ્રાન્ડ સ્લેમ ઓસ્ટ્રેલિયન ઓપન જીત્યો હતો. મેચ દરમિયાન અલ્કારાઝનો અલગ અંદાજ જોવા મળ્યો

હાર્ડ રોક સ્ટેડિયમમાં રમાયેલી આ મેચમાં અલ્કારાઝ પોતાની લયમાં જોવા મળ્યો ન હતો. માનસિક મજબૂતી માટે જાણીતો અલ્કારાઝ મેચ દરમિયાન ખૂબ જ નિરાશ દેખાયો. પહેલા સેટમાં 3-6થી પાછળ રહ્યા બાદ અને બીજા સેટની શરૂઆતમાં સર્વિસ તૂટ્યા પછી તેણે પોતાના બોક્સ (કોચિંગ ટીમ) તરફ ચીસો પાડીને કહ્યું, 'હવે મારાથી વધુ સહન થતું નથી. હું ઘરે જઈ રહ્યો છું... હું હવે વધુ સહન કરી શકતો નથી.' તેના આ વર્તનથી ચાહકો આશ્ચર્યચકિત થઈ ગયા, કારણ કે તે સામાન્ય રીતે મેદાન પર શાંત અને હસતો જોવા મળે છે.બીજા સેટમાં એક સમયે કોર્ડા 5-4થી આગળ હતા અને મેચ માટે સર્વ કરી રહ્યા હતા. અહીં અલ્કારાઝે વાપસી કરવાનો પ્રયાસ કર્યો અને સતત પાંચ ગેમ જીતીને સ્કોર બરાબર કરી દીધો. જોકે, આ દરમિયાન પણ તેમના ચહેરા પર તે પરિચિત ચમક અને જીતનો ઉત્સાહ ગાયબ હતો. નિર્ણાયક સેટ (ત્રીજા સેટ)માં 25 વર્ષીય કોર્ડાએ પોતાનો સંયમ જાળવી રાખ્યો અને 2 કલાક 19 મિનિટ સુધી ચાલેલા આ મુકાબલાને 6-4થી પોતાના નામે કરી લીધો.

સેબેસ્ટિયન કોર્ડા હાલમાં એટીપી રેન્કિંગમાં 36મા સ્થાને છે. ગયા વર્ષે ડેવિડ ગોફિન (ત્યારે 55મી રેન્ક) પછી કોર્ડા સૌથી ઓછી રેન્કિંગ ધરાવતા ખેલાડી બની ગયા છે જેમણે અલ્કારાઝને આ ટુર્નામેન્ટમાં હરાવ્યા છે.આ હાર સાથે જ મિયામી ઓપનમાં અલ્કારાઝનો ખરાબ રેકોર્ડ ચાલુ રહ્યો.

મેચ પછી પોતાની હાર સ્વીકારતા અલ્કારાઝે કહ્યું, 'સ્પષ્ટપણે આ એક મુશ્કેલ મેચ હતી. મને લાગે છે કે આજે કોર્ડાએ શાનદાર રમત બતાવી. મેચમાં ઘણી એવી તકો આવી જ્યાં સ્કોર ઘણો નજીક હતો, પરંતુ હું તે તકોનો ફાયદો ઉઠાવી શક્યો નહીં. તે પરિસ્થિતિઓમાં કોર્ડા મારા કરતાં વધુ સારા સાબિત થયા.

IPL

### છેલ્લી ઘડીએ હટી જવાને કારણે તેને IPLમાંથી બે વર્ષના પ્રતિબંધનો સામનો કરવો પડી શકે છે

# બેન ડકેટે IPLમાંથી નામ પાછું ખેંચ્યું:2 વર્ષના પ્રતિબંધનો ખતરો, CSKએ એલિસની જગ્યાએ જોન્સનને સામેલ કર્યો

### 31 વર્ષીય ડકેટે 'ધ ટેલિગ્રાફ' સાથેની વાતચીતમાં કહ્યું, 'આ ખૂબ જ મુશ્કેલ નિર્ણય હતો અને હું દિલ્હી કેપિટલ્સના તમામ લોકોની માફી માંગુ છું




ઈંગ્લેન્ડના બેટ્સમેન બેન ડકેટે IPL 2026માંથી પોતાનું નામ પાછું ખેંચી લીધું છે. ખરાબ ફોર્મ વચ્ચે પોતાની ટેસ્ટ કારકિર્દી પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે તેણે આ નિર્ણય લીધો. જોકે, છેલ્લી ઘડીએ હટી જવાને કારણે તેને IPLમાંથી બે વર્ષના પ્રતિબંધનો સામનો કરવો પડી શકે છે, કારણ કે ગયા વર્ષે ફ્રેન્ચાઈઝીઓએ આવા વિદેશી ખેલાડીઓ પર કડક કાર્યવાહી કરવાનો નિર્ણય લીધો હતો. બીજી તરફ, ચેન્નઈ સુપર કિંગ્સ (CSK) એ ઓસ્ટ્રેલિયાના ડાબા હાથના ફાસ્ટ બોલર સ્પેન્સર જોન્સનને ટીમમાં સામેલ કર્યો છે. તેને ઈજાગ્રસ્ત નાથન એલિસના સ્થાને રિપ્લેસમેન્ટ તરીકે 1.5 કરોડ રૂપિયાની બેઝ પ્રાઈસ પર સાઈન કરવામાં આવ્યો છે. એલિસ જૂની હેમસ્ટ્રિંગ ઈજાને કારણે આખી ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગયો છે.

ડિસેમ્બરમાં થયેલી હરાજીમાં દિલ્હી કેપિટલ્સે બેન ડકેટને 2 કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો. ડકેટ પહેલીવાર IPL રમવાનો હતો, પરંતુ ટીમમાં વિદેશી ખેલાડીના સ્લોટ માટે તેને શ્રીલંકાના પથુમ નિસાંકા તરફથી સખત સ્પર્ધા મળી રહી હતી. પ્લેઈંગ ઈલેવનમાં જગ્યા પાકી ન હોવા અને ફોર્મના સંકટને જોતા તેણે ભારત આવવાને બદલે નોટિંગહામશાયર માટે કાઉન્ટી ચેમ્પિયનશિપ રમવાનો નિર્ણય કર્યો છે.

31 વર્ષીય ડકેટે 'ધ ટેલિગ્રાફ' સાથેની વાતચીતમાં કહ્યું, 'આ ખૂબ જ મુશ્કેલ નિર્ણય હતો અને હું દિલ્હી કેપિટલ્સના તમામ લોકોની માફી માંગુ છું. જ્યારે મને ઓક્શનમાં પસંદ કરવામાં આવ્યો હતો, ત્યારે હું ખૂબ જ ઉત્સાહિત હતો. IPL દુનિયાની સૌથી મોટી લીગ છે, પરંતુ મેં મારી કારકિર્દી વિશે ઘણું વિચાર્યું અને મને લાગ્યું કે અત્યારે આ જ સાચો નિર્ણય છે. કદાચ 31 વર્ષની ઉંમરે મને ફરીથી તક મળવી મુશ્કેલ હશે, પરંતુ મને આશા છે કે હું ભવિષ્યમાં દિલ્હીનું પ્રતિનિધિત્વ કરી શકીશ.'સ્પેન્સર જોન્સને પાકિસ્તાન સુપર લીગ (PSL) 2026 માટે ક્વેટા ગ્લેડીયેટર્સ સાથે કરાર કર્યો હતો, પરંતુ ટુર્નામેન્ટ શરૂ થાય તે પહેલાં જ અંગત કારણો ટાંકીને તેણે પોતાનું નામ પાછું ખેંચી લીધું. હવે ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) માં ચેન્નઈ સુપર કિંગ્સ (CSK) સાથે જોડાવું તેની કારકિર્દીની નવી શરૂઆત માનવામાં આવી રહ્યું છે.

જોન્સન 1.5 કરોડ રૂપિયામાં CSK સાથે જોડાયા છે. 30 વર્ષના આ ઓસ્ટ્રેલિયન ફાસ્ટ બોલરે અત્યાર સુધીમાં 5 વનડે અને 8 T20 ઈન્ટરનેશનલ મેચ રમી છે. આ ઉપરાંત, તેઓ 71 T20 મેચોનો અનુભવ પણ ધરાવે છે. જોન્સન અગાઉ પણ IPLનો ભાગ રહી ચૂક્યા છે. તેઓ 2024માં ગુજરાત ટાઈટન્સ અને 2025માં કોલકાતા નાઈટ રાઈડર્સ માટે રમ્યા હતા. 2024ની સિઝનમાં તેમણે 5 મેચમાં 4 વિકેટ લીધી હતી, જ્યારે 2025માં 4 મેચમાં માત્ર 1 વિકેટ મેળવી શક્યા હતા.

જોકે, ગત IPL પછી તેમને પીઠમાં ઈજા થઈ હતી, જેના કારણે તેઓ બિગ બેશ લીગ અને 2026 T20 વર્લ્ડકપમાંથી પણ બહાર રહ્યા હતા. વળી, ગયા વર્ષે IPLના મિની ઓક્શનમાં તેમને કોઈ ખરીદનાર મળ્યો ન હતો. નાથન એલિસને 11 માર્ચે ઓસ્ટ્રેલિયાના ઘરેલુ વન-ડે કપ ફાઈનલ દરમિયાન ઈજા થઈ હતી. તેમની જૂની હેમસ્ટ્રિંગ ઈજા ફરી ગંભીર બની ગઈ, જેના પછી ડોકટરોએ તેમને આરામ કરવાની સલાહ આપી છે. એલિસને CSK એ પાછલા ઓક્શન પહેલા 2 કરોડ રૂપિયામાં રિટેન કર્યા હતા, જોકે 2025ની સીઝનમાં તેમને માત્ર એક મેચ રમવાની તક મળી હતી.

### લગ્ન પછી પહેલીવાર વૃંદાવન આવ્યા

# કુલદીપ યાદવ પત્ની વંશિકા સાથે બાંકે બિહારી મંદિર પહોંચ્યા:પૂજા-દર્શન કરીને 56 ભોગ અર્પણ કર્યા

### મંદિરના સેવાયત શૈલેન્દ્ર ગોસ્વામીએ જણાવ્યું કે કુલદીપના પરિવારે તેમના આગમનની જાણકારી આપી હતી


• મથુરા



ક્રિકેટર કુલદીપ યાદવે પત્ની વંશિકા સાથે વૃંદાવનમાં બાંકે બિહારીના દર્શન કર્યા. તેઓ મંગળવારે સાંજે 7:30 વાગ્યે મંદિરે પહોંચ્યા હતા. બંનેએ ઉંબરા પર અત્તર લગાવી સેવા કરી. ભગવાનને 56 ભોગ અર્પણ કર્યા. લગ્ન પછી બંને પહેલીવાર મથુરા પહોંચ્યા હતા. કુલદીપ એટલી ગુપ્ત રીતે વૃંદાવન પહોંચ્યા કે કોઈને તેની જાણ પણ ન થઈ. ફોટો-વીડિયો સામે આવ્યા પછી બુધવારે સવારે લોકોને તેની જાણ થઈ. બંને લગભગ 25 મિનિટ સુધી મંદિરમાં રહ્યા. આ દરમિયાન મંદિરના ગાર્ડ તેમને ઘેરીને ઊભા રહ્યા.મંદિરના સેવાયત શૈલેન્દ્ર ગોસ્વામીએ જણાવ્યું કે કુલદીપના પરિવારે તેમના આગમનની જાણકારી આપી હતી. ભીડથી બચવા માટે તેને ગુપ્ત રાખવાનું કહ્યું હતું. મંદિરે પહોંચતા મેં અને નિતિન સાંવરિયાએ પૂજા-અર્ચના કરાવી. અત્તર આપીને ઉંબરાની પૂજા કરાવી. ભગવાનની પ્રસાદી માળા ભેટ કરી. લગભગ એક કલાક વૃંદાવનમાં રહ્યા પછી બંને દિલ્હી રવાના થઈ ગયા. કુલદીપ અને વંશિકા બાળપણના મિત્રો છે. ધીમે ધીમે મિત્રતા પ્રેમમાં બદલાઈ ગઈ. વંશિકા કાનપુરના શ્યામ નગરની રહેવાસી છે. ઓસ્ટ્રેલિયામાં નોકરી કરતી હતી. પિતા યોગેન્દ્ર સિંહ ચઢ્ઢા એલઆઈસીમાં કાર્યરત છે. કુલદીપ લાલ બંગલા વિસ્તારમાં રહે છે.

વંશિકા અને કુલદીપના ઘર વચ્ચેનું અંતર માત્ર 3 કિલોમીટર હતું. કુલદીપે વર્ષ 2024માં એક ઈન્ટરવ્યુમાં વંશિકા વિશે વાત કરતા કહ્યું હતું કે તેમના જીવનમાં તેમના માટે ખાસ સ્થાન છે. તેમનો સંબંધ ખૂબ જૂનો છે. કુલદીપ ટી-20 વર્લ્ડ કપ 2026 જીતનારી ભારતીય ટીમનો ભાગ હતો. ટુર્નામેન્ટમાં કુલદીપે માત્ર એક મેચ રમી હતી, જે પાકિસ્તાન સામે હતી. મેચમાં કુલદીપે 14 રન આપીને એક વિકેટ લીધી હતી. ચાઈનામેન બોલર કુલદીપ યાદવે ત્રણેય ફોર્મેટને ભેગા કરીને ભારત માટે અત્યાર સુધીમાં 191 મેચ રમી છે. તેણે 22.50ની એવરેજ અને 4.84ના ઈકોનોમી રેટથી 365 વિકેટ ઝડપી છે. 31 વર્ષીય કુલદીપે 9 વખત એક ઈનિંગ્સમાં 5 કે તેથી વધુ વિકેટ લીધી છે. T-20 વર્લ્ડ કપ જીત્યા પછી કુલદીપે ટ્રોફી અને મેડલ સાથે સ્વેગ સાથે તસવીર બતાવી હતી.કુલદીપનો જન્મ 14 ડિસેમ્બર, 1994ના રોજ ઉન્નાવ જિલ્લાના એક ગામમાં થયો હતો. પિતા ઈંટ-ભટ્ઠો ચલાવતા હતા. માતા ઉષા યાદવ ગૃહિણી છે. તેમની 3 મોટી બહેનો છે. તેમને ક્રિકેટનો જબરદસ્ત શોખ હતો. જ્યારે પણ મેચનું પ્રસારણ થતું, ત્યારે તેઓ ટીવી પર જોવાનું ભૂલતા નહોતા.કુલદીપે એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે પિતા તેમને ક્રિકેટર બનાવવા માંગતા હતા, પરંતુ તેમને આ રમત બિલકુલ પસંદ નહોતી.

# જેનિક સિનર મિયામી ઓપનના ક્વાર્ટર ફાઈનલમાં: 28 સેટ જીતીને રેકોર્ડ બનાવ્યો



દુનિયાના નંબર બે ટેનિસ ખેલાડી, ઈટાલીના જૈનિક સિનરે મિયામી ઓપનમાં પોતાનું શાનદાર પ્રદર્શન ચાલુ રાખતા ક્વાર્ટર ફાઈનલમાં સ્થાન મેળવી લીધું છે. મંગળવારે હાર્ડ રોક સ્ટેડિયમમાં રમાયેલી મેચમાં સિનરે અમેરિકાના એલેક્સ મિશેલસનને સીધા સેટમાં 7-5, 7-6(4)થી હરાવી દીધો. ઈટાલીના ટેનિસ ખેલાડી જૈનિક સિનરે ATP માસ્ટર્સ 1000 ઈવેન્ટ્સમાં સતત 28 સેટ જીતીને પોતાનો જ રેકોર્ડ વધુ મજબૂત કર્યો છે.ગયા વર્ષે નવેમ્બરમાં પેરિસ માસ્ટર્સથી શરૂ થયેલો તેમનો જીતનો સિલસિલો હજુ પણ ચાલુ છે. આ પહેલા આ રેકોર્ડ નોવાક જોકોવિચના નામે હતો, જેમણે સતત 24 સેટ જીત્યા હતા, પરંતુ સિનરે તેને પાછળ છોડી દીધો.

સિનરે ATP માસ્ટર્સ 1000 ઈવેન્ટ્સમાં સતત 28 સેટ જીતીને પોતાનો જ રેકોર્ડ વધુ મજબૂત કર્યો છે.

મેચ દરમિયાન એક સમય એવો આવ્યો જ્યારે સિનર બીજા સેટમાં 2-5થી પાછળ ચાલી રહ્યા હતા અને મિશેલસનની જીત નિશ્ચિત લાગી રહી હતી. જોકે, સિનરે હાર ન માની અને બ્રેક પોઈન્ટ મેળવીને સ્કોર બરાબર કર્યો. ત્યારબાદ મુકાબલો ટાઈ-બ્રેકમાં ગયો, જ્યાં સિનરે આગામી 7માંથી 6 પોઈન્ટ જીતીને 1 કલાક 42 મિનિટમાં મેચ પોતાના નામે કરી લીધી. મિશેલસન સામે હવે સિનરનો હેડ-ટુ-હેડ રેકોર્ડ 3-0 થઈ ગયો છે.24 વર્ષીય ઈટાલિયન ખેલાડી હવે મિયામી ઓપનમાં સતત પાંચમા વર્ષે ક્વાર્ટરફાઈનલમાં પહોંચી ગયા છે. તેઓ યાનીક નોઆ અને સ્ટેફાન એડબર્ગ પછી આવું કરનાર ત્રીજા ખેલાડી છે. આવતીકાલે ક્વાર્ટરફાઈનલમાં સિનરનો મુકાબલો 19મી સીડ ફ્રાન્સિસ ટિયાફો સામે થશે. સિનરે કહ્યું કે તેણે પોતાનો શ્રેષ્ઠ ટેનિસ રમ્યો ન હતો, તેથી તેણે કોઈને કોઈ રસ્તો શોધવાનો પ્રયાસ કર્યો. તેણે કહ્યું, 'હવે હું મારી જાતને થોડો વધુ સારી રીતે ઓળખું છું, તેથી દરેક દિવસ થોડો અલગ હોઈ શકે છે.'

# રોહિત કે ધોની? સૌરવ ગાંગુલીના મતે ભારતનો સૌથી શ્રેષ્ઠ વ્હાઈટ બોલ કેપ્ટન કોણ?

રોહિત શર્મા અને એમએસ ધોનીની ગણતરી ભારતના સૌથી સફળ કેપ્ટનોમાં કરવામાં આવે છે. તેમની કેપ્ટનશીપમાં જ ભારતે એકથી વધુ ICC ટ્રોફી જીતી છે. એમએસ ધોનીની કેપ્ટનશીપમાં ભારતે 2007 T20 વર્લ્ડ કપ, 2011 વનડે વર્લ્ડ કપ અને 2013 ચેમ્પિયન્સ ટ્રોફી પર કબજો કર્યો હતો. બીજી તરફ રોહિત શર્માની કેપ્ટનશીપમાં ભારતે 2024 T20 વર્લ્ડ કપ અને 2025 ચેમ્પિયન્સ ટ્રોફી જીતી હતી. હિટમેનની કેપ્ટનશીપમાં ભારત 2023 વનડે વર્લ્ડ કપની ફાઈનલમાં ઓસ્ટ્રેલિયા સામે હારી ગયું હતું. આ પહેલા કપિલ દેવની કેપ્ટનશીપમાં ભારતે 1983નો વર્લ્ડ કપ જીત્યો હતો. બીજી તરફ સૌરવ ગાંગુલીની કેપ્ટનશીપમાં ટીમ ઈન્ડિયા 2002ની ચેમ્પિયન્સ ટ્રોફીની સંયુક્ત વિજેતા બની હતી.

હવે પૂર્વ કેપ્ટન સૌરવ ગાંગુલીએ એમએસ ધોનીને દેશનો અત્યાર સુધીનો સૌથી શ્રેષ્ઠ 'વ્હાઈટ બોલ' કેપ્ટન ગણાવ્યો છે. એક સમિટમાં ગાંગુલીએ પોતાના શાનદાર વારસાને એક તરફ રાખીને બે દિગ્ગજો વચ્ચે લાંબા સમયથી ચાલી આવતી તુલના પર નિર્ણાયક જવાબ આપ્યો છે. આ ચર્ચા દરમિયાન ગાંગુલીએ સફળતાના સૌથી મોટા માપદંડનો ઉપયોગ કરીને એમએસ ધોનીને બાકી તમામ ભારતીય કેપ્ટનોથી ઉપર રાખ્યો: એટલે કે જીતેલી ટ્રોફીઓ.

ગાંગુલીએ કહ્યું કે, 'ધોનીએ વર્લ્ડ કપ જીત્યો હતો, જ્યારે હું રનર-અપ રહ્યો છું.' ગાંગુલીએ ભારતની 2011ની જીતની તુલના 2003ની ફાઈનલ સાથે કરી, જેમાં ભારત ઓસ્ટ્રેલિયા સામે હારી ગયું હતું. ગાંગુલીએ આગળ કહ્યું કે, 'તેણે (ધોની) ત્રણ વર્લ્ડ કપમાં ભારતની કેપ્ટનશીપ કરી છે. અમારા જમાનામાં T20I ક્રિકેટ નહોતું, માત્ર ચેમ્પિયન્સ ટ્રોફી અને વર્લ્ડ કપ હતા. પરંતુ ધોનીએ વર્લ્ડ કપ જીત્યો છે, અને હું કહીશ કે તે એક શ્રેષ્ઠ વ્હાઈટ બોલ કેપ્ટન હતો.'


ધોનીએ 2004માં ગાંગુલીની કેપ્ટનશીપમાં પોતાનું ઈન્ટરનેશનલ ડેબ્યૂ કર્યું હતું અને આગળ જતા તેણે 2007માં T20 વર્લ્ડ કપ, 2011માં વનડે વર્લ્ડ કપ અને 2013માં ચેમ્પિયન્સ ટ્રોફીનો ખિતાબ અપાવ્યો, આ સાથે જ તે વ્હાઈટ બોલ ક્રિકેટની ત્રણ સૌથી મોટી ટૂર્નામેન્ટ જીતનાર પ્રથમ અને એકમાત્ર કેપ્ટન બન્યો હતો.

# 3 કરોડ, સરકારી નોકરી મળી રહી છતાં નિમણૂક પત્ર લેવા કેમ ન આવ્યો રિંકુ સિંહ, થયો ખુલાસો!

ભારતીય ક્રિકેટર રિંકુ સિંહે ઉત્તર પ્રદેશ સરકારનો સ્પોર્ટ્સ ક્વોટા હેઠળ રીજનલ સ્પોર્ટ્સ ઓફિસર તરીકે ખુદની નિમણૂક કરવા બદલ આભાર વ્યક્ત કર્યો છે. તેણે ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને રાજ્ય સરકારનો આભાર માનતા તેને પોતાના માટે સન્માનની વાત ગણાવી છે. સોશિયલ મીડિયા પર શેર કરેલા એક વીડિયો મેસેજમાં રિંકુએ આ જવાબદારી આપવા બદલ સરકારનો આભાર માન્યો છે. તેણે 3 કરોડ રૂપિયાની આર્થિક સહાય આપવા બદલ પણ સરકારનો આભાર માન્યો. આ વીડિયોમાં રિંકુએ કહ્યું કે, 'ઉત્તર પ્રદેશ સરકાર દ્વારા મને 3 કરોડના પુરસ્કાર અને રીજનલ સ્પોર્ટ્સ ઓફિસરની જવાબદારી આપવા બદલ હું મુખ્યમંત્રી યોગી આદિત્યનાથનો આભારી છું.' બીજી તરફ આ વીડિયોમાં તેણે ખુલાસો કર્યો કે, 'હું ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) ફ્રેન્ચાઈઝીના કેમ્પમાં વ્યસ્ત હોવાના કારણે નિમણૂક પત્ર વિતરણ સમારોહમાં હાજરી ન આપી શક્યો. હું ટૂંક સમયમાં લખનઉ પહોંચીને તેમનો નિમણૂક પત્ર પ્રાપ્ત કરી લઈશ અને મુખ્યમંત્રી સાથે મુલાકાત કરીને તેમના આશીર્વાદ લઈશ.'રાજ્યના રમતગમત નિર્દેશક આર.પી. સિંહે જણાવ્યું કે, રિંકુ IPL પ્રતિબદ્ધતાઓના કારણે સમારોહમાં સામેલ નથી થઈ શક્યો, પરંતુ તેણે પહેલાથી જ આભાર વ્યક્ત કરી લીધો હતો. તેમણે એમ પણ કહ્યું કે, રિંકુને સમય મળશે ત્યારે લખનઉમાં રમતગમત નિર્દેશાલય કાર્યાલયમાં જોડવામાં આવશે.

### બુમરાહ પત્ની સંજનાના રોસ્ટથી ક્લીન બોલ્ડ!

# 'ધુરંધર 2'નો વાઈરલ મીમ સોશિયલ મીડિયા પર શેર કર્યો; પૂછ્યું- ઘર કી યાદ નહીં આઈ, જસ્સી?



ભારતીય ક્રિકેટર જસપ્રીત બુમરાહની પત્ની સંજના ગણેશને 'ધુરંધર 2'નો વાઈરલ મીમ પોસ્ટ કરીને તેને રોસ્ટ કર્યો છે. સંજનાએ બુમરાહના 'બોયઝ નાઈટ'ના પ્લાન પર કટાક્ષ કરતા સોશિયલ મીડિયા પોસ્ટ કરી. તેણે ઈન્સ્ટાગ્રામ પર 'ધુરંધર 2' નો ફેમસ મીમ શેર કર્યો. તેમાં ફિલ્મના પાત્ર 'પિંડા' (ઉદયબીર સંધુ) ના ફોટો સાથે કેપ્શન લખ્યું હતું કે 'જ્યારે પણ જસપ્રીત બુમરાહ 'બોયઝ નાઈટ' (મિત્રો સાથે બહાર જવા) નો પ્લાન બનાવવાનું વિચારે છે.' આ સાથે તેણે ફિલ્મનો વાઈરલ ડાયલોગ 'ઘર કી યાદ નહીં આઈ તુજે, જસ્સી?' પણ પોસ્ટ કર્યો. સંજનાની આ પોસ્ટ સોશિયલ મીડિયા પર ઝડપથી વાઈરલ થઈ રહી છે. રણવીર સિંહની ફિલ્મ 'ધુરંધર 2' માત્ર સિનેમાઘરો પૂરતી સીમિત નથી, પરંતુ તેના ડાયલોગ્સ હવે રોજિંદા વાર્તાલાપ અને જોક્સનો ભાગ બની ગયા છે. સંજનાએ જે 'ઘર કી યાદ નહીં આઈ...' ડાયલોગનો ઉપયોગ કર્યો છે, તે ફિલ્મના સૌથી ચર્ચિત સીન્સમાંથી એક છે. સંજનાએ આ ડાયલોગ દ્વારા હળવાશથી એ દર્શાવવાનો પ્રયાસ કર્યો કે બુમરાહને મિત્રો સાથે બહાર જવાથી વધુ ઘરની યાદ આવતી નથી.

સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહેલો મીમ રણવીર સિંહની ફિલ્મ 'ધુરંધર 2' માત્ર સિનેમાઘરો પૂરતી સીમિત નથી, પરંતુ તેના ડાયલોગ્સ હવે રોજિંદા વાર્તાલાપ અને જોક્સનો ભાગ બની ગયા છે. સંજનાએ જે 'ઘર કી યાદ નહીં આઈ...' ડાયલોગનો ઉપયોગ કર્યો છે, તે ફિલ્મના સૌથી ચર્ચિત સીન્સમાંથી એક છે. સંજનાએ આ ડાયલોગ દ્વારા હળવાશથી એ દર્શાવવાનો પ્રયાસ કર્યો કે બુમરાહને મિત્રો સાથે બહાર જવાથી વધુ ઘરની યાદ આવતી નથી.

## વીડિયો બનાવવાની ધમકી; દોસ્તીમાં જ મળ્યો દગો?

# 'હીરોઈન' મીનાક્ષી થાપરનું અપહરણ થયું:15 લાખની ખંડણી માંગી

### ઘરના સભ્યો પરેશાન હતા કે 17 માર્ચની બપોરે માતાના મોબાઈલ નંબર પર મીનાક્ષીના નંબર પરથી એક મેસેજ આવ્યો

બોલિવૂડ ક્રાઈમ ફાઈલ્સના 10મા અને છેલ્લા કેસમાં જાણો એક્ટ્રેસ મીનાક્ષી થાપર હત્યાકાંડની નિર્દય કહાણી. વર્ષ 2012માં મીનાક્ષી મધુર ભંડારકરની ફિલ્મ 'હીરોઈન'માં કામ કરી રહી હતી. ફિલ્મની લીડ એક્ટ્રેસ કરીના કપૂર હતી. ત્યારે અચાનક તેમનું અપહરણ થયું. એક્ટ્રેસની શોધ પોલીસને અલ્હાબાદ સુધી લઈ ગઈ, જ્યાં એક્ટ્રેસ નહીં પણ તેનું સડતું હાડપિંજર મળ્યું અને માથું ક્યાં ગયું, તે આજે પણ સામે આવી શક્યું નથી.

દેહરાદૂનની રહેવાસી મીનાક્ષી થાપર હિરોઈન બનવાના સપના લઈને સપનાની નગરી મુંબઈ પહોંચી. શરૂઆતી સંઘર્ષ પછી તેને પહેલા નાની-મોટી એડમાં કામ મળ્યું અને પછી બોલિવૂડ ફિલ્મોમાં સાઈડ એક્ટ્રેસ કે જુનિયર આર્ટિસ્ટ તરીકે કામ મળવા લાગ્યું. 2011માં તેને ટિસ્કા ચોપરા, સતીશ કૌશિક, નિશિકાંત કામત અભિનીત ફિલ્મ 404માં કામ મળ્યું. મીનાક્ષી ઈન્ડસ્ટ્રીમાં સારી પકડ જમાવી રહી હતી. તેનું વર્ષો જૂનું સપનું ધીમે ધીમે જ ભલે, પણ પૂરું થઈ રહ્યું હતું. ફિલ્મ પકાઈમાં નાનો રોલ કર્યા પછી તેમને મધુર ભંડારકર અભિનીત ફિલ્મ 'હિરોઈન'માં એક નાનો રોલ મળ્યો.

આ ફિલ્મ પહેલાથી જ ચર્ચામાં હતી. પહેલા તેમાં ઐશ્વર્યા રાય લીડ ભૂમિકા ભજવવાની હતી. કાન ફિલ્મ ફેસ્ટિવલમાં મધુર ભંડારકરે તેની જાહેરાત પણ કરી દીધી હતી, પરંતુ પ્રેગ્નન્સી થયા પછી ઐશ્વર્યાએ ફિલ્મ છોડી દીધી. કાસ્ટિંગમાં ફેરફારને કારણે ફિલ્મનું શૂટિંગ મુલતવી રાખવું પડ્યું અને પછી કરીના કપૂરને સાઈન કરવામાં આવી.

લાંબા સમય પછી આખરે ફિલ્મનું શૂટિંગ શરૂ થયું. મીનાક્ષી રોજ કામ પર નીકળતા પહેલાં માતા સાથે વાત કરતી હતી. મીનાક્ષીની માતા કમલા થાપર, દેહરાદૂનની ફોરેસ્ટ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટમાં કામ કરતી હતી. તેનો એક ભાઈ નવરાજ આર્મીમાં હતો અને તેની પોસ્ટિંગ શ્રીનગરમાં હતી. નાના ભાઈનું નામ વિકી હતું. એક મોટી બહેન હેમુ પણ હતી, જેના લગ્ન અજય થાપર સાથે થઈ ચૂક્યા હતા.

14 માર્ચ 2012 સુધી બધું બરાબર હતું. આખો એક દિવસ પસાર થયો પછી 15 માર્ચે પણ મીનાક્ષીનો ફોન ન આવતા માતાએ સામેથી ફોન કર્યો પણ તેને ન ઉપાડ્યો. માતાને લાગ્યું કે તે વ્યસ્ત હશે, તો તેમણે પણ આ વાતને નજરઅંદાજ કરી દીધી. 16 માર્ચની તારીખ આવી ગઈ, પરંતુ મીનાક્ષીનો ફોન હજુ પણ ન આવ્યો. ફોન કરવા છતાં હજુ પણ કોઈ જવાબ મળી રહ્યો ન હતો. હવે માતાની ગભરામણ વધવા લાગી. તેણે તરત જ પુત્ર નવરાજને તેની જાણ કરી. ભાઈએ પણ મીનાક્ષીનો સંપર્ક કરવાની ઘણી કોશિશો કરી, પરંતુ



કોઈ સમાચાર મળ્યા નહીં.

ઘરના સભ્યો પરેશાન હતા કે 17 માર્ચની બપોરે માતાના મોબાઈલ નંબર પર મીનાક્ષીના નંબર પરથી એક મેસેજ આવ્યો. તેમાં લખ્યું હતું-

જો આ વાતની જાણ પોલીસને કરી તો તમારી દીકરીની અશ્લીલ ફિલ્મો બનાવીને ઈન્ટરનેટ પર મૂકી દેવામાં આવશે અને આખા દેહરાદૂનમાં પણ ફેલાવી દેવામાં આવશે. થોડીવાર પછી તે જ મોબાઈલ નંબર પરથી મીનાક્ષીનો એકાઉન્ટ નંબર પણ આવ્યો, અપહરણકર્તાઓએ તે જ એકાઉન્ટમાં પૈસા નાખવાનું કહ્યું હતું. મીનાક્ષી, દેહરાદૂનના એક મધ્યમવર્ગીય પરિવારમાંથી આવતી હતી. ઘરમાં એટલી કમાણી નહોતી કે તેઓ 15 લાખ જેટલી મોટી રકમ આપી શકે. મીનાક્ષીના ભાઈ પાસે 60 હજાર જ હતા, તેમણે પહેલા 30 હજાર રૂપિયા આપેલા એકાઉન્ટ નંબર પર મોકલ્યા અને પછી સાંજ સુધીમાં બીજા 30 હજાર ટ્રાન્સફર કરી દીધા.

પૈસા આપ્યા પછી તે નંબર પરથી સતત ચેતવણી આપવામાં આવતી રહી કે 15 લાખ રૂપિયા મળ્યા પછી જ તેઓ મીનાક્ષીને છોડશે. જો રકમ નહીં આપવામાં આવે, તો પરિણામ ખરાબ આવશે. ભાઈ અને માતા કોઈપણ ભોગે મીનાક્ષીને સુરક્ષિત જોવા માંગતા હતા. સતત આવતી ચેતવણીઓને ધ્યાનમાં રાખીને, તેમણે પોતાનું ઘર વેચીને ખંડણીની રકમ ચૂકવવાનો નિર્ણય કર્યો. તે પહેલાં, ભાઈ નવરાજે અપહરણકર્તાઓને મેસેજ કર્યો કે તેઓ રકમ આપી દેશે, પરંતુ તે પહેલાં તેઓ મીનાક્ષી સાથે વાત કરવા માંગે છે. આના પર અપહરણકર્તાઓએ જવાબ આપવાનું બંધ કરી દીધું. ભાઈ નવરાજને શંકા ગઈ, તેમણે બહેનના નંબર પર ઘણા કોલ કર્યા, પરંતુ ત્યારે પણ કોઈ જવાબ મળ્યો નહીં.

નવરાજની ચિંતા વધુ વધવા લાગી. તેઓ રજા લઈને સીધા મુંબઈ પહોંચ્યા. તેણે અંબોલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી. પરંતુ પોલીસે કેસને ગંભીરતાથી લીધો નહીં. તપાસમાં ઝડપ લાવવા માટે મીનાક્ષીના ભાઈ નવરાજ, બાલ ઠાકરે પાસે મદદ માંગવા તેની ઓફિસે પહોંચ્યો. તેની બાલ ઠાકરે સાથે તો મુલાકાત થઈ શકી નહીં, પરંતુ ઓફિસના વ્યક્તિએ તેમને કમિશનર પાસે મોકલ્યા. કમિશનર અરુપ પટનાયકને આખી વાર્તા સંભળાવી તો તેમણે મામલાને ગંભીરતાથી લઈને કેસ સીબીઆઈને સોંપી દીધો. ક્રાઈમ બ્રાન્ચની ટીમે મીનાક્ષીના નજીકના મિત્ર આલોક શર્માની પૂછપરછ કરી. આલોકે તેમને જણાવ્યું કે 13 માર્ચે જ મીનાક્ષીને મળ્યા હતા. મીનાક્ષીને કોઈ ફિલ્મની શૂટિંગ માટે શહેરની બહાર જવાનું હતું. તેમના કહેવા પર આલોક તેમને મુંબઈના લોકમાન્ય તિલક ટર્મિનલ સુધી છોડવા ગયા હતા. મીનાક્ષી સ્ટેશનમાં બે મિત્રોને મળી અને તેની સાથે રવાના થઈ ગઈ. તે બે લોકો કોણ હતા અને તે બધા ક્યાં જઈ રહ્યા હતા, તેની આલોકને કોઈ જાણકારી નહોતી. આલોક ઉપરાંત ક્રાઈમ બ્રાન્ચે મીનાક્ષીના બધા મિત્રો અને તેમના લોખંડવાલાના સુરેશ નગર સ્થિત ઘરના પડોશીઓની પણ પૂછપરછ કરી. તપાસ મુજબ, આલોકે જે બે મિત્રો સાથે મીનાક્ષીને સ્ટેશનમાં જોઈ હતી, તે અમિત કુમાર જયસ્વાલ (36 વર્ષ) અને પ્રીતિ એલ્વિન સુરીન (26 વર્ષ) હતા. મીનાક્ષી બે મિત્રો અમિત કુમાર જયસ્વાલ અને પ્રીતિ સુરીનથી ખૂબ નજીક હતી. અમિત અને પ્રીતિ પણ એક્ટર બનવા માટે મહેનત કરી રહ્યા હતા. તે બંને પણ મધુર ભંડારકરની ફિલ્મ હિરોઈનમાં જુનિયર આર્ટિસ્ટ તરીકે કામ કરી રહ્યા હતા.

## રામનવમી પર સિંગર જિગરદાન ગઢવીનું ગુજરાતી ઈન્ડસ્ટ્રીને 'રામ રામ'!

# જીગરાએ પોસ્ટ શેર કરી કહ્યું- 10 વર્ષની યાદગાર સફર બાદ નિવૃત્તિ જાહેર કરું છું



ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રી અને સંગીત પ્રેમીઓ માટે એક ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે. લોકપ્રિય ગુજરાતી ગાયક જિગરદાન ગઢવી ઉર્ફે જીગરા એ સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરીને જાહેરાત કરી છે કે તેઓ હવે ગુજરાતી ફિલ્મોમાં પ્લેબેક સિંગિંગ અને મ્યુઝિક પ્રોજેક્ટ્સમાંથી નિવૃત્તિ લઈ રહ્યા છે.

રામ નવમીના પવિત્ર અવસરે જીગરાએ ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટ શેર કરી હતી. જેમાં તેમણે લખ્યું છે કે- હું અહીં આ માધ્યમથી જાહેર કરું છું કે હવે પછી હું ગુજરાતી ફિલ્મો માટેના પ્લેબેક ગાયન તેમજ તમામ ગુજરાતી લેબલ્સ/યુટ્યુબ ચેનલ્સના મ્યુઝિક પ્રોજેક્ટ્સમાંથી નિવૃત્તિ લઈ રહ્યો છું.

10 વર્ષની યાદગાર સફરનો અંત પોતાની આ પોસ્ટમાં જીગરાએ વિતેલા દાયકાને યાદ કરતા જણાવ્યું હતું કે, છેલ્લા 10 વર્ષનો આ સફર અદ્ભુત રહ્યો છે. તેમણે અત્યાર સુધી મળેલા પ્રેમ અને સપોર્ટ બદલ ચાહકોનો દિલથી આભાર માન્યો હતો. આ અચાનક આવેલી જાહેરાતથી જીગરાના ચાહકો આઘાતમાં છે. પોસ્ટની નીચે આદિત્ય ગઢવી, મલ્હાર ઠાકર અને સિદ્ધાર્થ અમિત ભાવસાર જેવા જાણીતા કલાકારોએ પણ પ્રતિક્રિયા આપી છે. ઘણા ચાહકો કોમેન્ટ સેક્શનમાં દુઃખ વ્યક્ત કરી રહ્યા છે, જ્યારે કેટલાક આ નિર્ણય પાછળનું કારણ જાણવા ઉત્સુક છે. નિવૃતિનું ચોક્કસ કારણ તો હજુ સિંગરે નથી જણાવ્યું, પણ છ દિવસ પહેલાની પોસ્ટ પરથી લાગી રહ્યું છે કે બોલિવૂડમાં ડગ ભરવા માટે તેને ગુજરાતી ઈન્ડસ્ટ્રીનો ત્યાગ આપ્યો છે. અગાઉ જીગરાએ પોસ્ટ શેર કરતાં લખ્યું હતું કે-

મને વારંવાર પૂછવામાં આવે છે કે હું બોલિવૂડમાં કેમ ગાતો નથી. હકીકત એ છે કે, મને હિન્દી ફિલ્મો માટે ગાવાની અને કંપોઝ કરવાની ઘણી તકો મળી છે. પરંતુ દરેક વખતે, એક શરત હતીઃ લાંબા ગાળાનો કોન્ટ્રાકટ, બે આંકડાના વર્ષો સુધી લંબાતા, નવીકરણની શરતો સાથે જે ખરેખર મારા નિયંત્રણમાં ક્યારેય નહોતા. તે સહયોગ જેવું લાગ્યું નહીં - તે મારી કલાની માલિકી છોડી દેવા જેવું લાગ્યું. આજના ઘણા મોટા નામો પ્રસિદ્ધિ મેળવે તે પહેલાં જ, મને એક મહત્વપૂર્ણ વાત સમજાઈ ગઈ, મોટી કોર્પોરેટ સિસ્ટમો હંમેશા કલાકારને પ્રાથમિકતા આપતી નથી તે ઉત્પાદનને પ્રાથમિકતા આપે છે અને હું ક્યારેય એવો બનવા તૈયાર નહોતો. વધુ ઉમેરતાં લખ્યું કે- 'એ અનુભૂતિ જ મને ગુજરાતમાં પાછો લાવ્યો - મારા મૂળમાં પાછો, જ્યાં મારો અવાજ અને દ્રષ્ટિકોણ મારો પોતાનો જ રહી શકે. બાળપણથી જ સંગીત મારું જીવન રહ્યું છે. મેં 7મા ધોરણમાં સંગીત લખવાનું શરૂ કર્યું હતું, અને આજે મારી ક્રિએટિવિટીમાં 3000થી વધુ ગીતો છે. મારા માટે, સંગીત ફક્ત એક વ્યવસાય નથી - તે જીવનભરની સાધના છે. હવે, મને લાગે છે કે હિન્દી અને મલ્ટીપલ લેન્ગવેજના વિવિધ, પ્રતિભાશાળી કલાકારો સાથે ક્લોબ્રેશન કરવાનો આ યોગ્ય સમય છે. તે હંમેશા સ્વપ્ન હતુંઃ મુક્તપણે સર્જન કરવું, સીમાઓ પાર કરીને જોડાવું અને સંગીતને મર્યાદાઓ વિના ઢાળ આપવો.' 'ભૂતકાળમાં, જ્યારે પણ મેં સર્જનાત્મક નિયંત્રણ ખોટા લોકોને સોંપ્યું, ત્યારે સમાધાન થયું જેનાથી મારી કલાનો અનાદર થયો. આ જ કારણ છે કે મેં ગુજરાતી ફિલ્મો માટે કંપોઝ કરવાનું પણ છોડી દીધું. પરંતુ આજે, હું મારા સંગીતને બનાવવા, ક્લોબ્રેશન કરવા અને વિશ્વ સાથે શેર કરવા માટે પહેલા કરતાં વધુ સ્પષ્ટતા સાથે ઉભો છું અને સાથે સાથે હું જે છું તેના પ્રત્યે સાચો રહીશ.'
જીગરા માત્ર ફિલ્મી ગીતો પૂરતા સીમિત નથી, તેમણે ઘણા સિંગલ્સ અને આલ્બમ્સ પણ આપ્યા છેઃ ગોકુળ ની રમઝટઃ ગરબાના શોખીનોમાં આ આલ્બમ ખૂબ જાણીતું છે. વૃંદાવનઃ કૃષ્ણ ભક્તિ અને ગરબાનું સુંદર ફ્યુઝન. હૂં તારી હીરઃ આ આલ્બમ પણ સંગીતપ્રેમીઓમાં ખૂબ ચર્ચાયું હતું. એવોર્ડ્સ અને સિદ્ધિઓ.

## બોક્સઓફિસને માર્ચ એન્ડિંગ ફળ્યું

# 'ધુરંધર 2'એ અઠવાડિયામાં 1000 કરોડ કમાયા, રણવીર સિંહની ફિલ્મે કમાણી મામલે 'પુષ્પા'ની બરાબરી કરી



રણવીર સિંહની ફિલ્મ 'ધુરંધર 2' (ધુરંધરઃ ધ રિવેન્જ) એ સૌથી ઝડપી 1000 કરોડ રૂપિયા કમાવવાના મામલે 'પુષ્પા 2'ની બરાબરી કરી લીધી. બંને ફિલ્મોએ આ આંકડો 7 દિવસમાં પાર કર્યો. જોકે 7 દિવસની કુલ કમાણીમાં 'પુષ્પા 2' આગળ છે, જેણે 1011.65 કરોડ રૂપિયા કમાયા હતા. ધુરંધર 2 દુનિયાભરમાં કમાણીના મામલે 10મી સૌથી વધુ કમાણી કરનારી ભારતીય ફિલ્મ બની ગઈ. 'ધુરંધર'ને દુનિયાભરમાં 1000 કરોડ કમાવવામાં 22 દિવસ લાગ્યા હતા. ટ્રેડ વેબસાઈટ સેકનિલ્ક અનુસાર, રિલીઝના સાતમા દિવસે (બુધવાર) ફિલ્મે ભારતમાં 47.70 કરોડ રૂપિયાનું નેટ કલેક્શન કર્યું. ફિલ્મે દુનિયાભરમાં 1006.50 કરોડ રૂપિયા કમાયા. 'ધુરંધર 2'નું ભારતમાં કુલ નેટ કલેક્શન 623.42 કરોડ રૂપિયા અને ગ્રોસ કલેક્શન 744.58 કરોડ રૂપિયા થયું છે. ગ્રોસ કલેક્શન ટિકિટથી કુલ કમાણી અને નેટ કલેક્શન ટેક્સ પછીની કમાણી હોય છે. વિદેશમાં ફિલ્મે 261.92 કરોડ રૂપિયા કમાવ્યા, જેનાથી વર્લ્ડવાઈડ ગ્રોસ 1006.50 કરોડ રૂપિયા પર પહોંચી ગયું. સાતમા દિવસે ફિલ્મના હિન્દી વર્ઝને 44.00 કરોડ રૂપિયાની સૌથી વધુ કમાણી કરી. જ્યારે, તેલુગુમાં 2.50 કરોડ રૂપિયા, તમિલમાં 0.85 કરોડ રૂપિયા, કન્નડમાં 20 લાખ રૂપિયા અને મલયાલમમાં 15 લાખ રૂપિયાનું કલેક્શન થયું. ધુરંધરના પહેલા ભાગે ભારતની સાથે-સાથે આંતરરાષ્ટ્રીય બોક્સ ઓફિસ પર પણ શાનદાર પ્રદર્શન કર્યું હતું. ફિલ્મે દુનિયાભરમાં લગભગ 1,307 કરોડ રૂપિયાની કમાણી કરી હતી. ભારતમાં ફિલ્મનું ગ્રોસ કલેક્શન 1,005.85 કરોડ રૂપિયા રહ્યું, જ્યારે નેટ કલેક્શન લગભગ 840 કરોડ રૂપિયા થયું. તે જ સમયે, 894.49 કરોડ રૂપિયાની કમાણી સાથે આ હિન્દી ભાષામાં સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ બની. વિદેશી બજારોમાં પણ ફિલ્મ ધુરંધરને જબરદસ્ત પ્રતિસાદ મળ્યો. ઓવરસીઝમાં તેણે લગભગ 299.5 કરોડ રૂપિયાનો કારોબાર કર્યો. ખાસ કરીને અમેરિકા અને કેનેડામાં ફિલ્મે 193.06 કરોડ રૂપિયાથી વધુની કમાણી કરીને બાહુબલી 2નો રેકોર્ડ પણ પાછળ છોડી દીધો હતો. રસપ્રદ વાત એ હતી કે ફિલ્મને ત્યારે પણ શાનદાર સફળતા મળી, જ્યારે તેને ખાડી દેશોમાં રિલીઝ કરવાની મંજૂરી મળી ન હતી. આ ઉપરાંત, ધુરંધર ભારતીય સિનેમાની સૌથી વધુ કમાણી કરનારી 'A' રેટેડ ફિલ્મ પણ બની હતી. છઠ્ઠા દિવસે ફિલ્મના હિન્દી વર્ઝને 52.00 કરોડ રૂપિયાની સૌથી વધુ કમાણી કરી. જ્યારે, તેલુગુમાં 3.10 કરોડ રૂપિયા, તમિલમાં 1.10 કરોડ રૂપિયા, કન્નડમાં 20 લાખ રૂપિયા અને મલયાલમમાં 15 લાખ રૂપિયાનું કલેક્શન થયું. 'ધુરંધર 2'એ ઘણી મોટી બ્લોકબસ્ટર ફિલ્મોના લાઈફટાઈમ કલેક્શનને પાછળ છોડી દીધું છે. ફિલ્મે આમિર ખાનની 'સિક્રેટ સુપરસ્ટાર' (912.75 કરોડ રૂપિયા) અને રણબીર કપૂરની 'એનિમલ' (915 કરોડ રૂપિયા) ને પાર કરી લીધું. ફિલ્મ નિર્માતા આદિત્ય ધરે રણવીર સિંહ અભિનીત તેની ફિલ્મ 'ધુરંધરઃ ધ રીવેન્જ' ના AI-જનરેટેડ અને અન્ય હેરફેર કરેલા વિઝ્યુઅલ્સ ફેલાવનારા વ્યક્તિઓને કડક શબ્દોમાં ટકોર કરી છે.

## :જાસૂસીના શકમાં સર્ચ ઓપરેશન ચલાવવામાં આવ્યાનો દાવો

# 'ધુરંધર'ના કારણે શું પાકિસ્તાનમાં ભિખારીઓ પર કાર્યવાહી?



પાકિસ્તાનમાં ભિખારીઓ વિરુદ્ધ ચાલી રહેલું મોટું પોલીસ ઓપરેશન આ દિવસોમાં સોશિયલ મીડિયા પર અચાનક ચર્ચાનો વિષય બની ગયું. તેનું કારણ માત્ર મોટી સંખ્યામાં ધરપકડો નથી, પરંતુ આ કાર્યવાહીને ભારતીય ફિલ્મ 'ધુરંધર' સાથે જોડીને વાઈરલ કરવામાં આવી રહી છે. સોશિયલ મીડિયા પર દાવો કરવામાં આવી રહ્યો છે કે ફિલ્મમાં રણવીર સિંહના પાત્ર 'હમઝા'નો ખુલાસો થયા પછી પાકિસ્તાનમાં ભિખારીઓ વિરુદ્ધ સ્પેશિયલ સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું. વાઈરલ દાવાઓમાં કહેવામાં આવ્યું કે પોલીસ ભિખારીઓના વેશમાં છુપાયેલા 'રૉ'ના જાસૂસોની શોધ કરી રહી છે. જોકે, ફેક્ટ ચેકમાં આ ખોટું સાબિત થયું અને કોઈ સત્તાવાર સંબંધ મળ્યો નથી. આજ તકના રિપોર્ટ અનુસાર, પાકિસ્તાનમાં ભિખારીઓ વિરુદ્ધ સર્ચ ઓપરેશન વર્ષ 2025થી ચાલુ છે. પોલીસ અને એજન્સીઓ રસ્તાઓથી એરપોર્ટ સુધી કાર્યવાહી કરી રહી છે. લગભગ 66,000 લોકોની અટકાયત કરવામાં આવી, હજારો પાસપોર્ટ સસ્પેન્ડ થયા અને ઘણા લોકોને ખાડી દેશોમાંથી ડિપોર્ટ કરવામાં આવ્યા. તપાસમાં સામે આવ્યું કે ભિખારીઓ પાછળ સંગઠિત નેટવર્ક કામ કરી રહ્યા હતા. આમાં બાળકો અને મહિલાઓનો ઉપયોગ કરીને પૈસા કમાવનાર ગેંગ સામેલ હતી. કેટલાક કિસ્સાઓમાં તેનો સંબંધ ચોરી અને ડ્રગ્સ સાથે પણ જોડાયેલો જોવા મળ્યો. સોશિયલ મીડિયા પર આ કાર્યવાહીના વીડિયો વાઈરલ થયા, જેમાં પોલીસ ટીમો ભિખારીઓ અને શંકાસ્પદોને પકડતી દેખાઈ રહી છે. આ જ વીડિયોને ભારતીય ફિલ્મ 'ધુરંધર' સાથે જોડીને દાવો કરવામાં આવ્યો કે ફિલ્મમાં રણવીર સિંહના પાત્રને કારણે આ ઓપરેશન શરૂ થયું. જોકે, આ કનેક્શન માત્ર સોશિયલ મીડિયા પર બનાવવામાં આવેલો નેરેટિવ છે. કોઈપણ સત્તાવાર સ્ત્રોતે ફિલ્મ અને આ ઓપરેશન વચ્ચે સંબંધની પુષ્ટિ કરી નથી. સરકારનું કહેવું છે કે આ અભિયાનનો ઉદ્દેશ્ય શહેરોને ભિખારી-મુક્ત બનાવવા, માનવ તસ્કરી પર રોક લગાવવી અને દેશની આંતરરાષ્ટ્રીય છબી સુધારવી છે. હવે કાર્યવાહીનું ધ્યાન ગેંગ ચલાવનારાઓ પર છે. ઈન્ટેલિજન્સ સિસ્ટમ અને સેફ સિટી કેમેરાની મદદથી આ નેટવર્ક્સને ટ્રેક કરવામાં આવી રહ્યા છે. નિષ્ણાતોના મતે, સમસ્યાનું મૂળ ગરીબી અને બેરોજગારી છે, તેથી માત્ર ધરપકડ જ નહીં, પરંતુ પુનર્વસન પણ જરૂરી છે.

## પતિ પર ટોર્ચરના ગંભીર આરોપો લગાવી ચૂકી છે

# સેલિના જેટલી કહ્યું- મહિનાઓથી દીકરાઓનો અવાજ સાંભળ્યો નથી:બાળકોના 14મા જન્મદિવસ પર ઈમોશનલ પોસ્ટ કરી

બોલિવૂડ એક્ટ્રેસ સેલિના જેટલી આ સમયે પોતાના જીવનના સૌથી મુશ્કેલ તબક્કામાંથી પસાર થઈ રહી છે. એક તરફ જ્યાં તે પતિ પીટર હાગથી છૂટાછેડા અને બાળકોની કસ્ટડી માટે કાનૂની લડાઈ લડી રહી છે, ત્યાં જ તેના ભાઈ પણ યુએઈ સરકારની કસ્ટડીમાં છે. આ તણાવ વચ્ચે સેલિના પોતાના જોડિયા પુત્રોને યાદ કરીને ભાવુક થઈ ગઈ. તેણે સોશિયલ મીડિયા પર એક ભાવનાત્મક પોસ્ટ શેર કરીને જણાવ્યું કે તે મહિનાઓથી પોતાના બાળકોનો અવાજ પણ સાંભળી શકી નથી. થોડા મહિના પહેલા ભારતમાં પાછા ફર્યા પછી, સેલિનાએ મુંબઈની એક અદાલતમાં પીટર વિરુદ્ધ ઘરેલું હિંસા અને મારપીટનો કેસ દાખલ કર્યો હતો. એક્ટ્રેસે પતિ પર શારીરિક, જાતીય અને ભાવનાત્મક શોષણના ગંભીર આરોપો લગાવ્યા છે. સેલિનાનો દાવો છે કે પીટર તેના પર કંપનીના ડિરેક્ટરો સાથે સંબંધ બાંધવા અને પ્રાઈવેટ પાર્ટમાં સળિયો



નાખવા સુધીની ધમકી આપતો હતો.

50 કરોડનું વળતર અને બાળકોની કસ્ટડીની માંગ કાનૂની લડાઈમાં સેલિનાએ પતિ પાસેથી 50 કરોડ રૂપિયાનું વળતર અને દર મહિને 10 લાખ રૂપિયા ભરણપોષણની માંગ કરી છે. આ સાથે જ તે પોતાના ત્રણેય પુત્રો વિન્સ્ટન, વિરાજ અને આર્થરની કસ્ટડી પણ ઈચ્છે છે. હાલમાં આ ત્રણેય બાળકો પોતાના પિતા સાથે ઑસ્ટ્રિયામાં રહી રહ્યા છે. સેલિનાએ પોતાની પોસ્ટમાં લખ્યું કે તે જે કંઈ પણ કરી રહી છે, પોતાના બાળકોના ભવિષ્ય અને પરિવારને ફરીથી એક કરવા માટે કરી રહી છે. 14મા જન્મદિવસ પર ચહેરો જોઈ શકી નહીં સેલિનાના જોડિયા પુત્રો વિન્સ્ટન અને વિરાજનો 14મો જન્મદિવસ છે, પરંતુ એક્ટ્રેસ તેનાથી કોસો દૂર છે. ઈન્સ્ટાગ્રામ પર બાળકો સાથે જૂની તસવીર શેર કરતા તેણે લખ્યું, મારા પ્રિય વિન્સ્ટન અને વિરાજ, જન્મદિવસની શુભેચ્છાઓ. મેં ક્યારેય વિચાર્યું ન હતું કે હું તમારી પાસે નહીં રહી શકું.

આટલા મહિનાઓથી તમારો અવાજ સાંભળ્યો નથી અને ન તો તમારો ચહેરો જોઈ શકી છું. એક માતા પોતાના બાળકોને ઉછેરવા માટે ઘણું સહન કરે છે, આજે હું તે પીડાને મારા દરેક શ્વાસમાં અનુભવી રહી છું. પતિ પર ગંભીર આરોપો લગાવ્યા

સેલિના અને તેમના પતિ પીટર હાગ વચ્ચેનો વિવાદ ઘણો ઊંડો બન્યો છે. થોડા મહિના પહેલા ભારતમાં પાછા ફર્યા પછી, સેલિનાએ મુંબઈની એક અદાલતમાં પીટર વિરુદ્ધ ઘરેલું હિંસા અને મારપીટનો કેસ દાખલ કર્યો હતો. એક્ટ્રેસે પતિ પર શારીરિક, જાતીય અને ભાવનાત્મક શોષણના ગંભીર આરોપો લગાવ્યા છે. સેલિનાનો દાવો છે કે પીટર તેના પર કંપનીના ડિરેક્ટરો સાથે સંબંધ બાંધવા અને પ્રાઈવેટ પાર્ટમાં સળિયો નાખવા સુધીની ધમકી આપતો હતો.

50 કરોડનું વળતર અને બાળકોની કસ્ટડીની માંગ કાનૂની લડાઈમાં સેલિનાએ પતિ પાસેથી 50 કરોડ રૂપિયાનું વળતર અને દર મહિને 10 લાખ રૂપિયા ભરણપોષણની માંગ કરી છે. આ સાથે જ તે પોતાના ત્રણેય પુત્રો વિન્સ્ટન, વિરાજ અને આર્થરની કસ્ટડી પણ ઈચ્છે છે. હાલમાં આ ત્રણેય બાળકો પોતાના પિતા સાથે ઑસ્ટ્રિયામાં રહી રહ્યા છે. સેલિનાએ પોતાની પોસ્ટમાં લખ્યું કે તે જે કંઈ પણ કરી રહી છે, પોતાના બાળકોના ભવિષ્ય અને પરિવારને ફરીથી એક કરવા માટે કરી રહી છે.